અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ જાન્યુઆરી ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૬ | અંક : ૧૯૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

સ્પેસ ડોકીંગમાં સફળતા મેળવવા બદલ ઈસરોને મોદીએ અભિનંદન આપ્યા | મન કી બાતમાં મોદીએ ગણતંત્ર દિવસની ૭૫મી વર્ષગાંઠનો પણ ઉલ્લેખ કર્યો

# વડાપ્રધાન મોદીએ મહાકુંભના આયોજનને ઐતિહાસિક ગણાવ્યું



| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષના પહેલા મન કી બાત કાર્યક્રમને સંબોધિત કર્યુ છે. આ મન કી બાતનો ૧૧૮મો એપિસોડ છે. વાસ્તવમાં, મન કી બાતનો કાર્યક્રમ દર મહિનાના છેલ્લા રવિવારે યોજાય છે પરંતુ આ વર્ષે પ્રજાસત્તાક દિવસ છેલ્લા રવિવારે હોવાથી, મન કી બાતનો કાર્યક્રમ આજે યોજાઈ રહ્યો છે. આ દરમિયાન પીએમ મોદીએ મહાકુંભના આયોજનને ઐતિહાસિક ગણાવ્યું અને સ્પેસ ડોકીંગમાં સફળતા મેળવવા બદલ ઈસરોને અભિનંદન આપ્યા છે.

મન કી બાતમાં પીએમ મોદીએ ગણતંત્ર દિવસની ૭૫મી વર્ષગાંઠનો પણ ઉલ્લેખ કર્યો. પીએમ મોદીએ કહ્યું, “આ વખતનો પ્રજાસત્તાક દિવસ ખૂબ જ ખાસ છે.’ આ ભારતીય પ્રજાસત્તાકની ૭૫મી વર્ષગાંઠ છે. આ વર્ષે બંધારણના અમલીકરણની ૭૫મી વર્ષગાંઠ છે. હું બંધારણ સભાના તે તમામ હસ્તીઓને નમન કરું છું જેમણે આપણને આપણું પવિત્ર બંધારણ આપ્યું.” પીએમ મોદીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ પર કહ્યું કે, ‘રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૫ જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે, આ દિવસે ભારતના ચૂંટણી પંચની સ્થાપના થઈ હતી.’ વર્ષોથી, ચૂંટણી પંચે આપણી મતદાન પ્રક્રિયાને સતત આધુનિક અને મજબૂત બનાવી છે, જેનાથી દરેક પગલે લોકશાહી સશક્ત બની છે. મહાકુંભ વિશે તેમણે કહ્યું, ‘કુંભ’, ‘પુષ્કર’ અને ‘ગંગા સાગર મેળો’ - આપણા આ તહેવારો એવા તહેવારો છે જે આપણી સામાજિક ક્રિયાપ્રતિક્રિયા, સંવાદિતા અને એકતાને વધારે છે. આ તહેવારો ભારતના લોકોને ભારતની પરંપરાઓ સાથે જોડે છે. તેમણે કહ્યું, “અવિસ્મરણીય ભીડ, અકલ્પનીય દ્રશ્ય અને સમાનતા અને સંવાદિતાનો અસાધારણ સંગમ, આ વખતે કુંભમાં ઘણા દિવ્ય યોગ પણ રચાઈ રહ્યા છે. આ તહેવાર વિવિધતામાં એકતાનો ઉત્સવ છે. ફક્ત ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના લોકો આ દિવસે ભેગા થાય છે.” સંગમની રેતી. હજારો વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં કોઈ ભેદભાવ કે જાતિવાદ નથી. કુંભ ભારતના લોકોને પરંપરાઓ સાથે જોડે છે."





## વડાપ્રધાનનો ભત્રીજો મહાકુંભમાં પહોંચ્યો, પંકજ મોદીના પુત્રની સાદગીના સોશિયલ મીડિયા પર વખાણ

**પ્રધાનમંત્રી મોદીની સાદગીની ચારેતરફ ચર્ચા છે. ત્યારે તેમના પરિવારની સાદગીના પણ એટલા જ વખાણ થાય છે. આવામાં વડાપ્રધાનના ભત્રીજા સચિન મોદીને મહાકુંભનો રંગ લાગ્યો છે. સચિન મોદી મહાકુંભના મેળામાં સામાન્ય વ્યક્તિની જેમ નીચે બેસીને ભજનમાં મગ્ન થયા હતા. તેમણે મિત્રો સાથે પ્રયાગરાજમાં કબીરના ભજનો લલકાર્યા. સચિન મોદી પીએમના સૌથી નાના ભાઈ પંકજ મોદીના પુત્ર છે. પંકજ મોદી હાલ પરિવાર સાથે મહાકુંભ પહોંચ્યા છે. સોશિયલ મીડિયા પર સચિનનો વીડિયો વાયરલ થયો છે. સોશિયલ મીડિયા પર સાદગીના લોકોએ વખાણ કર્યા. યુપીના પ્રયાગરાજમાં મહાકુંભની ભવ્ય શરૂઆત થઈ ગઈ છે. અત્યાર સુધીમાં કરોડો ભક્તો સંગમમાં સ્નાન કરી ચૂક્યા છે અને આ સિલસિલો ચાલુ છે. આ દરમિયાન મહાકુંભના ઘણા વીડિયો પણ સામે આવી રહ્યા છે, જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. આવો જ એક વીડિયો પીએમ મોદીના ભત્રીજાનો પણ છે. પીએમ મોદીના ભત્રીજા સચિન પંકજભાઈ મોદી પણ કુંભ મેળામાં પહોંચ્યા છે. તે વ્યવસાયે કોમ્પ્યુટર એન્જિનિયર છે પરંતુ તેને ભજન ગાવાનો શોખ છે. સચિન તેના બે મિત્રો સાથે મહાકુંભમાં પહોંચ્યો છે અને આ મિત્રો વ્યવસાયે સીએ છે. સચિન અને તેના મિત્રોના જે વીડિયો સામે આવ્યા છે તેમાં જોઈ શકાય છે કે તેઓ મહાકુંભ મેળામાં ભજન ગાઈ રહ્યા છે અને યુવાનોમાં સનાતન ધર્મ પ્રત્યે ઉત્સાહ જગાડી રહ્યા છે. સચિનને ધાર્મિક ગીતો ગાવામાં પહેલેથી જ રસ છે. તેણે તેના મિત્રો સાથે એક ભજન ગ્રુપ પણ બનાવ્યું છે અને દર શનિવારે તે તેના ગ્રુપ સાથે અમદાવાદ અને ગાંધીનગરના અલગ-અલગ કાફેમાં જાય છે અને હનુમાન ચાલીસા અને ભજન ગાય છે અને યુવાનોને પોતાની સાથે જોડે છે.**

નાઈજીરીયામાં એક મોટી આગનો બનાવ બન્યો

## નાઈજીરીયામાં થયેલા ભીષણ અગ્નિકાંડમાં ૭૦ લોકોના મોત

### એક ટેન્કરમાંથી બીજા ટેન્કરમાં ગેસ ટ્રાન્સફર કરતી વખતે આ વિસ્ફોટ થયો જેમાં જીવતા લોકો બળીને ભડથું થયા

| (એજન્સી) નાઈજીરીયા, તા.૧૯ |

નાઈજીરીયા દેશમાં એક મોટી આગનો બનાવ બન્યો છે. જેમાં ગેસોલીનથી ભરેલા ટેક્રરમાં અચાનક વિસ્ફોટ થતાં જોરદાર આગ લાગી હતી, જેમાં ૭૦ લોકોના કરૂણ મોત થયા છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નેશનલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીના ચીફ હુસૈની ઈસાએ આગની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે આ અકસ્માત ઈંધણ ટ્રાન્સફર દરમિયાન થયો હતો. નોર્થ-સેન્ટરમાં શનિવારે સવારે નાઈજર રાજ્યના સુલેજા વિસ્તાર પાસે એક ટેક્રરમાં લાગેલી આગને જોઈને લોકોમાં ડરનો માહોલ બન્યો છે. કેટલાક લોકો જનરેટરનો ઉપયોગ કરીને એક ટેક્રરમાંથી બીજા ટેક્રરમાં ગેસોલીન ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે ટેક્રરમાં વિસ્ફોટ થયો અને આગ લાગી. જેના કારણે ગેસોલીન ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કરી રહેલા લોકો જીવતા સળગી ગયા હતા. આગ નજીક ઉભેલા લોકોને પણ લપેટમાં લીધી હતી. જોત જોતામાં આ વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

નાઈજરના ગવર્નર મોહમ્મદ બાગોએ આ અકસ્માત અંગે પ્રતિક્રિયા આપી છે.



તેમણે કહ્યું કે નાઈજર સ્ટેટના ડિક્કો વિસ્તારમાં ગેસોલિન ટેક્રરમાંથી ઈંધણની ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો ત્યારે અચાનક વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ બાદ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં લગભગ ૭૦ લોકોના મોત થયા છે. પોલીસ અને ફાયર બ્રિગેડે આવીને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી. પોલીસે સ્થળ પર જ ફાટી નીકળેલી અરાજકતાને કાબૂમાં લીધી હતી. ફાયર બ્રિગેડે આગ ઓલવવામાં સફળતા મેળવી હતી.

આગ બુઝાવ્યા બાદ પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. ઘાયલોને પણ નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ વિભાગ અને વહીવટીતંત્રના અધિકારીઓ અને સરકારી અધિકારીઓ અકસ્માત સ્થળે પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### સૈફના પરિવારે હોસ્પિટલને માહિતી જાહેર ન કરવા જણાવ્યું

| મુંબઈ, તા.૧૯ |

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર બે દિવસ પહેલા તેના ઘરે છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. સૈફ પર હુમલો કરનાર આરોપીને પોલીસ હજુ સુધી શોધી શકી નથી. હુમલાને ૬૦ કલાકથી વધુ સમય વીતી ગયો છે. પરંતુ હજુ સુધી પોલીસ આરોપીઓને પકડી શકી નથી. બીજી તરફ સૈફની તબિયતમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે. તેની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. હુમલાખોરે સૈફ પર છરી વડે છ વાર કર્યા હતા. આ પછી સૈફ રિક્ષા દ્વારા લીલાવતી હોસ્પિટલ પહોંચ્યો હતો. ત્યાં તેની સર્જરી થઈ. છ કલાકની સર્જરી બાદ સૈફની પીઠમાંથી છરીનો ટુકડો કાઢી નાખવામાં આવ્યો હતો. સૈફ હાલ હોસ્પિટલના એક સ્પેશિયલ રૂમમાં દાખલ છે.

### કટિહારમાં ૧૮ લોકોને લઈને જતી બોટ પલટી જતા ત્રણના મોત

| કટિહાર, તા.૧૯ |

બિહારના કટિહારમાં ગંગા નદીના ગોલાઘાટ નજીક બોટ ડૂબી જતાં તેમાં સવાર ત્રણ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે સાત લોકો ગુમ છે. સ્થાનિક લોકોએ જણાવ્યા પ્રમાણે, આ બોટમાં લગભગ ૧૮ લોકો સવાર હતા. ક્ષમતા કરતાં વધુ લોકો સવાર થતાં બોટ પલટી ખાઈ ગઈ હતી. રવિવાર સવારે સાત વાગ્યે બુધનગર અને કિશનપુરના રહેવાસીઓ નાનકડી બોટમાં સવાર થઈ પડોશી રાજ્ય ઝારખંડના સાહિબગંજમાં બાસકોલ સ્થિત સંબંધીના ઘરે જઈ રહ્યા હતા.

પાર્ટીની સંગઠનાત્મક ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે

## ભાજપને જલ્દી મળશે નવા રાષ્ટ્રીય અધ્યક્ષ, તારીખ લગભગ નક્કી

### નડ્ડા દિલ્હી ચૂંટણી સુધી ભાજપની કમાન સંભાળશે, તેમનો અધ્યક્ષ કાર્યકાળ જાન્યુઆરી-૨૪માં સમાપ્ત થઈ ગયો હતો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ |

ભારતીય જનતા પાર્ટી પોતાના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી દિલ્હી વિધાનસભા ચૂંટણી બાદ કરશે. સૂત્રોએ કહ્યું કે પાર્ટીના અધ્યક્ષની ચૂંટણી ૧૦ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી વચ્ચે થવાની સંભાવના છે. વર્તમાન અધ્યક્ષ જેપી નડ્ડા દિલ્હી ચૂંટણી સુધી ભાજપની કમાન સંભાળશે. તેમનો અધ્યક્ષ કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૪માં સમાપ્ત થઈ ગયો હતો, પરંતુ લોકસભા ચૂંટણીને કારણે નડ્ડાનો કાર્યકાળ એક વર્ષ માટે વધારી દેવામાં આવ્યો હતો.

ભાજપની સંગઠનાત્મક ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રાષ્ટ્રીય પરિષદ અને રાજ્ય પરિષદના સભ્યોની પસંદગી બાકી છે. રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પહેલા રાજ્યો એકમમાં ઓછામાં ઓછા ૫૦ ટકાએ પોતાના સંગઠનની ચૂંટણી સમાપ્ત કરવી પડશે. અત્યાર સુધી માત્ર ચાર રાજ્યોએ પોતાના રાજ્ય અધ્યક્ષોની ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરી છે. ભાજપ નેતાઓ અનુસાર, સંગઠનાત્મક ચૂંટણી પોતાના નિર્ધારિત સમય પર થઈ રહી છે અને સમય પર પૂર્ણ થઈ જશે. ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રમુખ મોહન ભાગવતની મંજૂરીથી થશે. આ રેસમાં ઘણા નામ અત્યાર સુધી સૂત્રો દ્વારા સામે આવ્યા છે. પરંતુ ભાજપ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની રેસમાં કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર, શિવરાજ સિંહ ચૌહાણ અને પાર્ટી મહાસચિવ વિનોદ તાવડેના અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની સાથે ભૂપેન્દ્ર યાદવમાંથી કોઈ એકની સંભાવના પ્રબળ છે.

ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવના નામ પાછળા સંગઠનાત્મક ચૂંટણીમાં પણ ચર્ચામાં હતા, પરંતુ અંતે આ જવાબદારી જેપી નડ્ડાને સોંપવામાં આવી હતી. આ ત્રણેય નેતા પાર્ટીની અંદર પોતાના કામની મદદથી અનુભવ મેળવી ચૂક્યા છે. ભૂપેન્દ્ર યાદવ રાજસ્થાનથી છે. તો ધર્મેન્દ્ર પ્રધાન ઓડિશાથી આવે છે. વિનોદ તાવડે મહારાષ્ટ્રથી છે. ત્રણેય નેતાઓને અમિત શાહના નજીકના માનવામાં આવે છે.

પાર્ટીના બંધારણ પ્રમાણે તેને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવી શકાય છે જે ઓછામાં ઓછા ૧૫ વર્ષથી પાર્ટીના સભ્ય હોય. આ પહેલા ૨૦૧૦થી ૨૦૧૩ સુધી સંગઠનની કમાન નીતિન ગડકરી પાસે હતી. રાજનાથ સિંહ ૨૦૦૫થી ૨૦૦૯ સુધી અને પછી ૨૦૧૩થી ૨૦૧૪ સુધી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રહ્યાં. ૨૦૧૪થી ૨૦૨૦ સુધી અમિત શાહે ભાજપની કમાન સંભાળી હતી.

### શાસ્ત્રી બ્રિજ નજીક ટેન્ટમાં આગ, ફાયર વિભાગે તાત્કાલિક કાબુ મેળવી લીધો

| પ્રયાગરાજ, તા.૧૯ |

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે હાલમાં મહાકુંભ મેળામાં શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું છે. આ મેળામાં દેશ-વિદેશથી લોકો પહોંચી રહ્યા છે. એવામાં મહાકુંભના સેક્ટર ૧૯ નગરમાં ટેન્ટમાં ભીષણ આગની ઘટના બની હતી. આગની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાનું કામ શરૂ કરી દીધું હતું. ફાયર વિભાગની શાનદાર કામગીરીને લઈને ટૂંક જ સમયમાં આગ પર કાબૂ મેળવી લેવાયો છે. મળતી માહિતી મુજબ, મહાકુંભમાં સેક્ટર ૧૯માં ગીતા પ્રેસ ગોરખપુરના કેમ્પમાં આગ લાગી હતી. ભીષણ આગની ઘટનાથી ૨૦ થી ૨૫ ટેન્ટ બળી ગયા છે. ટેન્ટમાં મૂકવામાં આવેલાં સિલેન્ડર સતત બ્લાસ્ટ થઈ રહ્યા હતાં.

લોકોએ જાહેરમાં રેલી કાઢી

## ટ્રમ્પના શપથ ગ્રહણ પહેલા જ લોકોએ કર્યું વિરોધ પ્રદર્શન

### પીપુલ્સ માર્ચના બેનર હેઠળ આ વિરોધ પ્રદર્શન કરાયું લોકોએ વોશિંગ્ટનમાં જાહેરમાં રેલી કાઢીને પ્રદર્શન કર્યું

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ |

૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણના બે દિવસ પહેલા દેશભરમાંથી હજારો લોકો અમેરિકાની રાજધાનીમાં એકઠા થયા હતા. ૭૮ વર્ષીય ટ્રમ્પ મંગળવારે ૮૨ વર્ષીય જો બાઈડેનનું સ્થાન લેશે.

પીપલ્સ માર્ચના બેનર હેઠળ, વિવિધ સંગઠનોના ગઠબંધને અહીં ટ્રમ્પની નીતિઓ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારંભના બે દિવસ પહેલા હજારો મહિલા વિરોધીઓએ શનિવારે વોશિંગ્ટન ડીસીના રસ્તાઓ પર રેલી કાઢી હતી. રેલી માટે લિંકન મેમોરિયલ તરફ કૂચ કરતા પહેલા વિરોધીઓ ત્રણ પાર્કમાં એકઠા થયા હતા. પીપલ્સ માર્ચ ૨૦૧૭થી દર વર્ષે



વિરોધ પ્રદર્શનનું આયોજન કરે છે. તેની વેબસાઈટ અનુસાર, જૂથોના ગઠબંધને ‘ટ્રમ્પવાદ’નો સામનો કરવાના ઉદ્દેશ્ય સાથે આંદોલનનું આયોજન કર્યું હતું.

દેશના અન્ય ભાગોમાં ન્યૂયોર્ક સિટી અને સિએટલમાં ટ્રમ્પ વિરુદ્ધ નાના વિરોધ પ્રદર્શનો થયા હતા. ટ્રમ્પ વિરોધી પોસ્ટરો અને બેનરો પ્રદર્શિત કરીને, વિરોધીઓએ આગામી પ્રમુખ અને ટેસ્લાના માલિક ઈલોન મસ્ક સહિત તેમના કેટલાક નજીકના સમર્થકો વિરુદ્ધ પણ સૂત્રોચ્ચાર કર્યા હતા.

સૈફ અલી ખાન પર થયેલા હુમલાનો મામલો

## મુંબઈ પોલીસે મુખ્ય આરોપી હુમલાખોરને પકડી પાડ્યો

| (એજન્સી) મુંબઈ, તા.૧૯ |

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર થયેલા હુમલા મામલે મુંબઈ પોલીસે મુખ્ય આરોપી હુમલાખોરને પકડી પાડ્યો છે. પોલીસે આરોપીનું સાચું નામ જાહેર કરતાં જણાવ્યું કે તે મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેજાદ છે. તે બાંગ્લાદેશી હોવાની આશંકા છે કેમ કે તેની પાસે કોઈ ભારતીય પુરાવા નથી. તે પોતાની ઓળખ છુપાવવા માટે વિજય દાસ, બિજોય દાસ કે પછી BJ તરીકે પોતાની ઓળખ આપી રહ્યો હતો. હાલમાં તેની ધરપકડ કરી ખાર પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો છે. મુંબઈ પોલીસના ડીસીપીએ કહ્યું હતું કે આરોપીએ કબૂલ્યું છે કે તે ચોરીના ઈરાદે જ ઘરમાં ઘૂસ્યો હતો. તેને ખબર નહોતી કે આ સૈફ અલી ખાનનું ઘર છે. પ્રાથમિક અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે આરોપી પોતાનું નામ બિજોય દાસ કે પછી મોહમ્મદ ઈલિયાસ જેવા નામો આપી રહ્યો હતો. જોકે પોલીસે પૂછપરછ બાદ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે પકડાયેલો આ આરોપી બાંગ્લાદેશનો વતની હોઈ શકે છે અને તે ૫-૬ મહિના પહેલાં જ તે મુંબઈ આવ્યો હોવાની ચર્ચા છે. મોડી રાતે લગભગ ૧૦૦ જેટલી ટુકડી સાથે કાર્યવાહી કરતાં પોલીસે થાણેના હીરાનંદાણી એસ્ટેટની નજીક બનેલા લેબર કેમ્પ નજીક આવેલી ઝાડીઓમાંથી તેને પકડી પાડ્યો હતો. મેજિસ્ટ્રેટ કોર્ટે આરોપી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદને ૫ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. ફરિયાદ પક્ષે મેજિસ્ટ્રેટ પાસે ૧૪ દિવસની પોલીસ કસ્ટડી માગી હતી પરંતુ ફક્ત ૫ દિવસની કસ્ટડી મંજૂર રખાઈ હતી. મુંબઈ પોલીસના તપાસ અધિકારીએ મેજિસ્ટ્રેટને જણાવ્યું કે આરોપી સૈફ અલી ખાનના ઘરમાં ગેરકાયદેસર રીતે ઘૂસ્યો અને અભિનેતા અને અન્ય બે લોકો પર છરી વડે ૬ વાર હુમલો કર્યો હતો.

EPFOનો મોટો નિર્ણય

## હવે કર્મચારી જાતે પીએફ (PF) ઓનલાઈન ટ્રાન્સફર કરી શકશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ |

નિવૃત્ત થતાં કર્મચારીના પ્રોવિડન્ટ ફંડનું ખાતું ૫ હેલી ઓક્ટોબરથી ૨૦૧૭થી કે તે પહેલાથી આધાર કાર્ડ સાથે લિન્ક થયેલું હશે તો તે ઓનલાઈન પ્રોસેસ કરીને તેના પ્રોવિડન્ટ ફંડના નાણાં તેની બેંકના ખાતામાં જમા મેળવી શકશે. ઈપીએફ ખાતાનું ઈ-કેવાયસી કરાવીને માલિકની દરમિયાનગીરીની વગર ફક્ત આધાર ઓટીપી વડે તેમનું ઈપીએફ ભંડોળ ઓનલાઈન ટ્રાન્સફર કરી શકે છે.

નિવૃત્ત થતાં કર્મચારીઓ જૂની કંપનીના કે નવી કંપનીના માલિક પાસેથી તેને માટે મંજૂરી મેળવવાની જરૂર રહેશે નહિ. હા તેના આધારકાર્ડમાં અને કંપનીમાં રજિસ્ટર થયેલા નામ, જન્મતારીખ કે પછી જાતિ (સ્ત્રી કે પુરુષ)માં કોઈ ફેરફાર નહિ દેખાય તો તેમની ઓનલાઈન અરજીને પ્રોવિડન્ટ ફંડ કચેરી માન્ય કરી દેશે. પ્રોવિડન્ટ ફંડની રકમ ઉપાડવાની અરજી કર્યા પછી સાત જ દિવસમાં તેને માટેની માન્યતા મળી જશે. આ વ્યવસ્થા અમલમાં આવતા નિવૃત્ત થતાં કર્મચારીઓ પોતાની જૂની કે નવી કંપનીના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટના અધિકારીઓને કે પછી કંપનીના માલિકોને વિનંતી કરતાં ફરવું પડશે નહિ. તેમની મંજૂરી લેવાની વ્યવસ્થા જ આ સાથે નીકળી જશે.

પ્રોવિડન્ટ ફંડ કચેરીએ ૧૫મી અને ૧૬મી જાન્યુઆરીએ કરેલા બે પરિપત્રને કારણે આ શક્ય બન્યું છે. તેથી જ પ્રોવિડન્ટ ફંડના નાણાં છૂટા કરાવવા માટે કંપનીના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટને પ્રોસેસ કરાવીને કંપનીના માલિકની સહી મેળવવાની જફા કરવી પડશે નહિ. તેમ જ પ્રોવિડન્ટ ફંડના અધિકારીઓ પાસે આંટાફેરા કરવાની ફરજ પડશે નહિ. આમ બે પરિપત્ર કરીને પ્રોવિડન્ટ ફંડના નાણાં મેળવી લેવાની સમગ્ર પ્રક્રિયાને આ સાથે જ સરળ બનાવી દેવામાં આવી છે.

## સામાન્ય અભ્યાસ'નો એક જ અભ્યાસક્રમ તમામ ભરતી પરીક્ષાઓ માટે લાગુ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત જાહેર સેવા આયોગ ની પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે એક મહત્વપૂર્ણ અને રાહતના સમાચાર સામે આવ્યા છે. GPSCના ચેરમેન હસમુખ પટેલે જાહેરાત કરી છે કે હવેથી આયોગ દ્વારા લેવામાં આવતી તમામ ભરતીઓની પ્રાથમિક પરીક્ષા માટે એક જ અભ્યાસક્રમ રહેશે, જે 'સામાન્ય અભ્યાસ' તરીકે ઓળખાશે.

અગાઉ, GPSC દ્વારા જાહેર કરવામાં આવતી ક્લાસ ૧-૨ અને ૩ની વિવિધ ભરતીઓની પ્રાથમિક પરીક્ષાનો અભ્યાસક્રમ અલગ-અલગ હતો. આના કારણે ઉમેદવારોને દરેક પરીક્ષા માટે અલગથી તૈયારી કરવી પડતી હતી, જેમાં સમય અને મહેનતનો વ્યય થતો હતો. હવે આ મુશ્કેલી દૂર થઈ ગઈ છે. આયોગ દ્વારા ઉમેદવારોની સગવડતાને ધ્યાનમાં રાખીને તમામ ભરતીની પ્રાથમિક પરીક્ષાઓ માટે એક જ 'સામાન્ય અભ્યાસ'નો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે.

'સામાન્ય અભ્યાસ' વિષયનો નવો અભ્યાસક્રમ GPSCની સત્તાવાર વેબસાઈટ ojas.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. ઉમેદવારો વેબસાઈટ પર જઈને વિગતવાર માહિતી મેળવી શકે છે. આ જાહેરાત બાદ ઉમેદવારો હવે વધુ ઉત્સાહથી પરીક્ષા માટે ફોર્મ ભરી શકશે, કારણ કે હવે તેમને દરેક પરીક્ષા માટે અલગ-અલગ તૈયારી કરવાની જરૂર નહીં રહે. એક જ અભ્યાસક્રમ હોવાથી તેઓ એક પરીક્ષાની તૈયારી સાથે અન્ય પરીક્ષાઓની પણ તૈયારી કરી શકશે, જેનાથી તેમના સમયનો સદુપયોગ થશે અને સફળતાની શક્યતાઓ વધશે. આ ઉપરાંત, ઉમેદવારો GPSCની સાથે અન્ય બોર્ડ કે કોર્પોરેશનની પરીક્ષાની પણ તૈયારી એકસાથે કરી શકશે.

GPSCના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું કે, ''આયોગ દ્વારા GPSCની ભરતીની પ્રાથમિક પરીક્ષાના અભ્યાસક્રમમાં સામાન્ય ફેરફારો કરીને પરીક્ષાઓ માટે સામાન્ય અભ્યાસનો એક જ અભ્યાસક્રમ તૈયાર કરાયો છે. જેથી GPSCની તમામ ભરતીની પરીક્ષાઓ આપતા ઉમેદવારોને અલગ-અલગ અભ્યાસક્રમ પ્રમાણે તૈયારી કરવાની થશે નહીં. હવે એક જ અભ્યાસક્રમ હોવાથી ઉમેદવારો અગાઉથી તૈયારી કરી શકે અને એક પરીક્ષાની તૈયારી બીજી પરીક્ષાઓમાં પણ ઉપયોગી થાય.''

નવા 'સામાન્ય અભ્યાસ'ના અભ્યાસક્રમમાં નીચેના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે:

ઈતિહાસ અને સંસ્કૃતિ

ભારતીય રાજ્ય વ્યવસ્થા, બંધારણ, સામાજિક ન્યાય અને આંતરરાષ્ટ્રીય સંબંધો

તાર્કિક અને બૌદ્ધિક ક્ષમતા

ભારત અને ગુજરાતનું અર્થતંત્ર ભૂગોળ

વિજ્ઞાન અને ટેકનોલોજી

સામાન્ય જ્ઞાન – પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્ત્વની સાંપ્રત ઘટનાઓ

### એએમસી દ્વારા લેવાયો મોટો નિર્ણય

## હેરિટેજ સિટીમાં ધાર્મિક સ્થળોના વિકાસ માટે ૨૫ કરોડની જોગવાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

શહેરમાં આવેલી ધાર્મિક સંસ્થાઓના વિકાસ માટે અમદાવાદ મહાનગર પાલિકાએ વિશેષ બજેટની જોગવાઈ કરી છે. શહેરમાં આવેલા ટ્રસ્ટ સંચાલિત ધાર્મિક સ્થળોની આસપાસ ડેવલપ કરવા માટે અમદાવાદ મહાનગર પાલિકાએ રૂપિયા ૨૫ કરોડની જોગવાઈ કરી છે. ધાર્મિક સ્થળોની જાળવણી થાય અને પ્રાચીન તેમજ ઐતિહાસિક ધરોહરની જાળવણીના હેતુથી નિર્ણય કરાયો છે.

અમદાવાદ શહેરની ઓળખ એક હેરિટેજ સિટી તરીકે પણ થાય છે. સાથે ઐતિહાસિક વારસો ધરાવતું અમદાવાદ શહેરની અનેક વિશેષતાઓ રહી છે. અંગ્રેજ કાળથી લઈ મોગલ કાળ હોય કે પછી સોલંકી વંશ કાળના ઉતાર-ચઢાવ આ શહેરે જોયા છે. ત્યારે અમદાવાદ મહાનગર પાલિકાએ અમદાવાદ શહેરમાં આવતા તમામ ધાર્મિક સ્થળોમાં પ્રાથમિક સુવિધાના કામો માટે વિશેષ ૨૫ કરોડના બજેટની જોગવાઈ હાથ ધરી છે. ધાર્મિક સંસ્થાન પ્રાચીન હોય અને ઐતિહાસિક ધરોહર પ્રકારનું હોય તે ધાર્મિક સંસ્થા માટે પ્રાથમિક સુવિધાના કામો માટે AMC તરફથી રૂપિયા પાંચ લાખ ખર્ચ કરવાની સત્તા ઝોન દીઠ ડેપ્યુટી કમિશનરને અપાઈ છે. તથા પાંચ લાખથી વધુ મહત્તમ રૂપિયા ૧૦ લાખ સુધીના કામો અંતર્ગત રકમની ફાળવણી માટે સંબંધિત ઝોન મારફતે સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી લેવી પડશે. આ ફાળવેલ રકમનો ઉપયોગ સંસ્થામાં એપ્રોચ રોડ, પથ્થર પેવિંગ, પાણી, લાઈટ, ગટર જેવી પાયાની સુવિધાઓ કેપિટલ પ્રકારના કામે તેમજ સંસ્થામાં વોટર કુલર તથા સોલાર પેનલ ઈન્સ્ટોલ કરવાના કામો માટે રહેશે. વધુમાં સદર ફાળવેલ રકમનો ઉપયોગ રેવન્યુ પ્રકારના ખર્ચ જેવા કે લાઈટ બિલ, રિપેરિંગ જેવા કામો માટે કરી શકાશે નહીં. ધાર્મિક સંસ્થાઓએ AMC સહાય માટે કોર્પોરેશન દ્વારા નક્કી કરવામાં આવેલ કામ માટેનો વિગતવાર ઠરાવ જે તે ધાર્મિક સંસ્થાઓએ કરી તે ઠરાવની નકલ AMCને રજૂ કરવાની રહેશે. ધાર્મિક સંસ્થાનું એક અલાયદું રજિસ્ટર્ડ ટ્રસ્ટ બનેલું હોવું જોઈએ તથા ટ્રસ્ટની આવક-જાવક હિસાબો ઓડિટ થયેલ હોવા જોઈએ અને છેલ્લા બે વર્ષના ઓડિટ રિપોર્ટ રજૂ કરવાના રહેશે. ઉલ્લેખનીય છે કે, જે સ્થળ પર ધાર્મિક સંસ્થા આવેલ હોય તે જમીનના ટાઈટલ ક્લિયર હોવા જોઈએ. સાથે જ સંસ્થાની કામગીરીની માંગણી અનુસાર તેને લગતા જે તે ઝોન તથા વિભાગમાં અરજી કરવાની રહેશે અને તે અરજી સાથે સર્ક્યુલર મુજબ જરૂરી ડોક્યુમેન્ટ સબમિટ કરવાના રહેશે. સંસ્થા દ્વારા અરજી આવ્યા બાદ જે તે ઝોન તથા વિભાગ ખાતેથી અંદાજ મંજૂર કરાવી નાણાં ખાતે બજેટ બુક કરાવ્યા બાદ AMC અન્ય કામોની જેમ આ કામોની કામગીરી કોર્પોરેશન દ્વારા જ કરવાની રહેશે. એકવાર કામ પૂર્ણ થયા બાદ જો AMC દ્વારા ફાળવેલ રકમ અંતર્ગત કામ માટે પુનઃ કોઈ પણ ખર્ચ કરવાનો થશે તો તે ખર્ચ જે તે સંસ્થાનો રહેશે.

### મોઢેરાના સૂર્યમંદિરમાં બે દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવ

## દેશભરના કલાકારોએ રજૂ કરી પોતાની આગવી પ્રસ્તૃતિ

। (એજન્સી) મહેસાણા, તા.૧૯ ।

મહેસાણાના પ્રખ્યાત મોઢેરાના સૂર્યમંદિર ખાતે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. સૂર્યમંદિર ખાતે યોજાતા બે દિવસીય શાસ્ત્રીય નૃત્ય પર્વમાં યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અગ્ર સહિતના અધિકારી-મંત્રીની ઉપસ્થિતિમાં ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ કરાયો. આ મહોત્સવમાં દેશભરના કલાકારોએ પોતાની આગવી પ્રસ્તુતિ રજૂ કરી. મળતી માહિતી મુજબ, ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૨થી મહેસાણામાં આવેલા મોઢેરાના સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ઉત્તરાર્ધ મહોત્સવમાં દેશભરના નૃત્ય કલાકારો દ્વારા પોતાના આગવી પ્રસ્તુતિ રજૂ કરવામાં આવે છે. જેમાં ભરતનાટ્યમ, કથક સહિતના નૃત્ય દ્વારા દેશભરની શિલ્પ, સ્થાપત્ય, સંસ્કૃતિ અને કલાને જીવંત રાખવાનો પ્રયાસ કરવામાં આવે છે. મોઢેરાના સૂર્યમંદિર ખાતે યોજાયેલા ઉત્તરાર્ધ મહોત્સવના પહેલા દિવસે દિલ્હી, તમિલનાડુ, ગુજરાત સહિતના નૃત્ય કલાકારોએ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો સમક્ષ પોતાની પ્રસ્તુતિ રજૂ કરી.

### ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીને લઇને મોટા સમાચાર

## આગામી બુધ કે ગુરૂવારના દિવસે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઇ શકે છે

### ૧૩ કે ૧૪મી ફેબ્રુઆરીના રોજ મતદાન અને ૧૬ ફેબ્રુઆરીના દિવસે પરિણામોની આવવાની શક્યતા છે

। ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. છેલ્લા ઘણા સમયથી રાજ્યમાં અટકેલી પાલિકા અને પંચાયતોની ચૂંટણીને લઈને મહત્વનું અપડેટ સામે આવ્યુ છે. રિપોર્ટ છે કે, આગામી બુધ કે ગુરૂવારના દિવસે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઈ શકે છે. જ્યારે ૧૩ કે ૧૪ ફેબ્રુઆરીના રોજ મતદાન અને ૧૬ ફેબ્રુઆરીના દિવસે પરિણામોની આવવાની શક્યતાઓ છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને મહત્વનું અપડેટ સામે આવ્યુ છે.માહિતી પ્રમાણે, પાલિકા અને પંચાયતો પર લાંબા સમયથી લંબાઈ રહેલી ચૂંટણીઓ આવતાં સપ્તાહે જાહેર થઈ શકે છે. બુધવારે ગુજરાત સરકારની કેબિનેટ બેઠક મળ્યા બાદ રાજ્ય ચૂંટણી પંચ જાહેર કરી શકે છે. આ માટે મતદાન ૧૩ કે ૧૪ ફેબ્રુઆરીએ અને ૧૬ ફેબ્રુઆરીએ મતગણતરી થઈ શકે છે. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુઆરીએ શરૂ થવા જઈ રહ્યું છે, તે પહેલાં આ ચૂંટણી પ્રક્રિયા આટોપી લેવાય તેવી શક્યતા છે. આ માટેનું જાહેરનામું જાન્યુઆરી માસના અંતિમ દિવસોમાં બહાર પડવાનું હોવાથી ફોર્મ ભરવાથી માંડીને મતદાન સુધીમાં ઉમેદવારોને પ્રચાર માટે માંડ દસેક દિવસનો સમય મળશે. માહિતી છે કે, આ ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતની જોગવાઈ લાગુ કરવાની હોવાથી અગાઉ ચૂંટણીઓ લંબાઈ હતી. તે પછી નવેસરથી સીમાંકન અને રોસ્ટર અમલી કરવાનું હોવાથી મુદત વીત્યા બાદ પણ અઢી વર્ષથી આ ચૂંટણીઓ ટળતા વહીવટદાર શાસન લદાયું હતું.

### મુખ્યમંત્રીએ ફાળવ્યા ૨૨૦ કરોડ

## અમદાવાદ શહેરના કાલુપુર-સાળંગપુર ઓવરબ્રિજનું નવીનીકરણ કરવામાં આવશે

### વડાપ્રધાનના 'વિરાસત ભી વિકાસ ભી' મંત્રને સાકાર કરતો પ્રોજેક્ટ, રાધનપુરમાં પણ નવો ઓવરબ્રિજ બનશે

। અમદાવાદ, તા.૧૯ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ અંતર્ગત કાલુપુર અને સાળંગપુર રેલવે ઓવરબ્રિજને ફોર-લેન સહિતના કામો માટે રૂ. ૨૨૦ કરોડ ફાળવ્યા છે. આ સાથે, રાધનપુર-ભિલોટ માર્ગ પર ક્રોસિંગ પર બ્રિજ બનાવવા માટે પણ રૂ. ૫૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રેલ્વે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા કુલ રૂ. ૪૪૦ કરોડના ખર્ચે કાલુપુર અને સાળંગપુર ઓવરબ્રિજનું કન્સ્ટ્રક્શન હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારના ૫૦ ટકા ફાળા તરીકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી આ રૂ. ૨૨૦ કરોડ ફાળવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિરાસત ભી વિકાસ ભી'ના વિઝનને અનુરૂપ, અમદાવાદ રેલવે સ્ટેશનના કાયાકલ્પ પ્રોજેક્ટમાં વર્ષો જૂના કાલુપુર-સાળંગપુર રેલવે ઓવરબ્રિજનું નવીનીકરણ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારના ૫૦ ટકા શેર તરીકે રૂ. ૨૨૦ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'વિરાસત ભી વિકાસ ભી'ના ધ્યેય સાથે રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ સહિતના કામોથી નાગરિકોનું 'ઈઝ ઓફ લિવિંગ' વધારવા પર ભાર મૂક્યો છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર કાલુપુર રેલ્વે ઓવર બ્રિજનું નિર્માણ ૧૦૮ વર્ષ પહેલાં ૧૯૧૫માં અને સાળંગપુર રેલ્વે ઓવરબ્રિજનું ૮૩ વર્ષ અગાઉ ૧૯૪૦માં થયું હતું.

### ગુજરાતને મળશે ૧૨૩.૭૫ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ

## ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેન્ડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લિંક કરવા માટે ગત ૧૫ ઓક્ટોબરથી ખેડૂતોની નોંધણી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની નોંધણી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૩૩ લાખથી વધુ ખેડૂતો એટલે કે, ૫૦ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઈ છે. નોંધણી કરાવનાર ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ સરળતાથી મળે તેવું આયોજન કરાયું છે. ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ છે. ગુજરાતે દેશમાં સૌપ્રથમ ૫૦ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી ''સ્પેશિયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ' તરીકે રૂ. ૧૨૩.૭૫ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે. અગાઉ પણ ગુજરાતે ૨૫ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી રૂ. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ પ્રોત્સાહક ગ્રાન્ટનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં કરવામાં આવે છે.

### સિંહોના રક્ષણ અને સંરક્ષણ માટેના નવતર પ્રયોગો

## ડ્રાઈવરને સિંહોની મુવમેન્ટની જાણ થાય તેવા ડિવાઇસ રેલવે ટ્રેક પર લગાવાશે

। (એજન્સી) અમદાવાદ,તા.૧૯ ।

ગુજરાતના એશિયાટિક સિંહોના અપમૃત્યુના મામલે હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા સુઓમોટો રિટ પિટિશનની સુનાવણી શુક્રવારે થઈ હતી. જે રિટમાં રેલવે વિભાગ દ્વારા સિંહોના રક્ષણ અને સંરક્ષણ માટેના નવતર પ્રયોગો અંગેની માહિતી આપવામાં આવી હતી. જેમાં રેલવે તરફથી જણાવાયું હતું કે,'રેલવે ટ્રેકની ૫૦ મીટરની આસપાસ સિંહોની અવરજવરનો અંદાજ લગાવવા ઈન્ટ્રૂશન ડિટેક્શન નામની એક ખાસ ડિવાઈસ લગાવાશે. જેમાં જંગલમાંથી પસાર થતી રેલવે લાઈનને સમાંતર ફાઈબર કેબલ નાખવામાં આવશે. જેથી સિંહોની અવર જવર એટલે કે તેમની મુવમેન્ટ અંગે રેલવેના પાયલટ અને વન વિભાગના અધિકારીઓને અગાઉથી ખબર પડી શકશે. જેના પરિણામે અકસ્માતો અટકાવી શકાશે. રેલવે આ માટે ટેન્ડર જાહેર કર્યું છે. પહેલા ૫૦ કિ.મી. રેલ લાઈનમાં પ્રાયોગિક ધોરણે તેનો અમલ કરવામાં આવશે. પછી યોગ્ય પરિણામો મળતા આગળ બીજા ટેન્ડર બહાર પાડવામાં આવશે.' આ કેસની સુનાવણીમાં અગાઉ કોર્ટ મિત્રે જણાવ્યું હતું કે ૧૨ જુલાઈની છેલ્લી સુનાવણી બાદ પણ બે ઘટના બની છે. જેમાં એક ઘટનામાં એક સિંહણ અને બે સિંહબાળના કંકાલ શંકાસ્પદ હાલતમાં મળ્યા છે. તો લીલિયા અને અમરેલી વચ્ચેની રેલ લાઈનમાં ગત ૨૫ જુલાઈએ પેસેન્જર ટ્રેન સાથે એક સિંહ અકસ્માતનો ભોગ બન્યો હતો અને ગંભીર ઈજા થતાં તેનું મોત થયું છે. મોતનું યોગ્ય કારણ પોસ્ટમોર્ટમ બાદ જાણી શકાશે. વળી, આ જ ટ્રેન પરત ફરતા વધુ એક સિંહ સાથે અકસ્માત થયો હતો. આ એ જ ટ્રેક છે જેના અંગે હાઈકોર્ટમાં ચર્ચા થતી હતી અને સિંહોનો હોટસ્પોટ વિસ્તાર છે. વન વિભાગ તરફથી ફાઈલ થયેલી એફિડેવિટમાં ટ્રેન સાથે થયેલા ૨૫ જુલાઈના અકસ્માત બાબતે માહિતી આપવામાં આવી હતી.

## તારીખ ૨૧ અને ૨૨ ના રોજ વડોદરામાં એરોબેટિક પ્રદર્શન

। (પ્રતિનિધી) વડોદરા, તા.૧૯ ।

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ, કે જેને SKAT પણ ઓળખવામાં આવે છે. વર્ષ ૨૦૨૫નો પ્રારંભ આ ટીમે ગુજરાત પ્રવાસ સાથે કરવાની તૈયારી કરી લીધી છે. તારીખ ૨૧ અને ૨૨ ના રોજ વડોદરામાં એરોબેટિક પ્રદર્શન કરશે. ૧૯૯૬માં SKAT ટીમની સ્થાપના કરવામાં આવી હતી. આ ટીમ એશિયામાં એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ હોવાનું પ્રતિષ્ઠિત બિરૂદ ધરાવે છે અને તે વિશ્વની અમુક શ્રેષ્ઠ ટીમોમાંથી એક ગણવામાં આવે છે. આ ટીમે ભારતમાં ઉપરાંત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને UAE જેવા દેશોમાં ૭૦૦ કરતાં વધુ પ્રદર્શનો કર્યા છે.સૂર્યકિરણ ટીમમાં ૯ હૉક સ૧૩૨ વિમાનો સામેલ કરવામાં આવ્યા છે, જે ભારતમાં ઉત્પાદિત અને લાઈસન્સ પ્રાપ્ત છે અને ૫ મીટર કરતાં ઓછા અંતરે ખૂબ જ નજીકથી ઉડાન ભરી શકે છે. ગ્રૂપ કેપ્ટન અજય દસરથી અને ડેપ્યૂટી લીડર ગ્રૂપ કેપ્ટન સિદ્ધેશ કાર્તિકના નેતૃત્વ હેઠળની ટીમમાં ૧૪ પાઈલટ છે. ટેકનિકલ ટીમનું નેતૃત્વ વિંગ કમાન્ડર અભિમન્યુ ત્યાગી કરી રહ્યાં છે, જ્યારે ફ્લાઈટ લેફ્ટનન્ટ કંવલ સંધુ ટીમના કોમેન્ટેટર, એડમિનિસ્ટ્રેટર છે અને સ્ક્વૉડ્રન લીડર સુદર્શન ટીમના ડૉક્ટર છે.વડોદરા ખાતે એર શો પછી ૨૫-૨૬ જાન્યુઆરી ના રોજ જામનગર, ૨૯ જાન્યુઆરીના રોજ નલિયા અને ૩૧ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી દરમિયાન ભુજમાં એર શો યોજાશે.

**વિશેષ**

### ગુજરાતની ૧૪૪ મંડીઓ e-NAM પોર્ટલ પર સંકલિત થઈ, ૮.૬૯ લાખથી વધુ ખેડૂતો પોર્ટલ પર જોડાયા

# ગુજરાતમાં ડિજિટલ કૃષિ ક્રાંતિઃ e-NAM પ્લેટફોર્મ થકી ગુજરાત માં રૂા.૧૦ હજાર કરોડથી વધુ મૂલ્યની કૃષિપેદાશોનું વેચાણ

। (માહિતી) ગાંધીનગર ।

ભારતના ખેડૂતો તેમના કૃષિ ઉત્પાદનોનું ઓનલાઈન વેચાણ કરી શકે, તેમના ઉત્પાદનો માટે તેમને સ્પર્ધાત્મક ભાવ મળે અને તેમની આવકમાં વધારો થાય, તેવા ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ (e-NAM) પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. ઈ-નામ પોર્ટલ ખેડૂતોને તેમની નજીકની ઈ-નામ મંડીઓ દ્વારા તેમની પેદાશોનો વેપાર કરવા અને વેપારીઓને કોઈપણ સ્થળેથી ઓનલાઈન હરાજી કરવા માટે સક્ષમ બનાવે છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ઈ-નામ પોર્ટલ પર ૮ લાખથી વધુ ખેડૂતોને જોડવામાં આવ્યા છે. ઈ-નામ પોર્ટલ પર ગુજરાતની ૧૪૪ મંડીઓને સંકલિત કરવામાં આવી છે.

અત્યારસુધીમાં ઈ-નામ પ્લેટફોર્મ મારફતે ગુજરાતમાં ૨.૬૪ કરોડ ક્વિન્ટલથી વધુ કૃષિપેદાશોનું વેચાણ કરવામાં આવ્યું છે, જેનું કુલ મૂલ્ય ૧૦,૫૩૫.૯૧ કરોડ છે. આમ, ઈ-નામ પોર્ટલ થકી ગુજરાતમાં ૧૦ હજાર કરોડથી પણ વધુ કૃષિપેદાશોનું વેચાણ કરવામાં આવ્યું છે. ઈ-નામ પોર્ટલ પર રાજ્યના લાખો ખેડૂતોને ટેક્નોલોજી સાથે જોડીને ગુજરાત ભારતની ડિજિટલ કૃષિ ક્રાંતિને સતત આગળ ધપાવી રહ્યું છે.

'બજારભાવ કરતા વધુ સારો ભાવ મળે છે, પૈસા સીધા ખાતામાં જમા થાય છે'

ઉના બજાર સમિતિના શ્રી પરબતભાઈ ગોવિંદભાઈ પટાટ છેલ્લા એક વર્ષથી ઈ-નામ પોર્ટલ પર જોડાયા છે અને મગફળીનું ઓનલાઈન વેચાણ કરી રહ્યા છે. તેઓ જણાવે છે કે સ્થાનિક બજારમાં વેચાણની સરખામણીએ ઓનલાઈન વેચાણથી ઘણો ફરક પડે છે. વેચાણની પ્રક્રિયા વધુ ઝડપી બની છે. અમને ખૂબ જ સારો ભાવ મળી રહ્યો છે. સ્થાનિક બજારની સાપેક્ષે અમને ૨૦૦થી ૫૦૦ રૂપિયા વધુ ભાવ મળે છે. જેનાથી અમારી આવકમાં ઘણો વધારો થયો છે. પરબતભાઈ જણાવે છે કે, ઈ-નામ પોર્ટલ મારફતે મગફળીના વેચાણથી તેમની આવકમાં આશરે પાંચથી સાત ટકાનો વધારો નોંધાયો છે. તેઓ જણાવે છે કે ઈ-નામ પોર્ટલ ખેડૂતો માટે ખૂબ જ લાભદાયી છે. હવે અમારે પેમેન્ટની ઉપાધિ રહી નથી. પૈસા હવે સીધા ખાતામાં જમા થઈ જાય છે. માલ ઝડપથી વેચાઈ જાય છે. ઈ-નામ પોર્ટલ શરૂ કરીને કેન્દ્ર સરકારે દેશભરના ખેડૂતો માટે વેચાણની પ્રક્રિયા સરળ અને લાભદાયી બનાવી છે, જે માટે અમે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના ખૂબ આભારી છીએ.

બજાર સમિતિ ઉપલેટા સાથે જોડાયેલા હરેશભાઈ એમ. ઘોડાસરા છેલ્લાં ૫ વર્ષથી ઈ-નામ પોર્ટલ પર કપાસ, મગફળી અને ઘઉં જેવી કૃષિપેદાશોનું વેચાણ કરી રહ્યા છે, જેના કારણે તેમની આવકમાં ૧૫થી ૨૦% જેટલો વધારો થયો છે. ઈ-નામ પોર્ટલ જેવી પહેલ શરુ કરવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો આભાર માનતાં હરેશભાઈ ઘોડાસરાએ જણાવ્યું હતું કે, ''વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરુ કરેલા ઈ-નામ પોર્ટલ મારફતે ખેતપેદાશોનું ઓનલાઈન વેચાણ કરવાથી અમારા જેવા ખેડૂતોને અનેક ફાયદા થયા છે. સીધા વેપારી સાથે જોડાણ થવાથી અમને કમિશન લાગતું નથી અને પૈસા પણ સીધા ખાતામાં આવી જાય છે. સ્થાનિક બજારની સરખામણીમાં ઓનલાઈન વેચાણ કરીને અમને ૧૫થી ૨૦% જેટલો ફાયદો થાય છે. આજથી ૨૦ વર્ષ પહેલાં મારી પાસે કંઈ ન હતું, પરંતુ આજે ઈ-નામ પોર્ટલના આર્થિક ફાયદાને કારણે અમે હવે માલ ઓનલાઈન જ વેચવાનું પસંદ કરીએ છીએ.''

ગુજરાતમાં ૮.૮૭ લાખથી વધુ લોકો e-NAM પોર્ટલ પર સંકલિત

કૃષિ એ ભારતની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે અને તકનીકી પ્રગતિ સાથે આ ક્ષેત્ર અભૂતપૂર્વ પરિવર્તનનું સાક્ષી બન્યું છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના આંકડા મુજબ, રાજ્યમાં કુલ ૮,૮૭,૪૨૦ લોકો આ પ્લેટફૉર્મનો સક્રિયપણે ઉપયોગ કરી રહ્યા છે, જેમાં ૮,૬૯,૮૦૭ ખેડૂતો, ૧૦,૧૮૧ વેપારીઓ, ૭,૧૭૦ કમિશન એજન્ટો અને ૨૬૨ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO)નો સમાવેશ થાય છે.

e-NAM પ્લેટફૉર્મ પર કૃષિ ક્ષેત્રના ૮ લાખથી વધુ ખેડૂતોને ડિજિટલ રીતે જોડીને, ટેક્નોલોજીને અપનાવીને, સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપીને અને ખેડૂતોના કલ્યાણને પ્રાથમિકતા આપીને ગુજરાતે કૃષિ ક્ષેત્રમાં સુશાસનનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે. આ પરિવર્તનકારી પહેલ ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવે છે, વિવિધ મંડીઓમાં ખેત પેદાશોના ભાવ વિશે ખેડૂતોને માહિતી પૂરી પાડે છે અને ગ્રામીણ ઉત્પાદકો અને રાષ્ટ્રીય બજારો વચ્ચેના અંતરને દૂર કરીને તેમને સીધો વેપાર કરવા સક્ષમ બનાવે છે. એટલે કે ગુજરાત માત્ર ભારતની ડિજિટલ કૃષિ ક્રાંતિનું નેતૃત્વ નથી કરી રહ્યું, પરંતુ પરિવર્તનકારી કૃષિ નીતિઓમાં અગ્રણી રાજ્ય તરીકે પોતાની સ્થિતિને પણ વધુ મજબૂત બનાવી રહ્યું છે.

શું છે e-NAM?

e-NAM એ ભારતભરમાં કાર્યરત એક ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પ્લેટફૉર્મ છે, જે કૃષિ ઉત્પાદનો માટે એકીકૃત બજારનું નિર્માણ કરવા માટે તમામ APMC મંડીઓને એકસાથે લાવે છે. કૃષિ મંત્રાલય હેઠળના સ્મોલ ફાર્મર્સ એગ્રીબિઝનેસ કન્સોર્ટિયમ (SFAC) ની આગેવાની હેઠળ, આ પ્લેટફૉર્મનો ઉદ્દેશ કૃષિ માર્કેટિંગને પ્રમાણિત કરવાનો, માહિતીની કમીઓને દૂર કરવાનો અને પુરવઠા અને માંગના આધારે વાસ્તવિક સમયનું કિંમત નિર્ધારણ (રિયલ ટાઈમ પ્રાઈસ ડિસ્કવરી)ને સક્ષમ કરવાનો છે. આ મિશનનો ઉદ્દેશ સમગ્ર દેશની એપીએમસીઓને એકીકૃત કરવાનો, ગુણવત્તા આધારિત હરાજી મારફતે પારદર્શક કિંમત નિર્ધારણની સુવિધા આપવાનો અને સમયસર ઓનલાઈન ચૂકવણીઓ સુનિશ્ચિત કરવાનો છે. આવા વિવિધ જૂથોને એકસાથે લાવીને, ગુજરાત કૃષિ બજારના પરિદ્રશ્યને પુનઃવ્યાખ્યાયિત કરી રહ્યું છે, અને રાજ્યના ખેડૂતોનો નાણાકીય સમાવેશ કરીને તેમને વધુ સશક્ત બનાવી રહ્યું છે. ગુજરાત કૃષિ ક્ષેત્ર માટે એક મજબૂત ડિજિટલ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે તેમજ મૂલ્યશ્રૃંખલામાં તમામ હિતધારકો માટે મહત્તમ ભાગીદારી અને લાભ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### છૂટાછેડાની અફવાઓ પર બરાક ઓબામાનો જડબાતોડ જવાબ



। (એજન્સી) ન્યૂ યોર્ક, તા.૧૯ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા અને તેમની પત્ની મિશેલ ઓબામાને દુનિયાના સૌથી પ્રેમાળ કપલ તરીકે ઓળવામાં આવે છે. આ જોડીને જોયા બાદ સૌ કોઈ ઉત્સાહથી ભરાય જાય છે. પણ આ જોડીને લઈને તાજેતરમાં સોશિયલ મીડિયા પર કેટલીય અફવાઓ ચાલી રહી છે. અફવા એવી છે કે, બરાક ઓબામા અને મિશેલ ઓબામા વચ્ચે બધુ બરાબર નથી. બરાક અને મિશેલ છૂટાછેડા સુધી પહોંચી ગયા છે. પણ બરાક ઓબામાએ આ તમમા અટકળો પર વિરામ લગાવી દીધો છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અફવાઓની વચ્ચે પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ બરાક ઓબામાએ અફવાઓ સાબિત કરી દીધી છે. એક પોસ્ટ દ્વારા ઓબામાએ જણાવી દીધું કે તેમના દિલમાં ખાલી મિશેલ જ છે અને તેમનો સંબંધ ખૂબ જ મજબૂત છે. બરાક ઓબામાની પત્ની મિશેલ ઓબામાનો ૧૭ જાન્યુઆરીએ જન્મદિવસ હતો. આ દરમ્યાન બંનેના છૂટાછેડાની અફવાઓ વહેતી થઈ હતી. જેનો જવાબ આપવા માટે બરાક ઓબામાને આ દિવસ સૌથી શ્રેષ્ઠ લાગ્યો. તેમણે એક પોસ્ટ દ્વારા મિશેલને જન્મદિવસની શુભકામના આપી અને મીડિયામાં ચાલી રહેલી ખબરોનો જવાબ પણ આપી દીધો. ઓબામાએ પોતાની પોસ્ટમાં લખ્યું કે, જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ મારી જિંદગીના પ્રેમ. તેની સાથે જ તેમણે ફોટો પણ શેર કર્યો.

### મેટ્રોમાં બોક્સમાં પેક ધબકતા હાર્ટએ ૧૩ મિનિટની મુસાફરી કરી



। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૯ ।

સફળતા મેળવી છે. મેટ્રો ન ફક્ત યાત્રીઓને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડે છે. પણ સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ મહત્વનું યોગદાન આપે છે. હૈદરાબાદ મેટ્રોએ ૧૩ કિમીનું અંતર ફક્ત ૧૩ મિનિટમાં પુરુ કરી હાર્ટ ટ્રાંસપ્લાન્ટ માટે દિલ પહોંચાડ્યું હતું. તેને લઈને એક વીડિયો પણ સામે આવ્યો છે. હૈદરાબાદ મેટ્રોએ હાર્ટ ટ્રાંસપ્લાન્ટ માટે ગ્રીન કોરિડોરની સુવિધા આપી છે. આ કોરિડોરે એલબી નગરના કામિનેની હોસ્પિટલથી લઈને લાકડા બ્રિજ વિસ્તારની ગ્લેનીગલ્સ ગ્લોબલ હોસ્પિટલ સુધી ફાસ્ટ ડોનર હાર્ટ પહોંચાડ્યું છે. મેટ્રોએ ૧૩ સ્ટેશનો પરથી પસાર થતાં ૧૩ કિમીનું અંતર ૧૩ મિનિટમાં પુરુ કર્યું.

### મોબાઈલમાં આ એપ ડાઉનલોડ કરી લો, ક્યારેય છેતરાશો નહીં




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ફ્રોડ અથવા છેતરપીંડી કરનારા કોલ્સથી છુટકારો અપાવવા માટે સરકારે વધુ એક ખાસ એપ લોન્ચ કરી છે. સરકારે થોડા સમય પહેલા TRAI DND 3.0ના નામથી એક એપ રજૂ કરી હતી, જેની મદદથી તમે અજાણ્યા નંબરથી આવતા કોલ્સ અને મેસેજને બ્લોક કરી શકશો. પણ હવે દૂરસંચાર વિભાગે સંચાર સાથી એપના નામથી એક નવી એપ લોન્ચ કરી દીધી છે. જે સાઈબર ફ્રોડ, ફેક કોલ્સ અને મોબાઈલ સિક્યોરિટી સાથે જોડાયેલી કેટલીય સમસ્યાઓનું હલ થઈ થશે. આ એપને કેન્દ્રીય સંચાર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ એક ખાસ પ્રોગ્રામમાં રજૂ કરી હતી. આ એપ મોબાઈલ યુઝર્સને પોતાના ફોનમાંથી જ સાઈબર ક્રાઈમને ફરિયાદ નોંધાવવા અને મોબાઈલ સાથે જોડાયેલી અન્ય કોઈ પણ સમસ્યા માટે ખાસ સુવિધા આપે છે. હકીકતમાં જોઈએ તો, આ સંચાર સારથી એપનો ઉદ્દેશ્ય સ્માર્ટફોન યુઝર્સને સેફ અને અવેયર કરવાનું છે.

### રાહુલ ગાંધીનો નીતિશ કુમાર પર મોટો પ્રહાર

# બિહારમાં થયેલી જાતિગત વસ્તી ગણતરી નકલી છે

## રાહુલ ગાંધીએ પોતાના બિહાર પ્રવાસમાં કહ્યું કે, દેશની અંદર જાતિની વાસ્તવિક સ્થિતિ જાણવી જરૂરી છે

। (એજન્સી) પટણા, તા.૧૯ ।

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી શનિવારે બિહારની રાજધાની પટણા પહોંચ્યા હતાં. જ્યાં તેઓએ પોતાના એક દિવસના પ્રવાસ દરમિયાન બંધારણની રક્ષાના વિષય પર આયોજિત એક સંમેલનમાં ભાગ લીધો હતો. આ દમિયાન રાહુલ ગાંધીએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પણ જોરદાર પ્રહાર કર્યા હતાં. રાહુલ ગાંધીએ બિહાર સરકાર દ્વારા કરાવવામાં આવેલી જાતિગત વસ્તી ગણતરીને નકલી જણાવી હતી. રાહુલ ગાંધીએ પોતાના બિહાર પ્રવાસમાં કહ્યું કે, 'દેશની અંદર જાતિની વાસ્તવિક સ્થતિ જાણવી જરૂરી છે, મેં સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કહ્યું છે કે, તમારી સામે અમે જાતિગત વસ્તી ગણતરીને લોકસભા અને રાજ્યસભામાં પાસ કરાવીને બતાવીશું. જેનાથી જાણ થશે કે, કયા સેક્ટરમાં કયા વર્ગના કેટલાં લોકો છે? પરંતુ, અમે આ બિહાર જેવી નકલી જાતિગત વસ્તી ગણતરી નહીં કરાવીએ. કારણ કે, જાતિગત વસ્તી ગણતરી બાદ તમે શું એક્શન લો છો તે સૌથી જરૂરી છે. આ દેશ માટે એક્સ-રે અને MRI જેવું છે, જેનાથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે. બાદમાં જાતીગત વસ્તી ગણતરીના



આધારે પોલિસી બનવી જોઈએ.' રાહુલ ગાંધી પોતાની મુલાકાત દરમિયાન સદાકત આશ્રમ પણ જશે, જે બિહાર પ્રદેશ કોંગ્રેસ સમિતિનું મુખ્યાલય છે. ત્યાં તેઓ નવા સ્ટાફ ક્વાર્ટનું ઉદ્દ્ઘાટન કરશે. આ સિવાય હાલમાં બનાવવામાં આવેલા ઑડિટોરિયમનું પણ લોકાર્પણ કરશે. આ ઑડિટોરિયમનું નામ તેમના દાદી અને પિતાના નામ પર રાખવામાં આવ્યું છે. જયપ્રકાશ નારાયણ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સવારે પાંચ વાગ્યે પહોંચતા બિહાર કોંગ્રેસ અધ્યક્ષ અખિલેશ પ્રસાદ સિંહ અને અન્ય વરિષ્ઠ નેતાઓએ રાહુલ ગાંધીનું સ્વાગત કર્યું હતું. રાહુલ ગાંધીનો આ પ્રવાસ ખાસ છે. કારણ કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી બાદ બિહારમાં આ તેમનો પહેલો પ્રવાસ છે અને આ વર્ષે રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પણ યોજાવાની છે. રાહુલ ગાંધીએ પોતાના બિહાર પ્રવાસમાં કહ્યું કે, દેશની અંદર જાતિની વાસ્તવિક સ્થતિ જાણવી જરૂરી છે, કોંગ્રેસ કાર્યકર્તા અને નેતાઓમાં રાહુલ ગાંધીના આ પ્રવાસને લઈને ઘણો ઉત્સાહ છે. માનવામાં આવી રહ્યું છે કે, આ મુલાકાત બિહારમાં પાર્ટીને મજબૂતી આપવા અને આગામી ચૂંટણી માટે વ્યૂહનીતિ ઘડવા માટે મહત્ત્વની રહેશે. આ સિવાય રાહુલ ગાંધીના નિવેદન પર જેડીયુનીસ પ્રતિક્રિયા પણ સામે આવી છે. જેડીયુના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજને કોગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે, રાહુલ ગાંધી પાસે કોઈ નૈતિક અધિકાર નથી કે, તે બિહારમાં થયેલી જાતિગત વસ્તી ગણતરી પર સવાલ ઊભા કરે.'

### EDની મોટી કાર્યવાહી

# કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે જોડાયેલ કેસમાં ૩૦૦ કરોડની સંપત્તિ જપ્ત

## આ કાર્યવાહીમાં ઈડીએ સિદ્ધારમૈયાની પત્ની સહિત અન્ય આરોપીઓની કૂલ ૧૪૨ સંપત્તિઓ જપ્ત કરી છે

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૯ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ મૈસૂર અર્બન ડેવલપમેન્ટ અથોરિટી મામલામાં મોટી કાર્યવાહી કરતા કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની પત્ની અને અન્ય લોકોની સંપત્તિ જપ્ત કરી લીધી છે. ઈડીએ સિદ્ધારમૈયાની પત્ની સહિત અન્ય આરોપીઓની કૂલ ૧૪૨ સંપત્તિઓ જપ્ત કરી છે. આ સંપત્તિઓની અનુમાનિત કિંમત લગભગ ૩૦૦ કરોડ રુપિયા છે. ઈડીએ આ કાર્યવાહી લોકાયુક્ત પોલીસ મૈસૂર દ્વારા નોંધાયેલ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ અંતર્ગત નોંધાયેલી ફરિયાદના આધાર પર કરી છે. આ મામલામાં સીએમ સિદ્ધારમૈયા અને અન્ય પર ગંભીર આરોપ લગાવ્યા છે. આ જપ્તી



એમયૂડીએ દ્વારા જમીન વહેંચણીમાં કથિત અનિયમિતતાઓ દ્વારા મની લોન્ડ્રીંગની તપાસમાં ભાગ છે. ઈડીએ એક નિવેદનમાં કહ્યું છે કે, જપ્ત કરવામાં આવેલા સંપત્તિઓ વિવિધ વ્યક્તિના નામ પર રજિસ્ટર્ડ છે. જે રિયલ એસ્ટેટ વેપારી અને એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેમાં કહેવાયું છે કે, આરોપ છે કે સિદ્ધારમૈયાએ એમયૂડીએ દ્વારા અધિગ્રહીત ત્રણ એકર ૧૬ ગુંઠઆ જમીનના બદલામાં પોતાની પત્ની બીએમ પાર્વતીના નામ પર ૧૪ પ્લોટ માટે વળતર મેળવવા માટે તેમણે પોતાના રાજકીય પ્રભાવનો ઉપયોગ કર્યો. તેમાં આરોપ લગાવ્યો છે કે, મૂળ તો આ જમીન એમયૂડીએ દ્વારા ૩,૨૪,૭૦૦ રુપિયામાં અધિગ્રહીત કરી હતી. આ પોશ વિસ્તારમાં ૧૪ પ્લોટ તરીકે આપવામાં આવેલ વળતર ૫૬ કરોડ રુપિયા છે.

### મંજૂરી ન આપવાનો દિલ્હી પોલીસ પર AAPનો આરોપ

# પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલ ઉપર બનેલી ડોક્યુમેન્ટરી સ્ક્રીનિંગની મંજૂરી ન મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

આમ આદમી પાર્ટીએ દિલ્હી પોલીસ પર પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર બનેલી 'ડોક્યુમેન્ટરી'ના સ્ક્રીનિંગની મંજૂરી ન આપ વાનો આરોપ લગાવ્યો છે. પાર્ટીએ દાવો કર્યો છે કે દિલ્હી પોલીસની પરવાનગીના અભાવે ડોક્યુમેન્ટ્રીનું સ્ક્રીનિંગ રદ કરવું પડ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ પ્યારેલાલ ભવન ખાતે બપોરે ૧૨ વાગ્યે થવાનું હતું. અહેવાલો અનુસાર, આ ડોક્યુમેન્ટરીમાં બતાવવામાં આવ્યું છે કે અરવિંદ કેજરીવાલ જેલમાં ગયા પછી પાર્ટી કેવી રીતે ચાલી રહી હતી અને બહાર આવ્યા પછી શું થયું. સ્ક્રિનિંગ રદ કરવા અંગેની માહિતી આપતા આમ આદમી પાર્ટીએ કહ્યું, 'અમે તમને જણાવતા અફસોસ અનુભવીએ છીએ કે દિલ્હી પોલીસે આજે અમારા દ્વારા રિલીઝ કરવામાં આવી રહેલી ડોક્યુમેન્ટ્રીના સ્ક્રીનિંગની પરવાનગી નકારી દીધી છે. કમનસીબે અમારે તેને રદ કરવું પડશે, પરંતુ અમે તેને ફરીથી શેડ્યૂલ કરીશું અને અમે તેને કોઈપણ કિંમતે રિલીઝ કરીશું. અમે તમને




આ વિશે માહિતગાર રાખીશું. અસુવિધા માટે માફ કરશો.' આમ આદમી પાર્ટીના આરોપો પર દિલ્હી પોલીસે એક નિવેદન પણ બહાર પાડ્યું છે. દરમિયાન દિલ્હી પોલીસે આમ આદમી પાર્ટીના આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે આ કાર્યક્રમ માટે DEO ઓફિસમાંથી કોઈ પરવાનગી લેવામાં આવી નથી. દિલ્હી પોલીસે કહ્યું, 'ચૂંટણી જાહેર થઈ હોવાથી રાજકીય પક્ષોએ DEO ઓફિસ (એટલે કે DM ઓફિસ)માં સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા પરવાનગી માટે અરજી કરવી પડશે. ચૂંટણી દરમિયાન આ પ્રમાણભૂત પ્રક્રિયા છે. ઉક્ત ઈવેન્ટ માટે આવી કોઈ પરવાનગી લેવામાં આવી ન હતી અને તેથી તે માર્ગદર્શિકાનું ઉલ્લંઘન હશે.



પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં એક ખેડૂત ડાંગરની ખેતી કરતા જોવા મળ્યા.

# વિરાટ કોહલીને ઈજા થતા, આ ટૂર્નામેન્ટમાં રમશે નહીં

।(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯।

વિરાટ કોહલીનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ સારો રહ્યો ન હતો. કોહલીએ પાંચ મેચમાં માત્ર ૧૯૦ રન બનાવ્યા હતા. આ પછી કોહલીના ફોર્મને લઈને ચર્ચા થઈ હતી. તેના ફોર્મ પર સવાલો ઉભા થયા હતા. ભારતને આ શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો અને આ પછી બીસીસીઆઈની સમીક્ષા બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે મોટા ખેલાડીઓએ પણ રણજી ટ્રોફી રમવી જોઈએ. આ પછી એવું કહેવામાં આવી રહ્યું હતું કે કોહલી દિલ્હી માટે રણજી ટ્રોફી પણ રમતા જોવા મળશે. જો કે, હવે સમાચાર છે કે કોહલી આવું નહીં



કરે અને તેનું કારણ તેની નાની ઈજા છે. રણજી ટ્રોફીનો આગામી રાઉન્ડ ૨૩ જાન્યુઆરીથી શરૂ થઈ રહ્યો છે. અહેવાલ અનુસાર કોહલીને ગરદનમાં દુખાવો છે અને તેણે ૮ જાન્યુઆરીએ ઈન્જેક્શન લીધું હતું. રિપોર્ટ અનુસાર, કોહલીએ BCCI મેડિકલ સ્ટાફને જાણ કરી છે કે તે હજુ પણ પીડામાં છે અને તેથી જ તે દિલ્હી-રાજકોટ મેચમાં નહીં રમે.

### કાંટાવાળા બાબા, કબૂતર બાબા ચર્ચામાં

# વિવિધ બાબાઓએ કુંભના મેળામાં જગાવ્યું અલગ-અલગ આકર્ષણ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભનો મેળો ચાલી રહ્યો છે. તેમાં આસ્થાના અલગ-અલગ રૂપ જોવા મળી રહ્યા છે. જેમાં શ્રદ્ધાળુઓની સાથે સાથે વિવિધ અખાડાના બાબાઓએ લોકોમાં ખાસ આકર્ષણ જમાવ્યું છે. ૧૩મી જાન્યુઆરીથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં હિંદુઓના સૌથી મોટા ઉત્સવ મહાકુંભની શરૂઆત થઈ ગઈ છે. ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમમાં રોજ લાખો લોકો સ્નાન કરીને ધન્યતાનો અનુભવ કરી રહ્યા છે. માત્ર ભારતના જ નહીં પરંતુ દેશ અને દુનિયાના અનેક શ્રદ્ધાળુઓ મહાકુંભમાં ભાગ લેવા માટે આવી રહ્યા છે. જેના કારણે મહાકુંભ દિવ્ય, ભવ્ય અને અલૌકિક બની ગયો છે. સોશિયલ મીડિયા પર બાબાઓના વીડિયો ધૂમ મચાવી, સંગમ નગરીમાં કરોડો શ્રદ્ધાળુઓનો જમાવડો છે. તેની વચ્ચે હવે કાંટાવાળા બાબા ઈન્ટરનેટ પર ખૂબ વાયરલ થઈ રહ્યા



છે. તેમનું નામ રમેશ કુમાર માંઝી છે અને સાધના કરવાના પોતાના અનોખા અંદાજના કારણે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. મહાકુંભમાં જૂના અખાડાના મહંત રાજપુરી મહારાજ પણ ચર્ચામાં છે. લોકો તેમને પ્રેમથી કબૂતરવાળા બાબા પણ કહે છે. કેમ કે છેલ્લાં ૯ વર્ષથી તેમના માથા પર કબૂતર બિરાજમાન છે. સૂતા-જાગતા, ખાતા-પીતા કબૂતર તેમના માથા પર જ રહે છે. આ તરફ સ્વામી સદાનંદ સરસ્વતી પણ મહાકુંભમાં આવી પહોંચ્યા. બેન્ડવાજા સાથે મહાકુંભમાં આવેલા સ્વામી શ્રદ્ધાળુઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા. મહાકુંભ મેળો શરૂ થયો તેને હજુ ૫ જ દિવસ થયા છે. તે દરમિયાન ૭ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં ડૂબકી લગાવીને ધન્યતાનો અનુભવ કર્યો છે. અને હજુ તો ૨૬ ફેબ્રુઆરી સુધી મેળો ચાલવાનો છે. તે દરમિયાન શ્રદ્ધાળુઓના આગમનના તમામ રેકોર્ડ તૂટી જશે તે નક્કી છે. હાલ તો પ્રયાગરાજ અદભૂત, અલૌકિક અને ઐતિહાસિક ક્ષણનું સાક્ષી બની રહ્યું છે.

# અમેરિકામાં ટિકટોક ઉપર પ્રતિબંધ જ રહેશે, સુપ્રીમ કોર્ટનો ચુકાદો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

યુએસ સુપ્રીમ કોર્ટે ટિકટોકને ચીનની કંપની બાઈટ ડાન્સથી અલગ કરવાના કાયદાને રોકવા અથવા રાષ્ટ્રીય સુરક્ષાના આધારે અમેરિકામાં તેને પ્રતિબંધિત કરવાનો ઈનકાર કર્યો છે. આ નિર્ણયને TikTok અને તેના યુઝર્સ માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે, કારણ કે આ પ્લેટફોર્મનો ઉપયોગ અમેરિકાની લગભગ અડધી વસ્તી કરે છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે ચીન સ્થિત બાઈટડાન્સને ટિકટોકની તેની માલિકી રવિવાર સુધીમાં વેચવા અથવા યુએસમાં લોકપ્રિય સોશિયલ વિડિયો એપ પર અસરકારક પ્રતિબંધનો સામનો કરવા દબાણ કરતા કાયદાને સમર્થન આપ્યું હતું. સર્વસંમતિથી નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે બિડેન વહીવટીતંત્રની તરફેણ કરી અને એપ્રિલમાં રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા હસ્તાક્ષર કરાયેલ વિદેશી વિરોધી નિયંત્રિત એપ્લિકેશન એક્ટથી રક્ષણ આપતા અમેરિકનોને સમર્થન આપ્યું છે. આ અંગે ટિપ્પણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, તેમાં કોઈ શંકા નથી કે ૧૭૦ મિલિયનથી વધુ અમેરિકનો માટે ટિકટોક અભિવ્યક્તિ માટે એક વિશિષ્ટ અને વ્યાપક આઉટલેટ, જોડાણનું માધ્યમ અને સમુદાયનો સ્રોત પૂરો પાડે છે. યુ.એસ.માં



ટિકટોકનું ભાવિ હવે રાષ્ટ્રપતિ-ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પના હાથમાં છે, જેમણે મૂળરૂપે તેમના પ્રથમ વહીવટ દરમિયાન ટિકટોક પ્રતિબંધને ટેકો આપ્યો હતો પરંતુ ત્યારથી આ બાબતે તેમનું વલણ બદલ્યું છે. ડિસેમ્બરમાં, ટ્રમ્પે સુપ્રીમ કોર્ટને કાયદાના અમલીકરણને રોકવા અને તેમના વહીવટને કેસમાં મુદ્દા પરના પ્રશ્નોના રાજકીય નિરાકરણને આગળ ધપાવવાની તક આપવા વિનંતી કરી હતી. ટ્રમ્પે ફેબ્રુઆરીમાં અબજોપતિ રિપબ્લિકન મેગાડોનર જેફ યાસી સાથે મુલાકાત કર્યા પછી TikTok વિશે વધુ અનુકૂળ વાત કરવાનું શરૂ કર્યું. યાસ એક મુખ્ય બાઈટડેન્સ રોકાણકાર છે, જે ટ્રમ્પના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલમાં પણ હિસ્સો ધરાવે છે.દેશની સર્વોચ્ચ અદાલતે તેના અભિપ્રાયમાં કહ્યું કે "આ ડિજિટલ યુગમાં ડેટા એકત્રીકરણ અને વિશ્લેષણ એ એક સામાન્ય પ્રથા છે.

## તંત્રી લેખ...

# ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારંભનું સ્થળ બદલાયું

૨૦ જાન્યુઆરીના રોજ આખી દુનિયાની નજર અમેરિકાના જગત જમાદાર પર રહેશે. આ દિવસે અમેરિકાના નવા રાષ્ટ્ર પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પ શપથ લેવાના છે. હવામાન વિભાગે ઠંડીને લઈને જાહેર કરેલા એલર્ટના કારણે શપથ ગ્રહણ સમારંભનું સ્થળ બદલાયું છે. અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો શપ થગ્રહણ સમારંભ સોમવારે ભીષણ ઠંડીના કારણે ખુલ્લામાં ન થતાં યૂએસ કેપિટલની અંદર થશે. આ ૪૦ વર્ષોમાં પહેલી વાર હશે, જ્યારે અમેરિકન રાષ્ટ્ર પ્રમુખનો શપથ ગ્રહણ સમારંભ અંદર આયોજીત થશે. આ ૪૦ વર્ષમાં પહેલી વાર હશે. ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કહ્યું કે, દેશમાં આર્કટિક તોફાન ચાલી રહ્યું છે. હું નથી ઈચ્છતો કે લોકો કોઈ પણ રીતે ઘાયલ અને દુઃખી થાય, એટલા માટે હું પ્રાર્થના અને અન્ય ભાષણો ઉપરાંત ઉદ્ઘાટન ભાષણ પણ સંયુક્ત રાજ્ય અમેરિકા કેપિટલ રોટુંડામાં આપવાનો આદેશ આપ્યો છે. આ અગાઉ અમેરિકાના પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ રોનાલ્ડ રીગને પણ ઠંડીના કારણે શપથ ગ્રહણ સમારંભનું સ્થળ બદલ્યું હતું.૧૯૮૫માં અમેરિકાના પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ રોનાલ્ડ રીગન પણ ઠંડીના કારણે રોટુંડામાં ભાષણ આપ્યું હતું. અહીં ઉલ્લેખનિય છે કે આ અગાઉ યૂએસ કેપિટલ બહાર નેશનલ મોલમાં થવાનું હતું. સોમવારે વોશિંગટનમાં ટ્રમ્પના શપથ ગ્રહણ સમયે તાપમાન માઈનસ ૭ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાનું પૂર્વાનુમાન છે. આ દરમ્યાન ઠંડી હવાથી લોકો હેરાન થઈ શકે છે. ટ્રમ્પે કહ્યું કે, સમર્થક કેપિટલ વન એરિનાની અંદર સ્ક્રીન પર સમારંભ જોઈ શકશે. કેપિટલ વન એરિના વોશિંગટન શહેરમાં આવેલ એક બાસ્કટેબોલ અને હોકીનું મેદાન છે. જેમાં ૨૦,૦૦૦ લોકો બેસી શકે છે.

## ડો.બાબાસાહેબ આંબેડકર હોલ રાજપીપલા ખાતે નાણાકીય સેવા જાગૃતિ સહ લોન વિતરણ કેમ્પ યોજાયો



નાણાંકીય સેવા વિભાગના સંયુક્ત સચિવ શ્રી મનોજ મુત્તથીલ અય્યપ્પનના અધ્યક્ષસ્થામાં ડો.બાબાસાહેબ આંબેડકર હોલ રાજપીપલા ખાતે નાણાકીય સેવા જાગૃતિ સહ લોન વિતરણ કેમ્પ યોજાયો - નાણાકીય વ્યવસ્થાએ એક એવું વ્યવસાય બન્યું છે. જે નાનામાં નાની બચત રકમ માંથી મોટી મૂડી બચત બને છેઃ સંયુક્ત સચિવ શ્રી મનોજ મુત્તથીલ અય્યપ્પન - સંયુક્ત સચિવ શ્રી મનોજ મુત્તથીલ અય્યપ્પનની ઉપસ્થિતિમાં નર્મદા જિલ્લામા યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ યોજનાના ગ્રાહક મિત્રોને રૂ. ૫ કરોડના ચેક વિતરણ કરાયા - ડો.બાબાસાહેબ આંબેડકર હોલ રાજપીપલા ખાતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કેન્દ્ર-રાજ્યની વિવિધ યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ કરાયા - ભારત સરકારના નાણાં મંત્રાલયના નાણાંકીય સેવા વિભાગના સંયુક્ત સચિવ શ્રી મનોજ મુત્તથીલ અય્યપ્પનએ એસ્પિરેશનલ નર્મદા જિલ્લાની મુલાકાત લઈ એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામ (ADP) અંતર્ગત જિલ્લામાં વિશેષ કેન્દ્રીય નાણાંકીય ભંડોળ થકી વિકાસ કામો અને નિર્ધારિત લક્ષ્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ નાણાંકીય સેવા વિભાગના સંયુક્ત સચિવ શ્રી મનોજ મુત્તથીલ અય્યપ્પનના અધ્યક્ષસ્થાને ડો.બાબાસાહેબ આંબેડકર હોલ રાજપીપલા ખાતે નાણાકીય સેવા જાગૃતિ સહ લાભાર્થીઓને લોન વિતરણ કેમ્પનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નાણાંકીય સેવા વિભાગના સંયુક્ત સચિવશ્રી મનોજ મુત્તથીલ અય્યપ્પન જણાવ્યું હતુ કે, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં દેશમાં ૧૧૨ એસ્પિરેશનલ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં નર્મદા જિલ્લાનો પણ સમાવેશ થયો છે. મા નર્મદાની પાવન ભૂમિ પર આવવાનો મોકો મળ્યો જે મારા માટે શોભાગ્ય છે. એસ્પિરેશનલ નર્મદા જિલ્લામાં અનેક વિકાસના કામો કરવામા આવી રહ્યા છે જેના થકી લોકોનું જીવન ધોરણ સુધારે આંકાક્ષી જિલ્લા સહિત સમાજનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. વધુમાં જણાવ્યુ કે, નાણાકીય વ્યવસ્થાએ એક એવું વ્યવસાય બન્યું છે. જે નાનામાં નાની બચત રકમ માંથી મોટી મૂડી બચત બને છે. વધુમાં તેમણે ઉમેર્યુ કે, આજરોજ નર્મદા જિલ્લામા યોજાયેલ કાર્યક્રમમાં રૂ. ૫ કરોડના વિવિધ યોજનાના સહિત ગ્રાહક મિત્રોને ચેક વિતરણ કરવામાં આવ્યા છે. સચિવ શ્રી મનોજ મુત્તથીલ અય્યપ્પનએ પીએમએસજીવાય વીમા યોજના, પીએમ સુરક્ષા વીમા યોજના, જીવન જ્યોતિ યોજના, પીએમ અટલ પેન્શન યોજના વીમા સહિત અન્ય યોજનાઓનું મહત્વ અંગે વિસ્તૃતમાં માહિતી આપી હતી. વધુમાં જણાવ્યુ કે, ભારત સરકાર અને બેંક ઓફ બરોડાના સહયોગથી મહિલાઓને ખાસ પ્રાધાન્ય આપી અનેક વિમાનો યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેનો ઉપયોગ કરીને અન્ય જરૂરિયાતમંદ લોકોને પ્રેરિત કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ચીફ મેનેજરશ્રી હિતેશ સોનીશ્રીએ મહિલાઓને પ્રાધાન્ય આપતા જણાવ્યું કે, ભારત સરકાર દ્વારા અને બેંક ઓફ બરોડાના સહયોગથી સોશિયલ વેલફેર સ્કીમ થકી જીવન સ્તરમાં ઘણો સુધારો થાય છે અને લોકોનું જીવન ધોરણ બેંક થકી ઊંચું લાવી શકે છે. આ સ્કીમ અંગે ગામમાં અન્યને પ્રોત્સાહિત કરે અને સમાજ, દેશન વિકાસમાં આપ પણ સહયોગ આપી શકો છો. બરોડા સ્વ રોજગારના ડાયરેકટરના માર્ગદર્શન હેઠળ થકી સ્થાનિક યુવાનો થકી નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ બરોડા સ્વ-રોજગાર વિકાસ સંસ્થા થકી વિનામૂલ્યે તાલીમો આપવામાં આવે છે. અને નાટકોના માધ્યમ થકી ગામડાઓમાં સંદેશ આપવામાં આવે છે. ખાસ કરીને સ્કીલ ડેવલોપમેન્ટ, અટલ-વૃધ્ધ પેન્શન યોજનાની માહિતી પુરી પાડવામાં આવે છે. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એસ.એચ.જી, બરોડા કિસાન પ્રાઈડ, બી.કે.સી.સી, એગ્રિકલચર કાર લોન, પીએમવિશ્વકર્મા, પીએમસુર્યઘર સહિત વિવિધ સખી મંડળની બહેનોને ચેક વિતરણ કરાયા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લામાં બેંક ઓફ બરોડાની કુલ ૧૩ જેટલી બેંક શાખાઓ કાર્યરત છે.

### વ્યાપાર તમને બાહ્ય સુખ આપશે પરંતુ માત્ર મધુર વર્તન તમને આંતરિક સુખ, આનંદ અને નિર્ભયતા આપશે

# સારો સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં ઉતારી દે છે અને ખરાબ સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાંથી પણ ખસી જાય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**હંમેશા માત્ર સારા વ્યવસાય માટે જ નહીં પણ સારાવર્તન માટે પણ પ્રયત્નશીલ રહો, જ્યારે સારો વ્યવસાય તમને ખુશ રાખશે તો સારું વર્તન તમને આંતરિક સુખ આપશે, આપણા જીવનમાં ઘણી બધી પરેશાનીઓનું એક જ કારણ છે અને તે છે પ્રકૃતિ.**

આપણે પ્રજાસત્તાક દિનની ઉજવણીની તૈયારીમાં વ્યસ્ત બન્યા છીએ ત્યારે આઠમા પગાર પંચની જાહેરાતથી કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે આ બધા વચ્ચે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભગવાન શ્રી કૃષ્ણ એ બહુ પરીમાણીય વ્યક્તિ ત્વનો ભંડાર છે. એક બાજુ તેઓ વંશીધર છે અને બીજી બાજુ તેઓ ચક્રધાર છે,એક બાજુ તેઓ માખણ ચોર નારા છે અને બીજી બાજુ તેઓ બ્રહ્માંડને ખવડાવનારા છે. એક તરફ તે બનવારી છે અને બીજી બાજુ તે ગિરધારી છે, એક બાજુ તે રાધા રમણ છે અને બીજી બાજુ તે રૂકમણીનું અપહરણ કરનાર છે. ક્યારેક શાંતિના દૂત, ક્યારેક ક્રાંતિના દૂત,ક્યારેક માતા યશોદાના પુત્ર અને ક્યારેક માતા દેવકીના પુત્ર.ક્યારેક યુદ્ધના મેદાન માંથી ભાગી જવાની ક્રિયા,તો ક્યારેક હજાર માથાવાળા નાગના માથા પર નાચવાનું. નિર્ભયતાથી જીવન જીવવાનું નામ કૃષ્ણ છે. ભગવાન શ્રી કૃષ્ણ એ જીવનને સંપૂર્ણ રીતે સ્વીકારવાનો પાઠ શીખવ્યો.આમ શ્રી કૃષ્ણનું જીવન આપણને પરિસ્થિતિઓથી ભાગવાનું નહીં પરંતુ હિંમતભેર સામનો કરવાનું શીખવે છે. ભગવાન શ્રીકૃષ્ણ મહાન કર્મયોગી હતા,તેમણે અર્જુનને સમજાવ્યું કે હે અર્જુન! સંમત છું કે કામ થોડું દુઃખદાયક છે પણ કામ કર્યા વિના સુખ પ્રાપ્ત થઈ શકતું નથી.જો કોઈ ક્રિયાનો હેતુ શુદ્ધ અને શુભ હોય તો તે ક્રિયા સત્કર્મ બની જાય છે. જીવનનો એક સાદો નિયમ છે એ છે કે જો શિસ્ત ન હોય તો પ્રગતિ થતી નથી.અનુશાસનમાં વહેવાથી જ નદી સાગર સુધી પહોંચે છે અને મહા સાગર બની જાય છે. શિસ્તબદ્ધ રહેવાથી જ વેલો જમીન પરથી ઊગીને વૃક્ષની ઊંચાઈ પ્રાપ્ત કરી શકે છે અને શિસ્ત બદ્ધ રહેવાથી જ વાયુ ફૂલોની સુગંધ ગ્રહણ કરીને સુગંધિત બને છેઅને ચારેય દિશાઓને સુગંધથી ભરી દે છે. જો પાણી અવ્યવસ્થિત હોય, તો તે પૂરનું સ્વરૂપ લે છે. જો પવન અનુશાસનહીન હોય તો તે તોફાન બની જાય છે અને જો અગ્નિ અનુશાસનહીન હોય તો તે મહાન વિનાશનું કારણ બને છે. તેવી જ રીતે,અનુશાસનહીનતા ફક્ત પોતાના જીવનનો વિનાશ જ નથી કરતી પણ બીજા માટે પણ વિનાશનું કારણ બને છે. જો ગાડી શિસ્તમાં ચલાવે તો પ્રવાસનો આનંદ વધુ



વધે છે. તેવી જ રીતે જો જીવન શિસ્તમાં જીવવામાં આવે તો જીવનની સફરનો આનંદ વધુ વધે છે. જીવનનો ઘોડો નિરંકુશતા કે અનિયંત્રિતતાનો ત્યાગ કરીને પ્રગતિના પંથે કે તેના લક્ષ્ય તરફ સતત દોડતો રહે તે માટે શિસ્તના રૂપમાં લગામ પોતાના હાથમાં હોવી જરૂરી છે. હંમેશા માત્ર સારા વ્યવસાય માટે જ નહીં પણ સારાવર્તન માટે પણ પ્રયત્નશીલ રહો.જ્યારે સારો વ્યવસાય તમને ખુશ રાખશે તો સારું વર્તન તમને આંતરિક સુખ આપશે. આપણા જીવનમાં ઘણી બધી પરેશાનીઓનું એક જ કારણ છે અને તે છે પ્રકૃતિ.જો કંઈ ન હોય તો અભાવ પીડાય છે. કંઈક થાય તો યાતના અનુભવે છે અને બધું થાય તો કુદરત યાતના આપે છે. ખરાબ સ્વભાવથી આપ ણે સરળ વસ્તુઓને પણ મુશ્કેલ બનાવી દઈએ છીએ. હૃદયમાં ખોટું વર્તન,ગુસ્સો, અશાંતિ અને ભય પેદા કરે છે. વ્યાપાર તમને બાહ્ય સુખ આપશે પરંતુ માત્ર મધુર વર્તન તમને આંતરિક સુખ,આનંદ અને નિર્ભયતા આપશે. માત્ર વ્યવસાય વિશે જ નહીં પણ વર્તન વિશે પણ વિચારો. સુંદરતાનો અભાવ પણ સારો સ્વભાવ સરભર કરે છે,પરંતુ જો સારા સ્વભાવની ઉણપ હોય તો તેને સુંદરતાથી ક્યારેય પુરી શકાતી નથી. ચહેરાની સુંદરતા પ્રકૃતિ પર નિર્ભર કરે છે પણ પ્રકૃતિની સુંદરતા તમારા વલણ પર આધારિત છે.જ્યારે ચહેરાની સુંદરતા માત્ર આંખોમાં પ્રતિબિં બિત થાય છે,ત્યારે પ્રકૃતિની સુંદરતા હૃદય સુધી પહોંચે છે. માણસ નાખુશ રહે છે કારણ કે તે પોતાનું ઘર,શહેર,દેશ,મિત્રો, સંબંધો બધું જ બદલી નાખે છે પણ તેનો સ્વભાવ બદલી શકતો નથી. જીવનનું સત્ય એ છે કે માણસ પોતાના સ્વભાવ થી સુખી કે દુઃખી થાય છે. સારો સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં ઉતારી દે છે અને ખરાબ સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં થી પણ ખસી જાય છે.તેથી, તમારા સ્વભાવને નરમ બનાવો જેથી તમારું સમગ્ર જીવન મધુરતાથી ભરાઈ જાય.જેનો સ્વ ભાવ મધુર હોય છે તેનું જીવન પણ મધુર બને છે. ઘણીવાર લોકો પ્રયત્નો ન કરવાને સંતોષ માને છે.સંતોષ એ નિષ્ક્રિયતાનું નામ નથી,પરંતુ સતતપ્રયત્નો કરીને પરિણામથી અસંબદ્ધ રહેવું એનું નામ સંતોષ છે. સંતોષનો અર્થએ નથીકે પ્રયાસ ન કરવો પણ પ્રયાસ કર્યા પછી જે મળે તેનાથી ખુશ રહેવું.ઘણા લોકો સંતોષની આડમાં પોતાની નિષ્ક્રિયતાને છુપાવે છે. પ્રયાસ કરવામાં, ઉપક્રમમાં,પ્રયાસ કરવામાં અસંતુષ્ટ રહો. પ્રયત્નોની અંતિમ સીમા પર જાઓ. ધ્યેયને એક ક્ષણ માટે પણ ભૂલશો નહીં. સંતુષ્ટ બનો પણ ક્યારેય આળસુ ન બનો. કોઈપણ કામ કરતી વખતે એ ભાવનાથી કરો કે બધું મારા પર નિર્ભર છે. કાર્ય કર્યા પછી,બધું ભગવાન પર નિર્ભર છે તેવી લાગણી સાથે તમારી જાતને સમર્પિત કરો.પરિણામે જે પણ મળે તેને પ્રેમથી સ્વીકારો, આ જ જીવનમાં શાંતિ અને સુખનો માર્ગ છે. સમસ્યા ગમે તેટલી મોટી કેમ ન હોય,તેનો કોઈને કોઈ ઉકેલ ચોક્કસ જ હોય છે. આપણે મક્કમતાથી સમસ્યાનો સામનો કરવો જોઈએ કારણ કે સમસ્યા નો સામનો કરવાથી દૂર થાય છે, પીછેહઠ કરવાથી નહીં.ભાગવું એ સમસ્યાનો ઉકેલ નથી, જાગવું એ ઉકેલ છે. આ સ્વભાવનો એક નિયમ પણ છે કે અહીં હંમેશા નબળા લોકો જ એકબીજાને ત્રાસ આપે છે અને મજબૂત લોકો તેમની સાથે ખોટું કર્યા પછી પણ પાછળ રહી જાય છે.જો તમારી આત્મશક્તિ નબળી હશે તો જીવન તમને દરેક રીતે ત્રાસ આપશે.દુઃખ સાથે પણ એવું જ થાય છે. તમે દુઃખથી દૂર ભાગવાનો જેટલો પ્રયત્ન કરશો, તેટલા વધુ દુઃખ તમારા પર હાવી થશે. સમસ્યાને ઘટાડવાનો શ્રેષ્ઠ માર્ગએ છે કે સમસ્યાનો મજબૂતાઈથી સામનો કરવો. વાચક ચાહક મિત્રો, આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં સતત ચિંતન મનન થકી જીવન ઉત્તમ રસ્તે કેવી રીતે જીવી શકાય તે જાણવા પ્રયત્ન કરીએ છીએ આપ સૌને આ લેખમાળાના મણકા ચોક્કસ આનંદ આપતા હશે તેવી આશા સહ અસ્તુ.

### ૩૮ કરોડની માતબર રકમના ખર્ચે વસાવેલ સાઇબર નાઇફ રોબોટિક થેરાપી દ્વારા સચોટ અને ન્યુનતમ આડઅસર રહિત રેડિએશન થેરાપી અપાય છે

# રોબોટિક સર્જરીની સુવિધા ધરાવનાર અમદાવાદની સિવિલ હોસ્પિટલ દેશની સૌપ્રથમ અને એકમાત્ર સરકારી હોસ્પિટલ

**ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GCRI) દેશમાં રેડિયોથેરાપી માટેના અદ્યતન કેન્દ્રોમાંથી એક છે, અહીં દરેક દર્દીની જરૂરિયાતો અનુસાર ઝડપી, સચોટ અને ઓછી આડઅસર સાથેની સારવાર પૂરી પાડવામાં આવે છે, સંસ્થા પાસે અત્યાધુનિક રેડિયેશન ઓંક્રોલોજી ક્ષેત્રે અત્યાધુનિક કહી શકાય તેવી સાઇબરનાઇફ, ટ્રૂબીમ લિનેક અને ટોમોથેરાપી જેવી સેવાઓ /ઉપકરણો અંદાજીત ૯૫ કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવી.**





સરકારી હોસ્પિટલમાં ડૉક્ટર દ્વારા તો દર્દીઓને તપાસતા, સારવાર, સર્જરી કરતાં દશ્યો આપણા માનસપટલ પર અંકિત થયેલા છે, પરંતુ રોબોટથી સારવાર થાય એ સાંભળ્યું છે? અને એ પણ સરકારી હોસ્પિટલમાં !!! આશ્ચર્યચકિત થવાની જરૂર નથી, આ વાત તદ્દન સાચી અને વાસ્તવિક બની ગઈ છે. રોબોટિક સર્જરીની સુવિધા ધરાવનાર અમદાવાદની સિવિલ હોસ્પિટલ દેશની સૌપ્રથમ અને એકમાત્ર સરકારી હોસ્પિટલ બની છે. અમદાવાદ સિવિલ મેડિસિટીની કેન્સર ઈન્સ્ટિટ્યૂટ(GCRI)માં રેડિયેશન થેરાપી માટે સાયબર નાઈફ રોબોટિક્સનો ઉપયોગ કરાય છે. અંદાજે ૩૮ કરોડના ખર્ચે વસાવેલ આ સાયબર નાઈફ મશીન કેન્સરગ્રસ્ત ટ્યુમરની સાથે સાથે સામાન્ય પ્રકારના ૫(પાંચ )મી.મી. થી ૩ સે.મી. સુધીની કદના સામાન્ય ટ્યુમરનું પણ સચોટ અને ન્યુનત્તમ આડઅસર રહિત નિદાન કરી શકે છે. અહીં મહત્વની બાબત એ પણ છે કે, સરકારી સંસ્થામાં આ પ્રકારની સારવાર આપતું સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર રાજ્ય છે. અમદાવાદ ખાતે આવેલી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) કેન્સરના દર્દીઓ માટે આશાનું કિરણ બની રહી છે. ઉત્કૃ ષ્ટ મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અત્યાધુનિક સારવાર સેવાઓ થકી છેલ્લાં ઘણા વર્ષોથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાં કેન્સરની સારવાર માટે GCRI જાણીતું નામ બન્યું છે. કેન્સરની સારવારમાં રેડિયેશન થેરાપી એક મહત્ત્વની સારવાર છે. કેન્સર સામેની લડાઈમાં વધુને વધુ દર્દીઓને ઉત્તમ સારવાર સમયસર પૂરી પાડીને તેમને દર્દમુક્ત કરવાના ઉદ્દેશ સાથે કામ કરતી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) રેડિયેશન થેરાપીમાં સતત આધુનિક ઉપકરણો થકી તેનું મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવી રહી છે. ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) દેશમાં રેડિયોથેરાપી માટેના અદ્યતન કેન્દ્રોમાંથી એક છે. અહીં દરેક દર્દીની જરૂરિયાતો અનુસાર ઝડપી, સચોટ અને ઓછી આડઅસર સાથેની સારવાર પૂરી પાડવામાં આવે છે. સંસ્થા પાસે અત્યાધુનિક રેડિયેશન ઑક્રોલોજી ક્ષેત્રે અત્યાધુનિક કહી શકાય તેવી સાઈબરનાઈફ, ટ્રૂબીમ લિનેક અને ટોમોથેરાપી જેવી સેવાઓ/ઉપકરણો અંદાજીત ૯૫ કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રેડિયેશન ઓક્રોલોજી ક્ષેત્રે ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI)ની મહત્ત્વપૂર્ણ ટેકનોલોજી/ઉપકરણો, સાઈબરનાઈફ - રોબોટિક લિનિયર એસેલરેટર. આ ક્રાંતિકારી ટેકનોલોજી મગજ, ફેફસા, લિવર, કરોડરજ્જુ અને પ્રોસ્ટેટ જેવા સંવેદનશીલ અંગોમાં મેલીગ્નેન્ટ ટ્યુમરની હાઈ-ડોઝ રેડિયેશન સાથે સચોટ સારવાર માટે પરફેક્ટ છે. આજુબાજુની હેલ્થી ટિસ્યુને ઓછું નુકસાન થાય તે રીતે કામગીરી કરે છે, જેના લીધે સરળતાથી પહોંચી ન શકાય તેવાં અંગોના કેન્સર અને નોન કેન્સર ટ્યૂમરની સારવાર સરળ બને છે. નોન-સર્જિકલ, ઓછી વાઢકાપ અને ઓછો રિકવરી ટાઈમ જરૂરિયાત હોય તેવા દર્દીઓ માટે ખાસ ઉપયોગી. મહત્તમ ચોકસાઈ સાથે કામગીરી કરતું સાઈબરનાઈફ સ્ટીરીયોટેકટીક રેડિયો સર્જરી (SRS) અને સ્ટીરિયો ટેક્ટિક બોડી રેડિયો થેરાપી(SBRT) જેવી સર્જરી કે જ્યાં અત્યંત સચોટતા સાથે ટ્યુમરને સબમિલિમીટર એક્યુરેસી સાથે ટાર્ગેટ કરવાની હોય ત્યાં અત્યંત ઉપયોગી છે. સાઈબરનાઈફ અત્યંત ચોક્કસ અને જરૂરિયાત મુજબનો રેડિયેશન ડોઝ આપતું હોવાથી ટ્રીટમેન્ટ ૧થી ૫ દિવસમાં જ પૂર્ણ કરી શકાય છે. આ સારવારમાં સૌથી ઓછી આડઅસરો ઉદ્દભવતી હોવાથી સારવારનો સક્સેસ રેશિયો ઊંચો રહે છે અને ઓછા હોસ્પિટલાઈઝેશનની જરૂર પડે છે. ટ્રૂબીમ લિનિયર એસેલરેટર (TrueBeam LINAC): ટ્રૂબીમની રેપિડઆર્ક ટેકનોલોજી બ્રેસ્ટ કેન્સર, પ્રોસ્ટેટ કેન્સર તથા ફેફસા અને હેડ એન્ડ નેક કેન્સર જેવા વિવિધ પ્રકારના કેન્સર માટે ઝડપી અને શક્તિશાળી રેડિયેશન થેરાપી પ્રદાન કરે છે. તેની અદ્યતન ટેકનોલોજી ટ્યુમરના મૂવમેન્ટને ઠીક કરી સચોટ સારવાર આપે છે. અત્યંત ચોક્કસ ટાર્ગેટેડ રેડિયેશન ડિલિવરીના લીધે સારવાર માટે ખૂબ જ ઓછો સમય જોઈએ છે અને સાઈડ ઈફેક્ટ અત્યંત ઓછી રહે છે. દરેક દર્દીના ટ્યુમરના પ્રકાર અને તેના સ્થાનના આધારે રેડિયેશન ડોઝ આપી શકાતો હોવાથી સ્વસ્થ પેશીઓને અને અંગોને નુકસાન થતું નથી અને સારી સારવાર મળી રહે છે. રિસ્પિરેટરી ગેટિંગની સુવિધાના લીધે દર્દીની શ્વસન પ્રણાલીના આધારે સારવાર કરી શકાય છે. શ્વસન પ્રણાલીના આધારે ટ્યુમરની મૂવમેન્ટ ચેક કરી શકાય છે. જેના લીધે એક અંગમાં ઉદભવતા કેન્સરની સારવાર દરમિયાન અન્ય અંગોને થતું નુકસાન અટકાવી શકાય છે. ટોમોથેરાપી (રેડિક્સેક્ટ): ટોમોથેરાપી એક વિશિષ્ટ રેડિયેશન પદ્ધતિ છે, જે ટ્યુમરને સ્લાઈસ બાય સ્લાઈસ ટ્રીટ કરે છે. જેના લીધે ઓવરડોઝ કે અંડરડોઝની સમસ્યા સર્જાતી નથી. મોટી અને જટિલ ટ્યુમરની સારવાર સરળતાથી કરી શકાય છે તેમજ અન્ય અંગોને થતું નુકસાન અટકાવી શકાય છે. જટિલ કેન્સરની સારવાર માટે ખૂબ જ ઉપયોગી થેરાપી. બાળકોમાં જોવા મળતા કેન્સર તથા ટ્યુમરની ફરીવાર સારવાર કરવાની જરૂરિયાત હોય તેવા કેસમાં નોર્મલ અંગોને બચાવીને સારવાર કરી શકાય છે. અંગોના મોટાભાગના વિસ્તારમાં કંટીન્યુઅસ રેડિયેશન આપી શકાતું હોવાથી આ સારવાર ટોટલ બોડી ઈરેડીએશન (TBI)અને ટોટલ મેરો ઈરેડીએશન(TMI) તથા ટોટલ મેરો અને લિમ્ફોઈડ ઈરેડીએશન(TMLI) જેવી સ્થિતિમાં ઉપયોગી છે. કોબાલ્ટ બ્રેકિથેરાપી (ફ્લેક્સિટ્રોન): બ્રેકિથેરાપીમાં સીધો ટ્યુમરની અંદર રેડિયેશન સ્રોત મૂકવામાં આવે છે. જેના લીધે કેન્સર ટ્યુમરને યોગ્ય માત્રામાં જરૂરિયાત મુજબનો રેડિયેશન ડોઝ આપી શકાય છે તથા આસપાસનાં અંગોને નુકસાન પહોંચતું નથી. ખાસ કરીને યોની, ગર્ભાશય, મોંઢા, જીભ, પ્રોસ્ટેટ, સ્તન કેન્સર તથા ઓરલ અને સોફ્ટ ટિસ્યુ કેન્સર માટે અસરકારક છે. GCRI પાસે ત્રણ લિનિયર એસેલરેટર, એક કોબાલ્ટ (Bhabhatron-ભાભાટ્રોન) યુનિટ, એક ઈરિડિયમ (માઈક્રો-સિલેક્ટ્રોન) યુનિટ, ૪ઢ ઝ્ર સિમ્યુલેટર અને એક કન્વેન્શનલ (એક્સ-રે) સિમ્યુલેટર ઉપલબ્ધ છે. GCRI પાસે ખૂબ જ કુશળ અને સમર્પિત રેડિયેશન ઑક્રોલોજી ટીમ છે, જે દરેક દર્દીને જરૂરિયાત અનુસારની વ્યક્તિગત સારવાર પ્રદાન કરે છે. અદ્યતન ટેકનોલોજી અને નિષ્ણાત ડોક્ટરો સાથેની GCRIની ટીમ દર્દીઓ માટે શ્રેષ્ઠ પરિણામો, ઓછી આડઅસર સાથેની તથા દર્દીની જીવન ગુણવત્તામાં સુધારો લાવવા માટે જરૂરી હોય તેવી ટ્રીટમેન્ટ પૂરી પાડે છે. આમ, GCRIની સ્ટેટ ઓફ ધ આર્ટ રેડિયેશન થેરાપી ટેકનોલોજી લગભગ દરેક પ્રકારના કેન્સરની સચોટ સારવાર માટે સુવિધા પૂરી પાડે છે.

### વિકી ધૂમ પછી ફરી આલિયા સાથે 'આલ્ફા'માં પણ કામ કરે તેવી શક્યતા

# વિકીની લોટરી 'લવ એન્ડ વોર' પછી રણબીર સાથે 'ધૂમ ૪'માં કામ કરશે?

વિકી ધૂમ પછી ફરી આલિયા સાથે 'આલ્ફા'માં પણ કામ કરે તેવી શક્યતા હજુ તો વિકી કૌશલની 'છાવા' રિલીઝ થવાની તૈયારીઓ ચાલી રહી છે, ત્યાં તેણે પોતાની આવનારી ફિલ્મોની પણ તૈયારી કરી લીધી છે. છાવામાં તે રશ્મિકા મંદાના અને અક્ષય ખન્ના સાથે જોવા મળશે. ત્યાર બાદ તે ભણસાલીની 'લવ એન્ડ વૉર'માં આલિયા ભટ્ટ અને રણબીર કપૂર સાથે કામ કરશે. હવે વિકી રણબીર અને આલિયા સાથે વધુ એક-એક ફિલ્મ પણ કરવાનો હોવાની ચર્ચા શરૂ થઈ છે. તેણે યશરાજ સાથે બીજા બે પ્રોજક્ટ સાઈન કર્યા હોવાની ચર્ચા છે. કેટલાંક અહેવાલો અનુસાર વિકીએ આદિત્ય ચોપરા સાથે મુલાકાત કરી હતી. તેમને વિકીને પોતાના પ્રોડક્શનની બે ફિલ્મોમાં કાસ્ટ કરવાની ઈચ્છા છે. તેમાંથી એક સ્પાય યુનિવર્સની ફિલ્મ હોઈ શકે, જેનાથી આલિયા પણ યશરાજના સ્પાય યુનિવર્સમાં પ્રવેશ કરવાની છે. આદિત્યની ઈચ્છા યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સને વિસ્તારવાની છે, તેથી એવું પણ બની શકે કે આગિત્ય વિકી સાથે કોઈ નવી ફિલ્મ પણ બનાવે. જોકે, હજુ આ આયોજન કઈ રીતે આગળ વધે છે તે તો 'આલ્ફા' બોક્સ ઓફિસ પર કેવી ચાલે છે, તેના પર આધાર છે. આ ઉપરાંત વિકી યશરાજની અન્ય એક ફિલ્મમાં પણ કામ કરે તેવી શક્યતા છે. યશરાજ દ્વારા પોતાની ધૂમ ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ માટે રણબીર કપૂરને સાઈન કરી લીધો હોવાના અહેવાલો ફરતા થયા હતા. જે ફિલ્મમાં મુખ્ય વિલનનો રોલ કરશે. પરંતુ હવે એવા પણ કેટલાંક અહેવાલો છે કે આ ફિલ્મમાં વિલનના રોલ માટે સાઉથના કોઈ સુપર સ્ટાર સાથે પણ વાટાઘાટો ચાલી રહી હોવાની વાત છે. યશરાજ દ્વારા પોતાની ધૂમ ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ માટે રણબીર કપૂરને સાઈન કરી લીધો હોવાના અહેવાલો ફરતા થયા હતા એવી પણ અફવા હતી કે જુનિયર એનટીઆર આ ફિલ્મમાં કોઈ એક રોલ કરશે. કારણ કે તે યશરાજની આયાન મુખર્જી ડિરેક્ટ કરે છે તેવી અન્ય એક યુદ્ધ આધારીત ફિલ્મમાં પણ કામ કરે છે. ત્યારે આયાન મુખર્જી જ 'ધૂમ ૪' પણ ડિરેક્ટ કરે તેવી વાત છે. રસપ્રદ વાત એ પણ છે કે આ વખતે અભિષેક બચ્ચન અને ઉદય ચોપરા આ વખતે ફિલ્મમાં દેખાશે નહીં. તો બની શકે કે આમાંથી કોઈ એક રોલમાં આદિત્ય ચોપરા વિકી કૌશલને પણ કાસ્ટ કરી શકે છે. અભિષેક બચ્ચને પહેલી ત્રણ ફિલ્મોમાં એસીપી જય દિક્ષિતનો રોલ કર્યો હતો. તેથી એવું પણ બની શકે કે આ વખતે ચોર રણબીરની પાછળ ઓફિસર વિકી પડે તેવું પણ બની શકે. જોકે, આ અંગે હજુ યશરાજ ફિલ્મ્સ તરફથી કોઈ જાહેરાત કરવામાં આવી નથી.



### વિકી-અનન્યાને લીડ રોલની શક્યતા

# 'ગલી-બોય'ની સીક્વલમાં રણવીર અને આલિયાની બાદબાકી થઈ શકે

## રણવીર સિંહ અને આલિયા ભટ્ટની રોમેન્ટિક મ્યૂઝિકલ ફિલ્મ 'ગલી બોય'ને ૨૦૧૯માં ઓડિયન્સે ભરપૂર પ્રેમ આપ્યો હતો

રણવીર સિંહ અને આલિયા ભટ્ટની રોમેન્ટિક મ્યૂઝિકલ ફિલ્મ 'ગલી બોય'ને ૨૦૧૯માં ઓડિયન્સે ભરપૂર પ્રેમ આપ્યો હતો. ઓસ્કાર એવોર્ડમાં ભારતની ઓફિશિયલ એન્ટ્રી તરીકે આ ફિલ્મની પસંદગી થઈ હતી. રણવીર અને આલિયાની જોડીને લોકપ્રિયતા અપાવનારી આ ફિલ્મની સીક્વલ બનાવવાની તજવીજ શરૂ થઈ ગઈ છે. જો કે તેમાંથી આલિયા અને રણવીરના બદલે અન્ય સ્ટાર્સની પસંદગી થઈ શકે છે. સીક્વલમાં આલિયા અને રણવીરને રિપિટ કરવાના બદલે મેકર્સે વિકી કૌશલ તથા અનન્યા પાંડે સાથે વાટાઘાટ શરૂ કરી છે. ૨૦૧૯ની સૌથી મોટિ હિટ બનેલી આ ફિલ્મને ઝોયા અખ્તરે ડાયરેક્ટ કરી હતી. તેમાં મુંબઈના સ્ટ્રીટ રેપર્સની સ્ટોરી હતી. રણવીરે મુરાદ અહેમદ અને આલિયાએ સફીનાનો રોલ કર્યો હતો. સીક્વલમાં નવા કેરેક્ટર્સ લાવવાનો ઈરાદો હોવાથી મેકર્સે કાસ્ટિંગમાં પણ ફેરફાર કરવાનું વિચાર્યુ છે. આ સાથે ડિરેક્શનની જવાબદારી ઝોયા અખ્તરના બદલે અર્જુન વરિયનને સોંપાશે. અર્જુને અગાઉ ખો ગયે હમ કહાં ડિરેક્ટ કરી હતી. અર્જુન વરિયન સિંગની ઈચ્છા વિકી અને અનન્યા સાથે ફિલ્મ બનાવવાની છે. નવી ટીમ સાથે જૂના પ્રોડ્યુસર આગળ વધી રહ્યા છે. આમ તો આ પ્રોજેક્ટ માટે પાછલા ચાર વર્ષથી તૈયારી ચાલી રહી હતી. ૨૦૨૦ના વર્ષમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન ઝોયા અખ્તરે 'ગલી બોય'ની સીક્વલ માટે સ્ક્રિપ્ટ બની રહી હોવાનું કહ્યું હતું. આગામી ફિલ્મમાં પણ ભારતના હિપ-હોપ કલ્ચરને દર્શાવવામાં આવશે. ડિવાઈન અને નાઝી નામના રેપર્સના જીવન આધારિત આ ફિલ્મના કારણે દેશભરમાં સ્ટ્રીટ રેપને લોકપ્રિયતા મળી હતી. તેમાં સિદ્ધાંત ચતુર્વેદીએ એમસી શેરનો રોલ કર્યો હતો. વિજય રાઝલ, વિજય વર્મા પણ તેમાં મહત્ત્વના રોલમાં હતા.



### હું માનસિક રીતે તૈયાર થઈશ ત્યારે બધાને જણાવીશ

# સ્ટેજ 3 બ્રેસ્ટ કેન્સરની ૯૯% તકલીફો અંગત

## હિના ખાન ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સર સામે લડી રહી હોવા છતાં પોતાનું કામ સક્રિયપણે કરી રહી છે

હિના ખાન ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સર સામે લડી રહી હોવા છતાં પોતાનું કામ સક્રિયપણે કરી રહી છે, તે વાત તો બધા જાણે છે. તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેની બ્રેસ્ટ કેન્સરની સફરને સોશિયલ મીડિયા પર ડોક્યુમેન્ટ કરવી એ તેનો વિચારપૂર્વક લીધેલો નિર્ણય છે. જોકે, તેણે આ ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે જેટલું પણ શેર કર્યું છે તે તેની ખરી પીડાનું એક ટકો જ છે. તેણે કહ્યું કે પ્રોત્સાહન આપે અને હિંમત વધારે એવી ઘણી વાતો અને પ્રસંગો છે, જેમાંથી તેને શીખવા મળ્યું તે તેને શેર કરવું છે, પરંતુ તે જ્યારે તેના માટે માનસિક રીતે તૈયાર હોય ત્યારે જ શેર કરશે. તેની અત્યાર સુધીની દરેક પોસ્ટ કાળજીપૂર્વક અને આયોજનપૂર્વક મુકવામાં આવી છે, જે અંગત રીતે ઘણી મહત્વની છે, તે એમ જ મુકી દેવાઈ નથી. પોતાની કપરી પરિસ્થિતિ વિષે હિનાએ કહ્યું, જીવનમાં અલગ અલગ તબક્કે દરેકને સંઘર્ષ કરવો જ પડતો હોય છે, પછી તે અંગત હોય તે પછી વ્યવસાયિક. તેણે કહ્યું કે ટીવીથી દૂર જઈને નવી કારકિર્દી શરૂ કરવી અને જીવનમાં સ્થિરતા લાવે તેવું કામ છોડી દઈને વધુ અઘરો રસ્તો અપનાવવો તેના માટે કેટલો મુશ્કેલ હતો. તેણે કહ્યું કે આ મુશ્કેલીઓનો સામનો કરવા સિવાય જીવનમાં બીજો કોઈ વિકલ્પ હોતો નથી. ભાગી પડવું સહજ છે, પણ પછી તમારે તમારી જાતને ફરી સંભાળીને આગળ વધવું જ પડશે. હિના ખાન ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સર સામે લડી રહી હોવા છતાં પોતાનું કામ સક્રિયપણે કરી રહી છે, તે વાત તો બધા જાણે છે. તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેની બ્રેસ્ટ કેન્સરની સફરને સોશિયલ મીડિયા પર ડોક્યુમેન્ટ કરવી એ તેનો વિચાર પૂર્વક લીધેલો નિર્ણય છે. જોકે, તેણે આ ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે જેટલું પણ શેર કર્યું છે તે તેની ખરી પીડાનું એક ટકો જ છે. તેણે કહ્યું કે પ્રોત્સાહન આપે અને હિંમત વધારે એવી ઘણી વાતો અને પ્રસંગો છે, જેમાંથી તેને શીખવા મળ્યું તે તેને શેર કરવું છે, પરંતુ તે જ્યારે તેના માટે માનસિક રીતે તૈયાર હોય ત્યારે જ શેર કરશે. તેની અત્યાર સુધીની દરેક પોસ્ટ કાળજીપૂર્વક અને આયોજનપૂર્વક મુકવામાં આવી છે, જે અંગત રીતે ઘણી મહત્વની છે, તે એમ જ મુકી દેવાઈ નથી. પોતાની કપરી પરિસ્થિતિ વિષે હિનાએ કહ્યું, જીવનમાં અલગ અલગ તબક્કે દરેકને સંઘર્ષ કરવો જ પડતો હોય છે, પછી તે અંગત હોય તે પછી વ્યવસાયિક. તેણે કહ્યું કે ટીવીથી દૂર જઈને નવી કારકિર્દી શરૂ કરવી અને જીવનમાં સ્થિરતા લાવે તેવું કામ છોડી દઈને વધુ અઘરો રસ્તો અપનાવવો તેના માટે કેટલો મુશ્કેલ હતો.



### આ ટીઝર લૉંચ થતાં જ સોશિયલ મીડિયા પર છવાઈ ગયું હતું

# રજનીકાંતની 'જેલર ૨'નું ટીઝર સોશિયલ મીડિયા પર છવાઈ ગયું

મકર સંક્રાંતિ અને પોંગલના તહેવારો પર રજનીકાંતની ફૅન્સને ગિફ્ટ મળી છે. થલાઈવા રજનીકાંતની એક્શનથી ભરપુર ફિલ્મની સિક્વલ 'જેલર ૨'નું ટીઝર લોંચ કરવામાં આવ્યું છે. બોક્સ ઓફિસ પર 'જેલર' બહુ સારી ચાલી હતી. હવે તેના મેકર્સ દ્વારા સિક્વલની જાહેરાત કરવામાં આવી છે. મકર સંક્રાંતિના દિવસે મેકર્સ દ્વારા સિક્વલનું ટીઝર લોંચ કરવામાં આવ્યું છે. ડિરેક્ટર નેલ્સનની આ ફિલ્મ પણ એક્શનથી ભરપુર હોવાનો અંદાજ આવે છે. તેનાથી ફરી એક વખત રજનીકાંતના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયા છે. મંગળવારે સન પિક્ચર્સ દ્વારા સોશિયલ મીડિયા પર ટીઝર શેર કરવાની સાથે 'જેલર ૨'ની જાહેરાત કરવામા આવી છે. જેમાં અનિરુદ્ધ રવિચંદર અને ડિરેક્ટર નેલ્સન નિરાંતે ફિલ્મની સ્ક્રીપ્ટ પર ચર્ચા કરતા દેખાય છે. જેમાં એક અજાણ્યા વ્યક્તિ પર કુહાડીથી હુમલો થતાં તેમની નિરાંતમાં ખલેલ પહોંચે છે. પછી ધીરેથી તેમાં રજનીકાંત પ્રવેશે છે અને તેના એક હાથમાં ગન છે. પછી ખબર પડે છે કે આ બધી મારધાડ રજનીકાંતને કારણે જ થઈ છે. દુશ્મન પર રજનીકાંત એક બોમ્બ ફોડે છે, ત્યારે આ ટીઝર પૂરું થાય છે અને અંતે તે ટાઈગર મુથુવેલ પાંડિયનના રાજને સ્થાપિત કરે છે. આ સાથે ફિલ્મના ડિરેક્ટરે રજનીકાંતનો આભાર માનીને એક્સ પર પોસ્ટ લખી હતી. તેમણે લખ્યું,"એક અને માત્ર એક સુપરસ્ટાર થલાઈવા રજનીકાંત સર અને મારા ફેવરીટ સન પિક્ચર્સના કલાનિથિમારન સર અને મારા વ્હાલા મિત્ર અનિરુદ્ધ સાથે મારી આગામી ફિલ્મ 'જેલર ૨' વિશે જાહેરાત કરતાં ખુબ આનંદ અનુભવું છું અને મારી ટીમનો પણ આભાર." આ ટીઝર લોંચ થતાં જ સોશિયલ મીડિયા પર છવાઈ ગયું હતું. જ્યારે રજની ફૅન્સે આ ફિલ્મ ૧૦૦૦ કરોડનો રેકોર્ડ તોડશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. રજનીકાંતની 'જેલર' ૨૦૨૩માં આવી હતી અને તેને જોરદાર સફળતા મળી હતી. નેલ્સને ડિરેક્ટ કરેલી આ ફિલ્મમા રજનીકાંત સિવાય વિનાયકન, રામ્યા ક્રિશ્નન, તમન્ના ભાટીયા, વસંત રવિ, મિરાના મેનન, યોગી બાબુ અને સુનિલ જેવા કલાકારો પણ મહત્વના રોલમાં છે. તેમાં મોહનલાલ, શિવા રાજકુમાર અને જેકી શ્રોફે મહેમાન કલાકાર તરીકે હાજરી આપી હતી. આ ફિલ્મે વર્લ્ડ વાઈડ ૬૦૪.૫ કરોડ અને ભારતમાં ૩૪૮.૫૫ કરોડ જેટલી કમાણી કરી હતી. હવે 'જેલર ૨' પાસે આથી પણ વધુ કમાણી કરે તેવી અપેક્ષા છે.



# 'કલકી'ની સિક્વલની વાર્તામાં કમલ હસન, પ્રભાસ-અમિતાભ

## ડિરેક્ટર નાગ અશ્વિનની ફિલ્મ 'કલકી ૨૮૯૮ એડી'ને બોક્સ ઓફિસ પર ઘણી મોટી સફળતા મળી હતી



ડિરેક્ટર નાગ અશ્વિનની ફિલ્મ 'કલકી ૨૮૯૮ એડી'ને બોક્સ ઓફિસ પર ઘણી મોટી સફળતા મળી હતી. પ્રોડ્યુસર અશ્વિની દત્તની આ મહત્વાકાંક્ષી સાઈ-ફાઈ ફિલ્મમાં પ્રભાસ લીડ રોલમાં હતો. તાજેતરમાં જ ફિલ્મના મેકર્સ દ્વારા સિક્વલ અંગે વાત કરવામાં આવી છે.અશ્વિની દત્તના જણાવ્યા અનુસાર સિક્વલ વિશે હાલ ચર્ચા-વિચારણાઓ ચાલી રહી છે, જેથી કમલ હસન, અમિતાભ બચ્ચન અને પ્રભાસના પાત્રોને વધુ મહત્વના બનાવી શકાય. ફિલ્મના પહેલા ભાગમાં અમિતાભ બચ્ચને મહત્વનો રોલ ભજવ્યો હતો. જ્યારે કમલ હસન ભલે થોડાં વખત માટે પડદા પર દેખાયો પણ તેના પાત્ર વિશે દર્શકોમાં ઘણી ઉત્સુકતા છે. અશ્વિની દત્ત ઈચ્છે છે કે વખતે દર્શકોને કમલ હસનનું પાત્ર બીજા ભાગમાં વધુ મહત્વનો અને લાંબો હશે, તેનું પાત્ર આ ફિલ્મના કેન્દ્રમાં હશે. આ ફિલ્મમાં પ્રભાસ અને કમલ હસન વચ્ચેના સીન વધારે મહત્વના હશે, તેનાથી ફિલ્મ ઘણી અલગ બનશે. જ્યારે અમિતાભ બચ્ચનનો રોલ પહેલાની જેમ જ મહત્વનો રહેશે, આ ફિલ્મમાં પણ દીપિકાના પાત્રને મહત્વ આપવામાં આવશે. ફિલમના પહેલા ભાગ માટે ખુબ મોટા ખર્ચ સાથે એક કાલ્પનિક દુનિયાની રચના કરવામાં આવી હતી. હવે આગળની ફિલ્મોમાં પણ ભવિષ્યલક્ષી ટેક્નોલોજી અને સાધનો સાથે ફિલ્મ ભારતીય દર્શકો માટે વધુ અનોખો અનુભવ બની રહેશે.

### આ ફિલ્મમાં શ્યામજી કૃષ્ણ વર્માનો રોલ કર્યો છે

# ઓસ્કાર ૨૦૨૫ની રેસમાં રહેલી 'વીર સાવરકર'માં ગુજરાતી જય પટેલ



ભારત તરફથી ઓસ્કારમાં મોકલેલી ફિલ્મોની યાદીમાં 'સ્વાતંર્ત્ય વીર સાવરકર'નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વંતંત્રતા સેનાની વીર સાવરકરના જીવન પર આધારીત આ ફિલ્મમાં મૂળ ગુજરાતી કલાકાર અને હોલિવૂડ પ્રોડ્યુસર જય પટેલે શ્યામજી કૃષ્ણ વર્માનો રોલ કર્યો છે. ભારત તરફથી આ સિવાય 'કંગુવા', 'ધ ગોટ લાઈફ', 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ', 'ગર્લ્સ વીલ બી ગર્લ્સ' તેમજ 'પુતુલ' જેવી ફિલ્મો મોકલવામાં આવી છે. એક તરફ વીર સાવરકરના રોલ માટે રણદીપ હૂડાએ રેકોર્ડબ્રેક વજન ઘટાડ્યું હતું તો જય પટેલે આ ફિલ્મમાં શ્યામજીકૃષ્ણ વર્માના રોલ માટે ૬ થી ૭ કિલો વજન વધારવું પડ્યું હતું. ભારત તરફથી ઓસ્કાર એન્ટ્રી માટેની યાદી જાહેર થઈ એ વખતે જય પટેલે આ અંગે પોતાની ખુશી પણ વ્યક્ત કરી હતી. તેણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, આ તેમની સમગ્ર ટીમની મહેનતનું ખરું વળતર છે. આંતરરાષ્ટ્રિય સ્તરે આ પ્રકારની નોંધ લેવાય એ બોક્સ ઓફિસ પર મળેલી સફળતા કરતાં પણ મોટી સિદ્ધી ગણી શકાય. આવા પ્રતિષ્ઠિત મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવું એ અમારા માટે ખુબ ગૌરવ અને સાથે વિનમ્રતાનો અનુભવ કરાવે તેવી બાબત છે. આ ફિલ્મ સાથે ગયા વર્ષે ગોવા ખાતે યોજાયેલા ૫૫મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. રણદીપ હુડાએ આ ફિલ્મના લેખન અને ડિરેક્શન માટે પણ ઘણી મહેનત કરી હતી.

# અજય દેવગનની 'શૈતાન ૨-૩'નું કામ પણ શરૂ



ગુજરાતી ફિલ્મ 'વશ'ની રિમેક અજય દેવગનની 'શૈતાન' હોરર ફિલ્મોની એક ફ્રન્ચાઈઝીનું સ્વરૂપ ધારણ કરવા જઈ રહી છે. ૨૦૨૪માં આવેલી પહેલી ફિલ્મની સફળતા બાદ હવે 'શૈતાન ૨' અને 'શૈતાન ૩' પર પણ કામ શરૂ થઈ ચૂક્યું હોવાના અહેવાલો છે. પેનોરમા સ્ટુડિઓઝની આ ફિલ્મ લોકોને ઘણી પસંદ પડી હતી. તેમાં જામકી બોડીવાલા, અજય દેવગન, જ્યોતિકા અને આર માધવનનો અભિનય પણ ઘણો વખણાયો હતો. ત્યારે ફિલ્મના મેકર્સ આ ફિલ્મને એક ફ્રેન્ચાઈઝીનું સ્વરૂપ આપવા જઈ રહ્યા છે. લોકો હજુ વધારે ડરવા તૈયાર છે. કાળા જાદુમાં ફસાઈ ગયેલા એક પરિવારની આ ફિલ્મની વાર્તા ૮ માર્ચ ૨૦૨૩માં આવેલી ગુજરાતી ફિલ્મ 'વશ' પર આધારીત છે. શૈતાને વર્લ્ડવાઈડ ૨૧૧ કરોડની કમાણી કરી હતી અને વર્ષની સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મ બની ગઈ હતી. તેનાથી જાણે હોરર ફિલ્મોનો નવો દોર શરૂ થયો હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર પેનોરમા સ્ટુડિઓઝ દ્વારા તેના આગળના બંને ભાગની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે પરંતુ તેની વાર્તા અને પાત્રો વિશે હજુ રહસ્ય જ છે. આવનારી ફિલ્મમાં અજય દેવગન હશે કે નહીં એ પણ તે પણ ફિલ્મની જાહેરાત સાથે સ્પષ્ટ થશે. પહેલી ફિલ્મની સફળતા પછી હવે બીજી ફિલ્મમાં અજય દેવગનની ફિલ્મમાં ફરી એન્ટ્રીની શક્યતા વધારે છે. પેનોરમા સ્ટુડિયોઝ દ્વારા ટર્કીશ હોરર ફિલ્મ 'ડેબ્બી' માટેના અધિકારો ખરીદી લેવાયા છે. ૨૦૦૬માં રિલીઝ થયેલી આ ફિલ્મની પણ સિક્વલ આવી છે -'ડેબ્બી ૨' અને 'ડેબ્બી –ડેમન પઝેશન' તેમજ 'ડેબ્બી ૬'. આ સિરીઝનો અલગ પ્રસંશક વર્ગ છે.



## કૃત્રિમ પૃથ્વી અને વાસ્તવિકતા કે કલ્પના?



વિશ્વમાં વૈજ્ઞાનિક વિકાસ અને તકનીકી પ્રગતિની મોહક વાતો માનવ મનને સતત નવી શક્યતાઓના સ્વપ્નો જોવા માટે પ્રેરિત કરતી રહી છે. એવામાં "કૃત્રિમ પૃથ્વી" બનાવવાની કલ્પના એ એક એવી વિચારો છે જે હજુ સુધી વૈજ્ઞાનિક અને એન્જિનીયરિંગ ક્ષેત્રે મનોરંજન સાથે જોડાયેલી છે. જોકે, આ કલ્પના સંભવિત છે, તે પહેલાં તેને વધુ સમયે અને સંસાધનો સાથે વિકસાવવું પડશે. આ લેખમાં, આપણે આ વિષયના ગહન અને દૃષ્ટિપ્રદ પાસાંને તપાસીશું. કૃત્રિમ પૃથ્વીનો આધાર - તકનીકી અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ કૃત્રિમ પૃથ્વી એ એ પ્રકારની વૈજ્ઞાનિક કલ્પના છે, જેમાં પૃથ્વી જેવી અન્ય વસવાટ લાયક જગ્યાઓ તૈયાર કરવામાં આવે, જેમ કે અંતરિક્ષમાં કોઈ અનુકૂળ અવસ્થા માટેના ડોમ, સેટલાઈટ, અથવા ગ્રહ પર આશ્રય માટેના કદમો. આવું એક પ્રોજેક્ટ માત્ર પૃથ્વી પરની તમામ સંલગ્ન પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાનું નથી, પરંતુ એનું ટેકનોલોજી, મશીનો, નાનાં સંશોધન, અને નવું અનુસંધાન હોય તેવા વિકાસના ઉદ્દેશ્ય સાથે જોડાય છે. પૃથ્વી જેવો પર્યાવરણ બનાવવા માટે મૌલિક રીતે કેટલીક વસ્તુઓ પર ધ્યાન આપવું પડે છેઃ જીવન માટે જરૂરી તત્વોઃ આમાં પાણી, ઓક્સિજન, અને અન્ય વાયુઓ જેવા તત્વોનો સમાવેશ થાય છે. જળ-ચક્રઃ પૃથ્વી પર પાણીનો ચક્ર, જે વરસાદ, ઝરણા, નદીઓ, અને સાગરોના માધ્યમથી પાણી પ્રદાને નિયમિત કરે છે. ઉનાળું અને શિયાળોઃ આ વાત એ છે કે, પૃથ્વીનો આલ્પટોપ (એટમોસ્ફેરિક બધી ગતિ) અને ગરમીના પરિપ્રેક્ષ્યમાં સપોર્ટિવ હોવું જોઈએ. મૂળભૂત ટેકનોલોજીઃ દ્રષ્ટિપ્રદ વાત એ છે કે, આ પ્રકારની ટેકનોલોજી નવું ચિંતન અને નવું ઍન્થેન્જિનિયરિંગ મોડલ પ્રદાન કરે છે. કૃત્રિમ પૃથ્વી માટે વૈજ્ઞાનિક પ્રયાસો વિશ્વભરના ઘણા વૈજ્ઞાનિક અને એન્જિનીયરિંગ ક્ષેત્રે કાર્યરત સંશોધકોએ અંતરિક્ષમાં વસવાટ માટે વિવિધ સંકલ્પનાઓ પર કામ શરૂ કર્યું છે. આ પ્રયાસો પ્રાયોજક એવા છે, જેમણે પૃથ્વી પર મોજૂદા પરિસ્થિતિમાંથી બહાર જઈને બીજાં આસપાસના ગ્રહો અથવા અંતરિક્ષમાં વસવાટના અભ્યાસને ટાંક્યું છે. નાસાની "માર્સ મિશન" અને "માર્સ કોલોની": અને અન્ય સ્પેસ એજન્સીઓમાં માટે કેટલાક પ્રોજેક્ટો પર કામ થઈ રહ્યું છે.

# શા માટે જોખમી વિકલ્પો ક્યારેક સૌથી સુરક્ષિત પણ હોઈ શકે છે

### જીવનના પરિણામોની દ્રષ્ટિએ ઉચ્ચ-વિવિધતા સામાન્ય રીતે ખરાબ વસ્તુ છે, જો કે તે ચોક્કસપણે ખુલ્લી અને બંધ કેસ નથી



ઘણીવાર વિપરીત કિસ્સો હોય છે. ઘણા બધા નાના જોખમો લેવા, જ્યારે ઉમેરવામાં આવે, ત્યારે માત્ર એક અથવા બે "સુરક્ષિત" વિકલ્પોને અનુસરવા કરતાં ખરેખર સલામત વ્યૂહરચના હોઈ શકે છે. જ્યારે વધુ જોખમ ખરેખર સુરક્ષિત હોઈ શકે છે. ચાલો એક રમત રમીએ. હું એક સિક્કો ફ્લિપ કરું છું, જો તે હેડ હોય તો હું તમને $૧૫૦ ચૂકવીશ, જો તે પૂંછડી હોય તો તમે $૧૦૦ ગુમાવો છો. શું આ તમે રમવા માંગો છો? ઠીક છે, જો આપણે ફક્ત એક જ વાર રમીએ, તો જવાબ કદાચ નથી. મોટાભાગના લોકો માટે $૧૦૦ ગુમાવવાથી $૧૫૦ જીતવા કરતાં વધુ નુકસાન થશે. જો તમને ખાતરી ન હોય, તો કલ્પના કરવાનો પ્રયાસ કરો કે નંબરો બદલાઈને $૧૦,૦૦૦ અને $૧૫,૦૦૦ કરવામાં આવ્યા હતા. હજુ પણ રમવા માંગો છો? માનવ સ્વભાવની આ વૃત્તિને નુકશાનથી અણગમો કહેવાય છે. અમે જુગારને અમારી તરફેણમાં ઠુકરાવીએ છીએ, કારણ કે અમને હારવાનો વિચાર ગમતો નથી. (આ અસર પરના એક મહાન પુસ્તક માટે, અને સિક્કા-ફ્લિપ ગેમ માટે પ્રેરણા, જુઓ, વિચારવું, ઝડપી અને ધીમું ) જો કે હવે કલ્પના કરો કે મેં તમને ગમે તેટલી રમત રમવાની મંજૂરી આપી. આ કિસ્સામાં, તમે મારી ઓફરને નકારી કાઢશો. દરેક સિક્કો ટૉસ તમને, સરેરાશ, ઈ૨૫ આગળ મૂકે છે, અને જેમ જેમ તમે વધુ રમો છો તેમ તેમ કોઈપણ નાણાં ગુમાવવાની તક ઘટતી જાય છે. ઘણા "જોખમી" નિર્ણયો લેવાથી એકદમ સલામત શરત ઉમેરવામાં આવે છે. ઉચ્ચ-વિવિધ વ્યવસાયને ધ્યાનમાં લેતા, નિર્ણય સિક્કા-ફ્લિપ ગેમ જેવો છે જે તમે માત્ર એક જ વાર રમી શકો છો. તમે જીતી શકો છો, પરંતુ તમારી હાર થવાની પણ સારી તક છે. જો કે, ઉચ્ચ વિચલન પ્રવૃત્તિઓ બહુવિધ સિક્કા-ફ્લિપ ગેમ જેવી છે. તમે જેટલું વધુ રમશો, તેટલું સુરક્ષિત બનશે. અમે સલામતી માટે ખૂબ ચૂકવણી કરીએ છીએ. જીવનના મોટા ભાગના ક્ષેત્રોમાં, માણસો જોખમ-વિરોધી છે. મારી કોઈન-ફ્લિપ ગેમના એક રાઉન્ડ અથવા $૨૫ વચ્ચેની પસંદગીને જોતાં, મોટાભાગના લોકો પચીસ ડૉલર પસંદ કરશે. માનવ સ્વભાવમાં

**જીવનમાં હકારાત્મક અને સરેરાશ પ્રોજેક્ટ્સ પસંદ કરવાનું મુશ્કેલ છે**

આ વલણને કારણે, અર્થતંત્ર એવા લોકોને પુરસ્કાર આપે છે જેઓ જોખમ ઘટાડી શકે છે. વીમો અને વિસ્તૃત વોરંટી માત્ર એટલા માટે જ અસ્તિત્વમાં છે કારણ કે લોકો અનિશ્ચિતતાને દૂર કરવા માટે વધારાની ચૂકવણી કરવા તૈયાર હોય છે. ફાઈનાન્સમાં, આને જોખમ પ્રીમિયમ કહેવામાં આવે છે. સ્ટોક્સ, સરેરાશ, બોન્ડ કરતાં વધુ વળતર આપે છે. આ એટલા માટે છે કારણ કે શેરો જોખમી છે, તેથી સમાન રોકાણ આકર્ષવા માટે, તેઓએ વધુ સારા વળતરનું વચન આપવું જરૂરી છે. અમુક સમયે માત્ર વધુ સારું વળતર જ નહીં, પરંતુ સરેરાશ તમામ શક્યતાઓ સહિત વધુ સારું વળતર. તમારા જીવનમાં તકો માટે સમાન સમાનતા છે. ઘણા લોકો "સુરક્ષિત" પસંદગીઓ પસંદ કરશે, જ્યાં તેમના પ્રયત્નોનું પરિણામ સુસંગત અને અનુમાનિત હોય. પરંતુ તે તકો માટે ઘણી હરીફાઈ છે, તેથી પુરવઠા અને માંગના નિયમો તેમને કંઈક ઓછા આકર્ષક બનાવે છે. જોખમી તકો ઓછી પસંદ કરવામાં આવે છે, તેથી તેઓ ઉચ્ચ સરેરાશ મૂલ્ય ઓફર કરે છે. આ સાર્વત્રિક રીતે સાચું નથી. કેટલીક ખરી રીતે જોખમી તકો સલામત તકો જેવી લાગે છે, તેથી નોંધપાત્ર જોખમ હોવા છતાં તેઓને નબળું વળતર મળે છે. સાધારણ કૉલેજ ડિગ્રી માટે હજારો ડૉલરનું વિદ્યાર્થી દેવું એ કદાચ તેમાંથી એક છે. વધુમાં, કેટલાક એકદમ સલામત વિકલ્પો બદલે બિનપરંપરાગત છે, તેથી તેઓ ભાગ્યે જ ધ્યાનમાં લેવામાં આવે છે. તમારા ઉદ્યોગમાં નવા લોકોને મળવા માટે એક નક્કર મહિનાનું રોકાણ લગભગ ચોક્કસપણે કેટલીક રસપ્રદ તકો પેદા કરશે, પરંતુ બહુ ઓછા લોકો આ કરે છે.જો કે, તેને સરળ બનાવતા, આ નિયમ હજુ પણ ધરાવે છે. જોખમી તકો કદાચ સુરક્ષિત તકો કરતાં વધુ સારું સરેરાશ વળતર ધરાવે છે કારણ કે સુરક્ષિત તકો ભારે સ્પર્ધા હેઠળ હોય છે. જીવન એક મલ્ટિ-ટોસ ગેમ છે. મોટાભાગના લોકો માયોપિક હોય છે. નિષ્ફળ જઈ શકે તેવા પ્રોજેક્ટમાં થોડા મહિના અથવા તો બે વર્ષનું રોકાણ કરવાનો વિચાર ઘણા લોકો માટે ખૂબ જ અસ્વસ્થ છે. પરંતુ તે એટલા માટે છે કારણ કે તેઓ ધારણા હેઠળ કાર્ય કરી રહ્યાં છે કે તેઓ એક-ટોસ રમત રમી રહ્યાં છે. જીવન એક ટોસની રમત નથી.

## સ્વચ્છતા અને પર્યાવરણઃ ગુજરાતમાં પર્યાવરણની હમણાંની સ્થિતિ

### પર્યાવરણ સંરક્ષણ માટેના તાજા પ્રયત્નો, સ્વચ્છતા અભિયાન, અને પદાર્થોના યોગ્ય નિકાલ માટેની રાજકીય વ્યૂહરચના અંગે માહિતી

જે આજે આર્થિક અને ઔદ્યોગિક દ્રષ્ટિએ એક પ્રગતિશીલ રાજ્ય છે, ત્યાં પર્યાવરણનું સંરક્ષણ અને સ્વચ્છતા એક મહત્વપૂર્ણ વિષય બની ગયા છે. દેશમાં વધતી નગરસર્જન અને ખાણમાનોના ઉપયોગના પરિણામે પર્યાવરણ પર વ્યાપક દબાણ પડી રહ્યો છે. ગુજરાતમાં પર્યાવરણ સુરક્ષાના પ્રયાસોને વધુ સક્ષમ બનાવવા માટે વિવિધ રાજકીય અને સામૂહિક પ્રયાસો થઈ રહ્યા છે. પર્યાવરણ સંરક્ષણ માટેના તાજા પ્રયત્નોઃ ગયા વર્ષોમાં ગુજરાત સરકારે પર્યાવરણ સંરક્ષણ માટે અનેક મહત્વપૂર્ણ નીતિઓ શરૂ કરી છે. તેમાં મુખ્યત્વે તે નીતિઓનું સમાવેશ થાય છે જે કુદરતી સંસાધનોની સંરક્ષણ, બાયોડાયવરસિટી, અને વિદ્યુત વાહનોનો ઉપયોગ પ્રોત્સાહિત કરતી છે. નર્મદા જળ યોજના અને પાણી પુરવઠા યોજનાથી રાજ્યમાં પાણીના સ્ત્રોતોની સંરક્ષણ માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એવીઆરએ (એફોરેસ્ટેશન, રિફોરેસ્ટેશન અને વૃક્ષારોપણ) અભિયાન દ્વારા રાજ્યમાં વૃક્ષોની સંખ્યા વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સ્વચ્છતા અભિયાનઃ "સ્વચ્છ ભારત મિશન" અને "સ્વચ્છતા અભિયાન" જેવી યોજનાઓના ભાગરૂપે ગુજરાત સરકારે શહેરો અને ગામોમાં વ્યાપક સ્વચ્છતા અભિયાનો શરૂ કર્યા છે. આકસ્મિક કચરાંના નિકાલ અને કચરાંથી વિમુક્ત જીવન માટે નાગરિકો અને શાળા વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવી. શહેરોમાં, જેમ કે અમદાવાદ, વડોદરા, અને સુરત, મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા કચરો સંકલન અને સંશોધન માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ખતરનાક કચરો અને તેની વિલિવીકરણઃ ખતરનાક કચરો, જેમ કે ઓઈલ, કેમિકલ્સ, પેસ્ટિસાઈડ્સ અને એમ્બ્યુલન્સના ઉપકરણો જેવા ઘાતક પદાર્થોનો યોગ્ય નિકાલ કરવો ખૂબ મહત્વપૂર્ણ છે. ગુજરાતમાં સતત અને શ્રેષ્ઠ કચરો વ્યવસ્થાપન યોજના અમલમાં છે. આ યોજના હેઠળ, ખતરનાક કચરો સંગ્રહ અને નિકાલની પદ્ધતિઓ પર ખાસ ધ્યાન આપવું, જે પર્યાવરણ માટે ખતરા પેદા ન કરે. પાણીના સંરક્ષણ અને પુનર્વાપરઃ જળસંગ્રહ અને પાણીનું પુનર્વાપર પર ધ્યાન કેન્દ્રિત કરવું, ખાસ કરીને સુરત અને વડોદરાની જેમ પાણી સંકટના માર્ગ પર આગળ વધી રહેલા શહેરોમાં.

# કૃત્રિમ ઝુંબેશો અને તેમના અસામાન્ય પરિણામો

કૃત્રિમ ઝુંબેશો અને વૈજ્ઞાનિક પ્રયોગો એ વૈજ્ઞાનિક અને એન્જિનીયરિંગ ક્ષેત્રમાં થયેલા એવા પ્રયાસો છે, જે માનવજીવનને સુખદ, આરોગ્યપ્રદ, અને ઉત્તમ બનાવવાના હેતુથી કરવામાં આવે છે. આ પ્રકારના પ્રયોગો લગભગ દરેક ક્ષેત્રમાં જોવા મળે છે, જેમ કે કૃત્રિમ સ્માર્ટ સિટીઓ, કૃત્રિમ ઉપકરણો, અને ખાસ કરીને વૈજ્ઞાનિક નવા પ્રયાસો, જેમ કે રોબોટિક્સ, જિનેટિક એન્જિનિયરિંગ, અને હાઈબ્રિડ કૃષિ. આ લેખમાં, આપણે એવી કેટલીક કૃત્રિમ ઝુંબેશો અને તેમના અસામાન્ય પરિણામો પર ચર્ચા કરીશું, જેમણે દુનિયાભરમાં અનોખા અને આશ્ચર્યજનક પરિણામો આપ્યા છે. કૃત્રિમ બીજાવાર ધોરણ CRISPR એ એક આધુનિક જિનેટિક એન્જિનિયરિંગ તકનીક છે, જે ડીએનએના ચોક્કસ ભાગોને સરળતાથી અને ચોકસાઈથી કાપી અને ફેરફાર કરી શકે છે. આ ટેકનોલોજીનો મુખ્ય ઉપયોગ એવા જીનોને ખતમ અથવા સુધારવા માટે થાય છે, જે કુટુંબોના આરોગ્ય પર પ્રભાવ પાડતા હોય. આ ઝુંબેશથી બાયોટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ આવી છે, અને ડાયાબિટીસ, હાર્ટ ડીસીઝ, અને એવી ઘણી અન્ય બિમારીઓ માટે મૌલિક સારવાર શક્ય બની છે. સાથે સાથે, આ તકનીકનાં ખોટા ઉપયોગનો ખતરો પણ વધ્યો છે. ૨૦૧૮માં, ચીનમાં એક વૈજ્ઞાનિકે CRISPR ટેકનોલોજીનો ઉપયોગ કરીને બે બચ્ચીઓને એચઆઈવી સામે રોગપ્રતિકારક બનાવ્યું હતું, જેની વૈજ્ઞાનિક અને નૈતિક ચર્ચા શરૂ થઈ હતી. કૃત્રિમ મસ્તિષ્ક Brain-Computer Interface (BCI) એ એવી ટકનીક છે જે માનવ મસ્તિષ્ક સાથે સીધી જોડાણ કરવા માટે ડિવાઈસનો ઉપયોગ કરે છે.



આ તકનીકને મસ્તિષ્કની સાથોસાથ કમ્પ્યુટર અને મશીનો સાથે સંકલિત કરી શકાય છે. BCIનો ઉપયોગ ઘણા અજીબ અને આશ્ચર્યજનક પરિણામો આપે છે, જેમ કે મશીનો દ્વારા મનુષ્યના વિચાર દ્વારા તેમના હાથે ચળવળ કરાવવી. ૨૦૨૧માં, Elon Muskની કંપની Neuralink એ એક સફળ પરીક્ષણ કર્યું, જેમાં એકસાથે ૧,૦૨૪ ઈલેક્ટ્રોડને એક ચૂંદિયાને લગાડવામાં આવ્યા હતા, અને તે માનવ મસ્તિષ્ક સાથે મશીનને સંકલિત કરી શકી. આ ટેકનોલોજી, ન્યૂરોફીડબેક અને અંધત્વના મેડિકલ ઉપચાર માટે નવો દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. કૃત્રિમ સૂર્ય ચીન અને દક્ષિણ કોરિયા જેવા દેશો આ ઝુંબેશ પર કામ કરી રહ્યા છે, જ્યાં વૈજ્ઞાનિકો અને એન્જિનીયરો સૂર્ય જેવા પરિપ્રેક્ષ્યને માનવ નિયંત્રણ હેઠળ સંશોધન માટે બનાવી રહ્યા છે. ૨૦૨૦માં, ચીનના EAST ફ્યુઝન રિએક્ટર પર સંશોધકોએ સૂર્ય જેવો ભયાનક તાપમાન પ્રાપ્ત કરવાનું સાધ્યું. કૃત્રિમ સૂર્યનો પ્રયાસ એ વૈજ્ઞાનિક ઉદ્દેશને લઈ જતો છે કે આ અત્યંત ઊંચા તાપમાનનો ઉપયોગ શાકભાજી અને કૃષિ માટે કરવાથી વિખ્યાત પ્રોડક્ટિવિટી વધારી શકાય. આ ઉપરાંત, ફ્યુઝન એનર્જી માટે પણ આ ક્રાંતિકારી સોલ્યુશન સમજી શકાય છે. ૪. કૃત્રિમ ગુમાવેલી જાતિઓ કૃત્રિમ ગુમાવેલી જાતિઓના પુનરજન્મ માટેના પ્રયાસો પણ વૈજ્ઞાનિક ક્ષેત્રમાં નોંધપાત્ર થયા છે. "ડાયનાસોરો" અને અન્ય ગુમાવેલી જાતિઓની કલ્પના હવે વૈજ્ઞાનિકો માટે એથિકલ વિવાદ છે. ૨૦૧૭માં, સાયન્સ ફિક્શનને વાસ્તવિકતા બનાવવા માટે, વૈજ્ઞાનિકોએ એક ખતરનાક પ્રયોગ શરૂ કર્યો, જેમાં તેઓ નેકડ મોલ રેટ (ટ્યુવિયાના અવસ્થા) ના જીનોને પુનઃ સ્થાપિત કરી રહ્યા હતા. એનો હેતુ એ છે કે ગુમાવેલી જાતિઓના પુનર્જન્મને સજીવ ધરતી પર ફરીથી ઉતારવું, આટલું જ નહીં, પરંતુ કુદરતી વિક્રમો જેવા કે, જંગલના ખતમ થયેલા વિસ્તારમાં વૈશ્વિક જીવમંડળને પુનઃપ્રેરિત કરવા માટેની એક એવી રીત શોધવી. કૃત્રિમ ભૂખમર વિશ્વમાં ભવિષ્યમાં અનેક લોકો માટે ખોરાકના અભાવને પહોંચી વળવા માટે કૃત્રિમ ખોરાકના અભ્યાસ પર વિશાળ ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું છે. ૨૦૨૦માં, વૈજ્ઞાનિકોએ ઍમ્બિએન્ટ કાંટે આર્કિયોગ્લાસના "કૃત્રિમ" સ્નેક શાકાહારી લવચીક તૈયાર કરવાનો પ્રયાસ કર્યો, જે પ્રાકૃતિક જેવો સ્વાદ આપે છે. તે સંશોધકોએ પુરુષ અને સ્ત્રીના શરીરના મસ્તિષ્ક પ્રેરિત થનારી સુગંધ અને સ્વાદ મિશ્રણોના આધારે ખોરાક સર્જવા માટે ઉપાય શોધ્યા છે.

## શાકાહારી આહારઃ ભારતના લોકો માટે આરોગ્યપ્રદ જીવનશૈલી

### શાકાહારી ખોરાકનું આધુનિક રસોઈમાં વિવિધતા આપે છે, લોકો આહારના વૈવિધ્યનો આનંદ માણી શકે છે



શાકાહારી આહાર, જ્યાં લોકો માંસાહારીખોરાકનોઉપયોગ ટાળી કે ઓછો કરે છે, આજરોજ સમગ્ર વિશ્વમાં આરોગ્યપ્રદ જીવનશૈલી તરીકે પ્રસિદ્ધ છે. ભારતના લોકો માટે આ અનુકૂળ અને પારંપરિક વિકલ્પ બની રહ્યો છે, જે માન્યતા અને વિશિષ્ટ મશહૂર છે. ઘણા લોકો ખોરાકના વૈશ્વિક વૈવિધ્ય અને આરોગ્યના લાભોને માન્ય કરતાં શાકાહારી આહાર અપનાવવાના ફાયદા માને છે. શાકાહારી ખોરાકના આરોગ્યલાભઃ હૃદય સ્વાસ્થ્યઃ શાકાહારી આહાર હૃદયના સ્વાસ્થ્ય માટે લાભદાયક છે. ખાસ કરીને સચરચા, ખમણ, દાળ, હરી શાકભાજી, અને ફળોમાં પોષક તત્વો હોય છે જે કોલેસ્ટ્રોલ સ્તરે ઘટાડો કરે છે અને હૃદયરોગોના જોખમોને ટાળી શકે છે. વજન નિયંત્રણઃ શાકાહારી ખોરાકમાં ઓછું ફેટ અને વધુ ફાઈબર હોય છે, જે વજન નિયંત્રણમાં મદદરૂપ થાય છે. કેટલીક આરોગ્યબર્ધક બીમારીઓથી બચાવઃ શાકાહારી આહાર શરીરમાં કમકમો વિસર્જન પદ્ધતિઓને પ્રોત્સાહિત કરે છે, જે આંતરિક માનસિક અને શારીરિક આરોગ્યને પ્રોત્સાહિત કરે છે. આ રીતે, આહાર પાચક તંત્રને સુધારે છે, તેમજ ડાયાબિટીસ, હાઈપર્ટેંશન, અને અન્યોમાંથી બચાવ કરે છે. શાકાહારી ખોરાકમાં પોષણતત્વોઃ પ્રોટીનઃ દરરોજ પ્રોટીનનું પૂરક મેળવવા માટે લીલું શાકભાજી, દાળ, અને શાકાહારી બીજ શ્રેષ્ઠ સ્ત્રોત છે. કેલ્શિયમ અને આયર્નઃ સોયા, લીલું શાક, તલ, બદામ, અને તડકા આહાર પોષક તત્વો સહિત કેલ્શિયમ અને આયર્ન પૂરક હોય છે, જે હાડકાં અને રક્ત શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરે છે. વિટામિન્સઃ ફળો, શાકભાજી, અને અનાજ માં વિટામિન એ, સી, અને ઈ હોય છે, જે શરીરના મજબૂતી માટે અનિવાર્ય છે. જીવનશૈલીના લાભઃ દાયત અને તંદુરસ્તીઃ માંસાહારી ખોરાકના બદલે શાકાહારી ખોરાક આરોગ્ય અને તંદુરસ્ત જીવન માટે પ્રેરણા આપે છે. હોરીઝોન એક્સપાંશનઃ શાકાહારી ખોરાકનું આધુનિક રસોઈમાં વિવિધતા આપે છે. લોકો આહારના વૈવિધ્યનો આનંદ માણી શકે છે અને કીટકાંત ખોરાક માટે વૈકલ્પિક પધ્ધતિઓ અપનાવી શકે છે. શાકાહારી આહાર ભારતના લોકો માટે એક આરોગ્યપ્રદ જીવનશૈલી છે, જે તેમના હૃદય, પાચનતંત્ર, અને આર્થિક વિકાસ માટે લાભદાયક છે.

# આધુનિક જીવનશૈલી અને માનસિક સ્વાસ્થ્ય

આધુનિક જીવનશૈલી, જેમ કે ઝડપી આર્થિક વિકાસ, વ્યસ્તતા, ટેકનોલોજીનો વધતો ઉપયોગ, અને સ્વસ્થતા માટેના અભાવ, માનસિક સ્વાસ્થ્ય પર મક્કમ અસર કરી રહ્યા છે. લોકો વધુ સમય સુધી કાર્યકુશળતા માટે પ્રોત્સાહિત થાય છે, અને આમાં તેમના સ્વાસ્થ્ય, ખાસ કરીને માનસિક સ્વાસ્થ્ય પર ઘાતક પરિણામો આવી શકે છે. માનસિક તણાવ, નિરાશા, (ચિંતાનો અનુભવ), અને શરીરના તાણ વધતા રહ્યા છે. આધુનિક જીવનશૈલીનો તણાવ પર અસરઃ આધુનિક જીવનશૈલીમાં ચાલી રહેલા સતત દબાણના કારણે, લોકો સતત ગુણવત્તાવાળા કાર્ય અને સમય સંશોધન માટે લાલાયિત રહે છે. આ માટે વિવિધ દુશ્મન પ્રકારના પરિસ્થિતિઓ, જેમ કે લાંબી કાર્ય કલાકો, કામમાં સતત દબાણ, અને સંપૂર્ણ કાર્યક્ષમતા માટેના દબાણ, મગજના તાણમાં વધારો કરે છે. ટેક્નોલોજી અને લાઈફસ્ટાઈલઃ સ્માર્ટફોન, સોશ્યલ મીડિયા, અને ઈન્ટરનેટ જેવા સંસાધનો, લોકોને ૨૪/૭ કાર્યમાં જોડાયેલા રાખે છે. આથી, કામના દબાણ સાથે અસ્વસ્થતાવાળી પ્રવૃત્તિઓ વધુ થાય છે, અને નરમ પળોને વિમુક્ત કરવાનો સમય ઘટી જાય છે. માનસિક તણાવ અને માનસિક સ્વાસ્થ્યઃ આધુનિક જીવનશૈલીનું એક મહત્વપૂર્ણ પરિપ્રેક્ષ્ય એ છે કે તે મનુષ્યના મગજ પર કેવી રીતે અસર કરે છે. તણાવ, ચિંતાનો અનુભવ, અને નિરાશાની અસરો મોટેથી દર્શાવાય છે. ચિંતાનો પ્રકોપઃ આધુનિક જીવનશૈલીમાં સતત દબાણ અને સમયના અભાવને કારણે, લોકો ચિંતાનો અનુભવ કરે છે. આ માનસિક સ્થિતિ તાણ, મિગ્રેન, અને ઊંઘના અભાવ જેવી શારીરિક સમસ્યાઓને જન્મ આપે છે. મૂડ સ્વિંગ અને નિરાશાઃ સંસ્કૃતિમાં પ્રગતિ અને સફળતા માટેની જોગવાઈઓના કારણે, લોકોને પુરી રીતે સ્વીકારવામાં આવી ન હોવા અથવા પોતાના ધ્યેયોમાં વિલંબ થવાથી મૂડ સ્વિંગ અને નિરાશાનું ખતરો વધી જાય છે. આરોગ્ય પર અસરઃ આધુનિક જીવનશૈલીની દ્રષ્ટિએ, સ્વાસ્થ્ય પર અસરો માત્ર માનસિક પરિપ્રેક્ષ્ય સુધી મર્યાદિત નથી રહેતી. વિશિષ્ટ રોગોઃ તણાવના કારણે, હૃદયરોગ, થાક, પાચન તંત્રની સમસ્યાઓ, તેમજ મેટાબોલિક રોગો જેવા સંકેતોનું સંક્રમણ વધુ થાય છે. શારીરિક અસરોઃ તાણના કારણે, હોર્મોનલ અસંતુલન અને ઓછી ઊંઘને કારણે મગજની કાર્યક્ષમતા અને તમારા શરીરનો પ્રક્રીયાવાળું કાર્ય ઘટી શકે છે.







આંધ્ર પ્રદેશમાં વિજયવાડા ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આશરે રૂ. ૨૨૦ કરોડના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું, જેમાં એનઆઈડીએમના દક્ષિણ કેમ્પસ, એનડીઆરએફની ૧૦મી બટાલિયન અને પ્રાદેશિક પ્રતિસાદ કેન્દ્રના સુપોલ કેમ્પસનો સમાવેશ થાય છે.

**ન્યૂઝ બ્રિફ**

## ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં મકાનમાં લાગી ભીષણ આગ



। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૧૯ ।

ગાઝિયાબાદ લોનીના કંચન પાર્ક કોલોનીથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં એક ઘરમાં આગ લાગવાના કારણે ૩ બાળકો સહિત એક મહિલાનું મોત નિપજ્યું છે. આગમાં દાઝી જવા અને ધુમાડાથી શ્વાસ રૂંધાવાના કારણે ચારેયના મોત થયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. જે સમયે અકસ્માત થયો, તે સમયે ઘરમાં ૮ લોકો હાજર હતાં. બાકી લોકોનું રેસક્યૂ કરીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, હજુ સુધી આગ લાગવાનું કારણ સામે નથી આવ્યું. મળતી માહિતી મુજબ, ત્રણ માળના ઘરમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આગ લાગી હતી. પરંતુ, આગ એટલી વિકરાળ હતી કે, તે બીજા-ત્રીજા માળ સુધી પહોંચી ગઈ હતી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, આ આગ મોડી રાત્રે લાગી હતી. પરંતુ, ઘરમાં હાજર લોકોને તેના વિશે જાણ ન થતાં આગે વિકરાળ રૂપ ધારણ કરી લીધું હતું. જેના કારણે ઘરમાં હાજર ચાર લોકોનું ધુમાડામાં શ્વાસ રૂંધાવાના કારણે મોત થઈ ગયું. નોંધનીય છે કે, પરિવારના ૪ લોકોના મૃતદેહને હાલ પોસ્ટમોર્ટમમાં મોકલી પોલીસ દ્વારા આગ લાગવાના કારણ વિશે તપાસ હાથ ધરવામાં આવી છે. આ સિવાય અન્ય ૪ લોકો હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## ટ્રમ્પના ડિનરમાં પહોંચ્યા મુકેશ અંબાણી અને નીતા અંબાણી



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ નીતા અંબાણીએ વોશિંગ્ટન ડીસીમાં અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહ પહેલા આયોજિત રાત્રિભોજનમાં હાજરી આપી હતી. આ ખાસ પ્રસંગે વિશ્વના ઘણા અગ્રણી ઉદ્યોગપતિઓ, વૈશ્વિક વ્યાપાર જગતના નેતાઓ અને ટ્રમ્પના મંત્રીમંડળના નામાંકિત સભ્યો હાજર રહ્યા હતા. રાત્રિભોજનમાં અંબાણી પરિવાર અન્ય ભારતીય ઉદ્યોગસાહસિકો સાથે જોવા મળ્યા હતા, જેમ કે સ્ઉરુ ડેવલપર્સના મેનેજિંગ ડિરેક્ટર પંકજ બંસલ અને ટ્રિબેકા ડેવલપર્સના સ્થાપક કલ્પેશ મહેતા. કલ્પેશ મહેતા ભારતમાં ટ્રમ્પ ટાવર્સની સ્થાપનામાં મુખ્ય ભાગીદાર છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલી તસવીરોમાં, મહેતા મુકેશ અને નીતા અંબાણી સાથે પોઝ આપતા જોઈ શકાય છે. આ પ્રસંગે મુકેશ અંબાણીએ કાળો સૂટ પહેર્યો હતો, જ્યારે નીતા અંબાણી સિલ્ક સાડી સાથે લાંબા ઓવરકોટમાં જોવા મળ્યા હતા. આ કાર્યક્રમમાં ઘણા અન્ય મોટા ઉદ્યોગપતિઓએ પણ ભાગ લીધો હતો. આ ઉપરાંત આ પ્રસંગે Amazon.com ના સ્થાપક જેફ બેઝોસ અને મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ પણ જોવા મળ્યા હતા.

### એડમિશન લેનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા વધી

# અમેરિકામાં પેટ્રોલિયમ, માઈનિંગ અને એગ્રીકલ્ચર કોર્સનું આકર્ષણ વધ્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

વિદેશમાં સ્ટડી કરવા જતા ભારતીય વિદ્યાર્થીઓ માટે અમેરિકા ફેવરિટ ડેસ્ટિનેશન છે.અમેરિકાની વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીઓમાં એડમિશન મેળવવા ભારતના જ નહીં વિશ્વના અન્ય દેશોના વિદ્યાર્થીઓ પણ તલપાપડ હોય છે. તેનું કારણ એ છે કે, અહીં ભણવાની સાથે-સાથે નોકરીની પણ સારી તકો મળી રહે છે.

જોકે, ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત અમેરિકાના પ્રમુખ પદે ચૂંટાઈ આવ્યા પછી પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે અને હાલના સંકેતો જોતા એવું લાગી રહ્યું છે કે, તેઓ સત્તા સંભાળશે પછી તો ઈમિગ્રન્ટ્સ માટે વધારે કપરી સ્થિતિ ઊભી થવાની છે અને અભ્યાસના બહાને અમેરિકા જઈને નોકરી કરતા વિદ્યાર્થીઓ માટે પણ મુશ્કેલી ઊભી થવાની છે. જોકે, આ બધાની વચ્ચે એક રસપ્રદ વાત એવી પણ સામે આવી છે કે, છેલ્લા કેટલાક સમયથી અમેરિકા અભ્યાસ માટે જતા ભારતીય વિદ્યાર્થીઓમાં પેટ્રોલિયમ,માઈનિંગ અને એગ્રીકલ્ચર રિલેટેડ કોર્સમાં એડમિશન લેવાનું પ્રમાણ વધ્યું છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનની એનર્જી પોલિસીઝને તેની પાછળનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. સ્ટડી અબ્રોડ કન્સલ્ટન્ટ્સનું કહેવું છે કે, ટ્રમ્પે પોતાના ચૂંટણી પ્રચારમાં પેટ્રોલિયમ, માઈનિંગ અને એગ્રીકલ્ચર જેવા સેક્ટર માટે જે વાતો કરી હતી, તેના પરથી એવું અનુમાન લગાવાઈ રહ્યું છે કે, ટ્રમ્પ સરકારમાં આ સેક્ટરો માટે નિયમોમાં છૂટાછાટ મળવાની આશા છે અને આ સેક્ટરોમાં નોકરીની વધુ તકો ઊભી થવાની શક્યતા છે, જેના કારણે આ સેક્ટરોને લગતા કોર્સમાં એડમિશન લેનારાની સંખ્યા વધી છે. ટ્રમ્પે પોતાની પહેલી ટર્મમાં પણ આ ઈન્ડસ્ટ્રીઝ માટે મહત્વપૂર્ણ પગલાં ભર્યા હતા, તેને જોતા બીજી ટર્મમાં પણ તેઓ આ ઈન્ડસ્ટ્રીઝને બૂસ્ટ કરવા માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેશે તેવું માનવામાં આવી રહ્યું છે. IDP એજ્યુકેશનના સાઉથ એશિયાના રિજનલ ડિરેક્ટર પિયુષ કુમારે અમારા સહયોગી અખબાર ધ ઈકોનોમિક ટાઈમ્સ સાથે વાત કરતા જણાવ્યું કે, પેટ્રોલિયમ અને માઈનિંગમાં નેચરલ ગેસ એન્જિનિયરિંગ, જીઓટેકનિકલ એન્જિનિયરિંગ અને મિનરલ એન્ડ એનર્જી ઈકોનોમિક્સ જેવા કોર્સની ડિમાન્ડમાં વધારો થયો છે. જ્યારે એગ્રીકલ્ચરમાં એનિમલ સાયન્સ, લાઈવસ્ટોક બિઝનેસ મેનેજમેન્ટ અને એગ્રોનોમી જેવા કોર્સનું આકર્ષણ વધ્યું છે. ટેક્સાસ અને કોલારાડો જેવા અનર્જી હબમાં આવેલી યુનિવર્સિટીઝ તેમજ એગ્રીકલ્ચર પાવરહાઉસ કહેવાતા મિડવેસ્ટની યુનિવર્સિટીઝ આ કોર્સીઝ કરવા માગતા વિદ્યાર્થીઓ માટે પરફેક્ટ છે.

### નેતન્યાહુની જાહેરાત

## ગાઝામાં યુદ્ધ વિરામ લાગુ હમાસે ઇઝરાયલને આપી બંધકોની યાદી

। (એજન્સી) ગાઝા, તા.૧૯ ।

ઈઝરાયલ અને હમાસના યુદ્ધ પર હવે સમાપ્ત થયું છે. વડાપ્રધાન નેતન્યાહુના કાર્યાલયે પોતાના X એકાઉન્ટ પર પોસ્ટ કરી જણાવ્યું કે, ગાઝામાં યુદ્ધવિરામ કરાર લાગુ થઈ ગયો છે. નેતન્યાહુના કાર્યાલયે જણાવ્યું કે, યુદ્ધવિરામ ત્રણ કલાક મોડુ શરૂ થયું. કારણ કે, હમાસે બંધકોની લિસ્ટ શેર કરવામાં મોડુ કર્યું હતું. વડાપ્રધાન નેતન્યાહુએ એક્સ પોસ્ટમાં જણાવ્યું કે, ઈઝરાયલના બંધકોની યાદી મળી ગઈ છે અને તેમની સિક્યોરિટી તપાસ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, હમાસે નામ સોંપવામાં મોડુ કરવા માટે 'ટેક્નિકલ ખામી' ને જવાબદાર ગણાવી હતી. હમાસે કહ્યું કે, અમે ગત અઠવાડિયે જાહેર યુદ્ધવિરામ કરાર માટે પ્રતિબદ્ધ છીએ. જણાવી દઈએ કે, સાત ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે હમાસ દ્વારા ઈઝરાયલમાં પ્રચંડ હુમલા કરાયા હતા, જેમાં આશરે ૧૨૦૦ મોત થયા હતાં. આ દરમિયાન ૨૫૦થી વધુને બંધક બનાવાયા હતા. ત્યારબાદ ઈઝરાયલ તરફથી ગાઝામાં ચલાવાયેલા સૈન્ય અભિયાનમાં અત્યાર સુધી ૪૬,૮૯૯ લોકોના મોત થઈ ગયા છે. અમેરિકા અને કતરની મધ્યસ્થીમાં થયેલાં કરારની બુધવારે જાહેરાત કરાઈ



હતી. હમાસે શુક્રવારે કહ્યું કે, ગાઝામાં યુદ્ધવિરામના રસ્તા પરથી તમામ અડચણો દૂર થઈ ગઈ છે. હમાસે પહેલાં જ આ કરારનો સ્વીકાર કરી દીધો છે. યુદ્ધવિરામનો આ કરાર ત્રણ તબક્કામાં થશે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેનો યુદ્‌ધવિરામનો પહલો તબક્કો રવિવારે સવારે ૮:૩૦ વાગ્યે લાગુ થવાનો હતો. પરંતુ, હમાસે બંધકોની યાદી આપવામાં મોડુ કર્યું જેનાથી તે ત્રણ કલાક મોડુ લાગુ કરવામાં આવ્યું. કરાર હેઠળ અઠવાડિયાના પહેલાં તબક્કામાં હમાસ ૯૮ બંધકોમાંથી ૩૩ બંધકોને મુક્ત કરશે. તેમાં તમામ મહિલા, બાળકો અને ૫૦થી વધારે ઉંમરના લોકો હશે. જોકે, ઈઝરાયલ તેના બદલે પોતાની જેલમાંથી આશરે બે હજાર પેલેસ્ટાઇનના લોકોને મુક્ત કરશે. તેમાં અહેમદ બરગૌટી જેવા અમુક આતંકવાદી પણ સામેલ છે.

### રાહુલ વિરુદ્ધ ગુવાહાટીમાં નોંધાઈ FIR

## રાહુલ સામે દિલ્હીમાં ભડકાઉ નિવેદન કર્યાના આરોપ હેઠળ આસામમાં ફરિયાદ

। (એજન્સી) દીસપુર, તા.૧૯ ।

દિલ્હીમાં કોંગ્રેસના નવા હેડક્વાર્ટરના ઉદઘાટન વખતે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આપેલા નિવેદન બાદ વિવાદ શરૂ થઈ ગયો છે. ભાજપ રાહુલ ગાંધીને ચોતરફથી ઘેરવાનો પ્રયાસ કરી રહી છે. હવે તેમની વિરુદ્ધ આસામમાં ફરિયાદ નોંધાઈ છે. વાત એમ છે કે, હાલમાં જ રાહુલ ગાંધીએ સંઘ પ્રમુખ મોહન ભાગવતનો વિરોધ કરતા કહ્યું હતું કે, 'અમે ઈન્ડિયન સ્ટેટ સામે લડી રહ્યા છીએ.' જો કે, આ નિવેદન કરવું તેમને ભારે પડ્યું છે. આસામની રાજધાની ગુવાહાટીમાં મોનજીત ચેતિયા નામના વ્યક્તિએ રાહુલ ગાંધી વિરુદ્ધ ખૂબ જ ગંભીર બિનજામીનપાત્ર કલમો હેઠળ FIR નોંધાવી છે. ચેતિયાએ કહ્યું કે, રાહુલ ગાંધીએ દિલ્હીમાં આપેલું નિવેદન ભારતની એકતા અને અખંડિતતા માટે ખતરા સમાન છે.ગુવાહાટીના પાન બજાર પોલીસ સ્ટેશનમાં રાહુલ વિરુદ્ધ નોંધાયેલી FIRમાં ભારતીય ન્યાયિક સંહિતાની કલમ ૧૫૨ અને ૧૯૭(૧)નો ઉલ્લેખ કરાયો છે, જે દેશની એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતી કોઈપણ કાર્યવાહી વખતે લગાવવામાં છે. આ કલમો બિનજામીનપાત્ર છે. વાસ્તવમાં દિલ્હીમાં કોંગ્રેસના નવા હેડક્વાર્ટરના ઉદઘાટન વખતે રાહુલ ગાંધીએ સંઘ પ્રમુખ મોહન ભાગવત પર નિશાન સાધ્યું હતું. મોહન ભાગવતે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણની ઉજવણી ભારતની ખરી આઝાદી તરીકે ઉજવવાનું નિવેદન આપ્યું હતું, જેના પર રાહુલ નિશાન સાધી કહ્યું હતું કે, 'ભાગવતનું નિવેદન દર્શાવે છે કે ભાજપ અને RSS દેશની સ્વતંત્રતા અને બંધારણ વિશે શું વિચારે છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આ લોકોને ભારતના બંધારણમાં વિશ્વાસ નથી. ભાજપ અને આરએસએસ એક પછી એક તમામ સંસ્થાઓ પર કબજો કરી રહ્યા છે. અમે ભાજપ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જ નહીં, પરંતુ ઈન્ડિયન સ્ટેટ સામે પણ લડી રહ્યા છીએ. રાહુલના નિવેદન બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી દેશને તોડવાની અને વિભાજન કરવાની દિશામાં કામ કરી રહ્યા છે.

### કેબિનેટની નિમણૂક સમિતિ (ACC)એ મંજૂરી આપી

# IPS જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહની CRPFના નવા ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

કેન્દ્ર સરકારે જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના નવા ડિરેક્ટર જનરલ નિયુક્ત કર્યા છે. શનિવારે મોડી રાત્રે જારી કરાયેલા વિભાગીય આદેશ પ્રમાણે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પ્રસ્તાવને કેબિનેટની નિમણૂક સમિતિ (ACC)એ મંજૂરી આપી દીધી છે. આ આદેશ કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યો હતો. આદેશમાં લખ્યું છે કે, ACCએ ગૃહ મંત્રાલયના પ્રસ્તાવને મંજૂરી આપી છે જેમાં આસામ કેડરના ૧૯૯૧ બેચના IPS જીપી સિંહને CRPFના નવા ડિરેક્ટર જનરલ નિયુક્ત કર્યા છે. જ્ઞાનેન્દ્ર સિંહ આ પહેલા આસામ પોલીસ પ્રમુખનું પદ સંભાળી રહ્યા હતા. હવે તેઓ CRPFના પ્રમુખ તરીકે સેવા આપશે. તેઓ ૩૧ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ નિવૃત્ત થશે. ડીજી જીપી સિંહ અગાઉ સ્પેશિયલ સિક્યુરિટી ગ્રુપ અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી જેવા મહત્વપૂર્ણ પદો પર સેવા આપી ચૂક્યા છે. આ ઉપરાંત તેમણે આસામ પોલીસમાં ઘણા વરિષ્ઠ પદો પર પણ કામ કર્યું છે.

તમને જણાવી દઈએ કે, ગત મહિને ગૃહ મંત્રાલયએ ૧૯૯૩ બેચના IPS અધિકારી વિતુલ કુમારને CRPFના DGનો વધારાનો હવાલો સોંપ્યો હતો. તત્કાલીન ડીજી અનિશ દયાલ સિંહ ૩૧ ડિસેમ્બરે નિવૃત્ત થઈ ગયા હતા. CRPF લગભગ ૩૦૦,૦૦૦ જવાનો સાથે ભારતનું સૌથી મોટું અર્ધલશ્કરી દળ છે. આ દળ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરોધી અભિયાન, ઉત્તર-પૂર્વમાં ઉગ્રવાદ વિરોધી અભિયાન અને લેફ્ટ-વિંગ ઉગ્રવાદ (LWE)થી પ્રભાવિત રાજ્યોમાં નક્સલ વિરોધી અભિયાનોમાં સામેલ હોય છે. આવનારું વર્ષ CRPF માટે મહત્વપૂર્ણ છે. છત્તીસગઢમાં નક્સલવાદીઓને ખતમ કરવાના કેન્દ્ર સરકારના પ્રયાસોમાં આ દળ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં આ લક્ષ્ય હાંસલ કરવાનો ટાસ્ક છે. હાલમાં છત્તીસગઢમાં ૪૦,૦૦૦થી વધુ CRPF જવાનો તહેનાત છે.

## ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ઘરેલુ ક્રિકેટ રમવા નિર્ણય કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

BCCIની સલાહ બાદ અનુભવી ડાબોડી સ્પિન ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ઘરેલુ ક્રિકેટ રમવાનો નિર્ણય કર્યો છે. રવિન્દ્ર જાડેજા રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર માટે દિલ્હી સામે મેચ રમી શકે છે. રવિન્દ્ર જાડેજાએ રાજકોટમાં ટીમના પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો છે. ક્રિકબઝના અહેવાલ મુજબ રવિન્દ્ર જાડેજા રવિવારે સવારે સૌરાષ્ટ્રની નેટ પ્રેક્ટિસમાં જોડાયો હતો. તે ટીમ સાથે પ્રશિક્ષણ કરી રહ્યો છે જેનું નેતૃત્વ લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટ કરશે. રવિન્દ્ર જાડેજાની ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણી અને ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમમાં પસંદગી કરવામાં આવી છે. રવિન્દ્ર જાડેજા છેલ્લીવાર જાન્યુઆરી ૨૦૨૩માં રણજી ટ્રોફીમાં તમિલનાડુ સામે સૌરાષ્ટ્ર તરફથી રમ્યો હતો. ઘૂંટણની ઈજામાંથી સાજા થયા બાદ આ તેની પ્રથમ મેચ હતી, જેમાં તેણે આઠ વિકેટ ઝડપી હતી. તાજેતરમાં, તેણે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ભારતની પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીમાંથી ત્રણ મેચ રમી હતી. આ શ્રેણીમાં ભારત ૧-૩થી હારી ગયું હતું. આ પછી બીસીસીઆઈએ ૧૦ પોઈન્ટની નવી નીતિ બનાવી છે, જેમાં ડોમેસ્ટિક ક્રિકેટમાં રમવાનું ફરજિયાત કરવામાં આવ્યું. આનું પાલન કરવામાં નિષ્ફળતા આંતરરાષ્ટ્રીય પસંદગી અને કેન્દ્રીય કરારને અસર કરી શકે છે. સૌરાષ્ટ્ર હાલમાં ૧૧ પોઈન્ટ સાથે એલિટ ગ્રુપ ડીના પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને છે. તેમની આગામી મેચ ૨૩ જાન્યુઆરીએ નીરંજન શાહ સ્ટેડિયમમાં દિલ્હી સામે થશે. દિલ્હી ૧૪ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે.

## ૭૫૨ની એવરેજ, ૫ સદી છતાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં સ્થાન નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ભારતીય ટીમની જાહેરાત થતાની સાથે જ એક નવા વિવાદે જન્મ લીધો છે. વિજય હજારે ટ્રોફીમાં ૭૫૨ની એવરેજથી રન બનાવનાર અને ૭ ઈનિંગ્સમાં ૫ સદી ફટકારનાર કરુણ નાયરને ટીમમાં સ્થાન ન મળતાં ક્રિકેટ ચાહકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે જાહેર કરાયેલી ૧૫ સભ્યોની ટીમમાં ઘણા સ્ટાર ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ કરુણ નાયરની બાદબાકીએ સૌને ચોંકાવી દીધા છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં આટલું શાનદાર પ્રદર્શન કરવા છતાં તેને ટીમમાં તક ન મળતા અનેક સવાલો ઉભા થયા છે. વિદર્ભનો કેપ્ટન કરુણ નાયર વિજય હજારે ટ્રોફીમાં સતત મોટી ઈનિંગ્સ રમી રહ્યો હતો. તેના ફોર્મને જોતા લાગી રહ્યું હતું કે પસંદગીકારો તેને ટીમમાં સ્થાન આપી શકે છે, પરંતુ એવું થયું નહીં. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે ચીફ સિલેક્ટર અજીત અગરકરને કરુણ નાયરની પસંદગી ન કરવા બાબતે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે હાલમાં ટીમમાં તેના માટે કોઈ સ્થાન નથી. અજીત અગરકરે વધુમાં જણાવ્યું કે કરુણ નાયરના ફોર્મ પર ચર્ચા થઈ હતી અને આવા પ્રદર્શન વારંવાર જોવા મળતા નથી. પરંતુ હાલની ટીમમાં તેના માટે જગ્યા બનાવવી મુશ્કેલ હતી. તેમણે સ્વીકાર્યું કે ૭૫૦થી વધુની એવરેજ ખૂબ જ પ્રભાવશાળી છે.

## રોડ અકસ્માતમાં પરિવારના બે સભ્યોનું કરૂણ મોત થયું

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૯ ।

ભારતના સ્ટાર શૂટર મનુ ભાકરના પરિવારમાં એક ખૂબ જ દુ:ખદ અકસ્માત થયો છે. ભારતના રાષ્ટ્રપતિ તરફથી પ્રતિષ્ઠિત ખેલ રત્ન પુરસ્કાર પ્રાપ્ત કર્યાના માત્ર બે દિવસ પછી મનુના મામા અને દાદીનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું. મનુના મામા યુદ્ધવીર સિંહ હરિયાણામાં રાજ્ય પરિવહન વિભાગમાં કામ કરતા હતા. આ ઘટનાથી મનુ ભાકર અને તેના પરિવારને આઘાત લાગ્યો છે. મહેન્દ્રગઢ બાયપાસ રોડ પર આ અકસ્માત ત્યારે થયો જ્યારે મનુ ભાકરના મામા યુદ્ધવીર સિંહ અને દાદી સાવિત્રી દેવી સ્કૂટર પર જઈ રહ્યા હતા. અહેવાલો અનુસાર સ્કૂટરને ખોટી દિશામાંથી આવતી એક ઝડપી કારે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને જમીન પર પડ્યા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા. રાજ્યના પરિવહન વિભાગમાં ડ્રાઈવર તરીકે કામ કરતા યુદ્ધવીર સિંહ કામ પર જઈ રહ્યા હતા ત્યારે આ દુ:ખદ ઘટના બની હતી. તેમની માતા સાવિત્રી દેવી તેમના નાના પુત્ર સાથે લોહારુ ચોક ખાતે તેમને મળવા ગઈ હતી. બંને કલ્યાણ મોડ વિસ્તારમાં પહોંચ્યા કે તરત જ તેઓને એક કારે ટક્કર મારી હતી, જે ખૂબ જ ઝડપી અને રોડની ખોટી દિશામાંથી આવી રહી હતી. કાર ચાલકે કાબુ ગુમાવતા કાર સ્કૂટર સાથે અથડાઈ હતી. કાર રસ્તાની બાજુમાં જ પલટી ગઈ હતી.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદ, ગાંધીનગર, વડોદરામાં ૧૭ ડિગ્રીની પાર ગયું તાપમાન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં હાલ થોડા દિવસથી કાતિલ પવનો સાથે ઠંડી પડી રહી હતી. પરંતુ આજથી તાપમાનમાં ઊંચુ જતા ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધારો થતો અનુભવાઈ રહ્યો છે. ગુજરાતમાં જાન્યુઆરીના અંતના દિવસોમાં હવામાન નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે અનેક વિસ્તારોમાં માવઠું થવાની આગાહી આપવામાં આવી છે. ત્યારે હવામાન વિભાગ ગુજરાતમાં ઠંડી, માવઠા અને પવન અંગે શું કહ્યું છે તે જોઈએ. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતમાં હાલ પવનની દિશા બદલાઈને પૂર્વથી દક્ષિણ પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. ત્યારે આગામી સાત દિવસ ગુજરાતનું હવામાન શુષ્ક રહેશે. હાલ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા સેવવામાં આવી નથી. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આકાશ સ્પષ્ટ રહેશે. જ્યારે આગામી ૨૪ કલાકમાં અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી થવાની શક્યતા છે. મળતા આંકડા પ્રમાણે, શનિવારે નલિયાનું તાપમાન બે ડિગ્રી જેટલું વધીને ૧૦.૫ ડિગ્રી થયું છે. આ સાથે રાજકોટમાં ૧૫.૪, પોરબંદરમાં ૧૩.૪, ડીસામાં ૧૫.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

### હિમાચલમાં પેરાગ્લાઈડિંગ કરતા સમયે ગુજરાતી યુવતીનું મોત થયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

હિમાચલ પ્રદેશમાં ધર્મશાળા ફરવા ગયેલી ૧૯ વર્ષીય ગુજરાતી યુવતી પેરાગ્લાઈડિંગ કરતી વખતે અકસ્માતનો ભોગ બની હતી. વાસ્તવમાં મહિલા પ્રવાસી અને પેરાગ્લાઈડિંગ પાઈલટ બંને ટેક ઓફ પોઈન્ટ પરથી નીચે પડી ગયા હતા. આ અકસ્માતમાં યુવતી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. મહિલા પ્રવાસીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ પ્રવાસીનું મોત થઈ ગયું હતું. મળતી માહિતી મુજબ ગુજરાતના અમદાવાદની એક યુવતી ધર્મશાળામાં પ્રવાસે પહોંચી હતી. આ સમય દરમિયાન, ધર્મશાળાના ઈન્દુ નાગમાં પેરાગ્લાઈડિંગ કરતી વખતે, પેરાગ્લાઈડિંગ પાઈલટ સાથે એક મહિલા ટેક ઓફ પોઈન્ટ પરથી પડી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.





શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાન, રાજકોટ દ્વારા અમરેલીના જેસીંગપરામાં નિર્મિત ૧૦૦ બેડની ધર્મજીવન મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનો શુભારંભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કરાવ્યો હતો.

પોલીસે ૧૨ કારણો રજૂ કર્યા

## ખ્યાતિકાંડ : કાર્તિક પટેલના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

**અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરીને ક્રાઈમ બ્રાંચે આરોપીના ૧૪ દિવસના રિમાન્ડની માગ કરાઈ હતી**



। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ખ્યાતિ હોસ્પિટલના આરોપી કાર્તિક પટેલને કોર્ટમાં રજૂ કરાયો હતો. અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરીને ક્રાઈમ બ્રાંચે આરોપીના ૧૪ દિવસના રિમાન્ડની માગ કરાઈ હતી. જ્યારે કોર્ટ દ્વારા ૧૦ દિવસના એટલે કે ૨૮ જાન્યુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

પોલીસે ૧૨ જેટલા કારણો રજૂ કર્યા હતા, જ્યારે રિમાન્ડ મંજૂર થતાં વિવિધ મુદ્દાઓને લઈને પૂછપરછ કરાશે. આ કેસની તપાસ માટે સરકારે સ્પેશિયલ પબ્લિક પોસિક્યુટર તરીકે વિજય બારોટની નિમણુંક કરી છે. રિમાન્ડ માટેની રજૂઆત હતી કે, હોસ્પિટલના નુકશાન અંગે ખોટા ઓડિટ રિપોર્ટ તૈયાર કર્યા તેની તપાસ, મેડિકલ કેમ્પની પરવાનગી કોણ આપતું તે બાબતની તપાસ, ઓપરેશનની પરવાનગી તાત્કાલિક કઈ રીતે મળતી તે અંગે તપાસ જરૂરી છે. સાથે કાર્તિક પટેલ દ્વારા કોની કોની મદદથી આ કૌભાંડ આચર્યું તેની તપાસ જરૂરી છે. હેલ્થ વિભાગનું કોણ કોણ સંકળાયેલુ હતું તે અંગે તપાસ માટે આરોપીની હાજરી જરૂરી છે, તેવી રજૂઆત કરાઈ હતી. પોલીસના મતે કાર્તિક પટેલ ખ્યાતિ હોસ્પિટલમાં ૫૧% ભાગ ધરાવે છે અને પૈસાના રોકાણ અને આવક અંગે તપાસની જરૂર છે. સાથે જ ડોકટરને કમિશન આપીને ખ્યાતિ હોસ્પિટલમાં લાવવામાં આવતા હતા તે અંગે, ઉપરાંત ગામડાના ગરીબ માણસોને જરૂર ન હોવા છતાં ઓપરેશન કરવામાં આવ્યા હતા તે અંગે તપાસની જરૂર છે. સાથે ગેરકાયદે બીજાના ડેટા ચોરીને PMJAY કાર્ડ કાઢવામાં આવતા હોવાના પણ આરોપ છે. સાથો સાથ૧૬.૬૪ કરોડ રૂપિયા PMJAY યોજના હેઠળ મેળવ્યા છે, તેનું ક્યાં રોકાણ કરવામાં આવ્યું, તે જાણવું જરૂરી છે. હોસ્પિટલની મિનિટ બુક પણ મેળવાની જરૂરી છે. સાથો સાથ આરોપી ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ અને દુબઈમાં ફરીને આવ્યા ત્યાં વાપરવામાં આવેલો મોબાઈલ પણ રિકવર કરવો ખૂબ જરૂરી છે.

DGP વિકાસ સહાયને વરઘોડાથી વાંધો પડ્યો!

## હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં એક દિવસીય ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

**દાહોદ જિલ્લાના વાતાવરણમાં પણ પલટો આવ્યો છે, ૨ દિવસના વિરામ બાદ દાહોદમાં વરસાદ વરસ્યો**

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

ગુજરાત પોલીસ ક્યારેય કોઈ આરોપીનો વરઘોડો કાઢતી નથી, કોઈ ગુનો બને ત્યારે પુરાવા એકત્ર કરવા અને રિકન્સ્ટ્રક્શન કરવા આરોપીને ઘટનાસ્થળે લઈ જવાતો હોય છે, પોલીસ ક્યારેય વરઘોડા શબ્દનો પ્રયોગ કરતી નથી, આ તો મીડિયામાંથી આવેલો શબ્દ છે.' આ શબ્દો છે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના. સુરતમાં એક પત્રકાર પરિષદમાં મીડિયા સંબોધનમાં તેમણે આ વાત કરી હતી. આ સાથે જ ગુજરાત પોલીસમાં શરૂ થયેલી નવી 'વરઘોડા' પ્રથા પર વિવાદ શરૂ થયો છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિ અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં શહેરના આંગણે ઉચ્ચ પોલીસ અધિકારીઓની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી.

પોલીસ કમિશનર કચેરી ખાતે સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદના પોલીસ કમિશનરો નવા રેન્જ આઈ.જી.ઓ. સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે રાજ્યના ગૃહરાજ્યમંત્રી, ડી.જી.પી. તેમજ તમામ વરિષ્ઠ પોલીસ અધિકારીઓને આવકાર્યા હતા. ક્રાઈમ કોન્ફરન્સમાં દરેક પોલીસ કમિશનર તથા આઈજીઓએ પોતાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા માટે ૨૦૨૪ના વર્ષમાં કરેલી કામગીરીને પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરી હતી.



બેઠકમાં ભવિષ્યના રોડ મેપ સાથે પરિણામલક્ષી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ક્રાઈમ કોન્ફરન્સ બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, ગુજરાત પોલીસની કામગીરીમાં ઉત્તરોત્તર સુધારો થાય તે માટે અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. પોલીસની કામગીરી વધુ અસરકાર બને તે માટે રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે. પ્રજા અને પોલીસ વચ્ચે સુમેળભર્યા સંબંધો કેળવાય, નાગરિકોને સલામતી અને સુરક્ષાની પ્રતિતી થાય તે માટે પોલીસ દ્વારા કોમ્યુનિટી આઉટરિચ પ્રોગ્રામ અમલમાં મૂકવામાં આવ્યો છે.

ડીજીપીએ વધુમાં જણાવ્યું હતું કે, "તેરા તુજકો અર્પણ" પહેલ હેઠળ સમગ્ર રાજ્યમાં ૨૦૨૪ના વર્ષમાં ૩૩૦૦ કાર્યક્રમો દ્વારા લોકોને ૧૫૩ કરોડ રૂપિયાની મિલકતો પરત કરવામાં આવી છે. છેલ્લાં એક વર્ષ દરમિયાન સાયબર ફ્રોડમાં પીડિતોએ ગુમાવેલા રૂ.૧૦૮ કરોડ પરત કરવામાં આવ્યા છે. ગંભીર ગુનાઓમાં ડી.વાય. એસ.પી કક્ષાના અધિકારીઓ ક્રાઈમ સ્પોટ પર જઈને તપાસ કરે છે. ગંભીર ગુનાઓમાં ઝડપી ન્યાય મળે તેવા આશયથી સાયન્ટીફીક તપાસ માટે આસિસ્ટન્ટ પોલીસ કમિશનર અને સબ ડિવિઝન પોલીસ ઓફિસરોની કચેરીઓમાં ક્રાઈમ સીન મેનેજરની નિમણુંક કરવામાં આવી હોવાનું પણ પોલીસ વડાએ ઉમેયું હતું.

**હાઈકોર્ટે આપ્યું ગ્રીન સિગ્નલ**

## ટ્રાફિકથી ધમધમતા રોડ પર બનશે ફ્લાયઓવર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં IIMથી પાંજરાપોળ વચ્ચે બનનાર ઓવરબ્રિજનો વિવાદ અંગેની જાહેર હિતની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે ફ્લાય ઓવર બનવાના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો છે. કોર્ટે આ અંગે કારણ આપીને કહ્યું કે, 'તંત્રના નીતિ વિષયક નિર્ણય પર પોતાનો નિર્ણય ન થોપી શકે. આ કેસમાં ફ્લાયઓવરના નિર્માણનો નિર્ણય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેકનિકલ નિષ્ણાતોના રિપોર્ટના આધારે લીધો છે. તેવા કિસ્સામાં ટેકનિકલ અભિપ્રાયને નજરઅંદાજ કરીને કોર્ટ તેને ગેરકાયદે જાહેર કરી શકે નહીં.' આ તારણ સાથે હાઈકોર્ટે ફ્લાયઓવરના નિર્માણના પગલે વૃક્ષો કપાતા ગ્રીન કવર ઘટશે, બ્રિજ બનાવનારી કંપનીનો રેકોર્ડ ખરાબ છે અને આ વિસ્તારમાં ટ્રાફિક ઘટ્યો સહિતની અરજદારની દલીલો રીતસરની ફગાવી દીધી હતી. જેના પગલે AMCને મોટી રાહત મળી છે. હાઈકોર્ટેની ચીફ જસ્ટિસની ખંડપીઠે ૭૦ પાનાંના ચુકાદામાં અરજદારોની દલીલોની છણાવટ કરી નોંધ્યું છે કે, 'AMC પ્રજાના બહોળા હિત માટે ફ્લાયઓવર બનાવી રહી છે, ત્યારે બ્રિજના નિર્માણથી વૃક્ષો કપાશે અને ગ્રીન કવર ઘટશે એવી દલીલ અપ્રસ્તુત છે. કેમ કે, AMC નવા ૩૦ લાખ વૃક્ષો વાવવાની છે. અરજદારે કોર્ટમાં દલીલ કરી હતી કે, પાછલા વર્ષોમાં પાંજરાપોળ અને આઈઆઈએમ વચ્ચેના રોડ પર ટ્રાફિકમાં ઘટાડો થયો છે. તો કોર્ટે નોંધ્યુ કે માત્ર એ દલીલના આધારે પ્રજાની સુખાકારી માટે બની રહેલાં બ્રિજના નિર્માણને અટકાવવાનો આદેશ કોર્ટ કરી શકે નહીં. ત્રીજું કે બ્રિજના નિર્માણનો કોન્ટ્રાક્ટ મેળવનારી કંપની રણજીત કન્સ્ટ્રક્શન છે, જ્યારે અરજદારોના મોટાભાગના આક્ષેપો રણજીત બિલ્ડકોન વિરુદ્ધના છે. તેથી અરજદાર ઉક્ત કોઈ પણ દલીલ ટકી શકે એમ ન હોવાથી અરજી ફગાવવામાં આવે છે. હાઈકોર્ટે ચુકાદાના અંતે નોંધ્યું છે કે, 'આ જાહેરહિતની અરજીના પગલે બ્રિજના નિર્માણમાં અગાઉથી જ વિલંબ થઈ ગયો છે અને જો હજુ વધુ વિલંબ થશે તો જાહેર નાણાંને નુકસાન થશે અને ખરેખર તો એ જાહેરહિતથી વિપરીત હશે માટે અરજી ફગાવવામાં આવે છે. હાઈકોર્ટેમાં બિસ્માર રસ્તા અને અણઘડ રોડ ડિઝાઈન મુદ્દે સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં ટ્રાફિક જંક્શન પર અને આસપાસમાં થતા ટ્રાફિકજામને ઘટાડવા રોડ ડિઝાઈનમાં ફેરફાર જરૂરી હોવાનો કોર્પોરેશનનો સ્વીકાર કર્યો હતો.








## શ્વાનનો આતંક : રાજકોટના રહીશો ભયના ઓથાર હેઠળ જીવવા મજબુર

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૫ ની શરૂઆત થતા જ શ્વાન કરડવાના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાંથી શ્વાનોના ત્રાસની ફરિયાદો ઉઠી રહી છે. કાયદાકીય જોગવાઈઓ મુજબ, શ્વાનને પકડીને ઓપરેશન કર્યા બાદ તેને મૂળ જગ્યાએ છોડી દેવામાં આવે છે, જેના કારણે આ સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી. ઠંડીની ઋતુમાં શ્વાન કરડવાના કિસ્સામાં વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪ માં જ્યાં ૧૨,૦૦૦ કેસ નોંધાયા હતા, ત્યાં ચાલુ વર્ષે જાન્યુઆરી મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં જ ૧,૦૦૦ થી વધુ લોકોને શેરીઓમાં રખડતા શ્વાનોએ બચકા ભર્યા હોવાનું સામે આવ્યું છે. મનપાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઠંડી અને બ્રિડિંગની સીઝનના કારણે શ્વાન વધુ આક્રમક બન્યા છે. રાજકોટ મનપા તંત્ર દ્વારા શ્વાનની વસ્તીને નિયંત્રણમાં રાખવા માટે વ્યંધિકરણના ઓપરેશન અને રખડતા શ્વાનોને હડકવા વિરોધી રસીકરણ પાછળ દર વર્ષે મોટો ખર્ચ કરવામાં આવે છે.


